**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 13, Issue. 237, September 2022

કીકી કરું એ નભતારલીની ને મીટમાં માપું દિગંતરાલને, માયા વીંધીને જળવાદળીની અખંડ દેખું પળમાં ત્રિકાલને.
વ્યકિતત્વનાં બંધન તોડીફોડી વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું, પાંખો પ્રકાશે–તિમિરે ઝબોળી સ્થળે સ્થલે અંતરપ્રેમ છાવરું.
વ્યકિત મટીને બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુન્ધરાની.

– ઉમાશંકર જોશી

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

વિશ્વવિદ્યાલયોનું કાર્ય માત્ર શૈક્ષણિક સુવિધાઓ અને ગુણવત્તા પૂરી પાડવાનું જ નથી હોતું બલકે વૈશ્વિક પ્રવાહોથી યુવા પેઢીને અવગત કરાવવાનું તથા એ પ્રવાહોમાં પોતાનાં કૌશલ્યો દ્વારા પ્રદાન કરીને દેશ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવા પ્રેરવાનું પણ હોય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ આ બાબતને આત્મસાત્ કરતાં પોતાનાં કાર્યો આરંભી દીધાં છે.

જી ૨૦ ની સ્થાપના ૧૯૯૯માં એશિયન નાણાકીય કટોકટી પછી નાણા પ્રધાનો અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો માટે વૈશ્વિક, આર્થિક અને નાણાકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ તરીકે કરવામાં આવી હતી. ૨૦૦૭ની વૈશ્વિક, આર્થિક અને નાણાકીય કટોકટીના પગલે જી ૨૦ ને રાજયના વડા/સરકારના સ્તરે અપગ્રેડ કરવામાં આવ્યું હતું અને ૨૦૦૯માં 'આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટે પ્રીમિયર ફોરમ' તરીકે નિયુકત કરવામાં આવ્યું હતું.

ભારતના જી ૨૦ પ્રેસિડેન્સીની થીમ 'વસુધૈવ કુટુમ્બકમ્' અથવા 'એક પૃથ્વી. એક કુટુંબ. એક ભવિષ્ય' – મહા ઉપનિષદના પ્રાચીન સંસ્કૃત પાઠમાંથી લેવામાં આવ્યું છે. ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી જી ૨૦નું પ્રમુખપદ ધરાવે છે.

આ વર્ષે ભારત 'જી ૨૦'નું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. ૧૯૯૯માં સ્થપાયેલ 'જી ૨૦' આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટે ભેગા મળીને કામ કરવા પ્રતિબદ્ધ ૧૯ દેશો અને યુરોપિયન યુનિયનનું એવું જૂથ છે જે તમામ મુખ્ય આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓ પર વૈશ્વિક આર્કિટેકચર અને શાસનને આકાર આપવામાં તથા તેને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વેપાર, આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ, આરોગ્ય, કૃષિ, ઉર્જા, પર્યાવરણ અને ભ્રષ્ટાચાર વિરોધી બાબતો પર આ જૂથ વિચારવિમર્શ કરી નકકર પગલાં લેવા જયારે પ્રતિબદ્ધ છે ત્યારે નવી પેઢીને તૈયાર કરનાર વિશ્વવિદ્યાલયોએ પણ એ કામમાં પોતાનો સહભાગ આપવાનો જ હોય. આ સહભાગ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ 'જી ૨૦'ના હેતુઓ અને કાર્યપ્રણાલીનો પ્રચાર–પ્રસાર કરીને યુનિવર્સિટી સંલગ્ન તમામને માહિતગાર કર્યા છે તથા આંતરવિભાગ, આંતરકોલેજ અને આંતરવિદ્યાલય વિવિધ સ્પર્ધાઓનાં આયોજન વડે વિદ્યાર્થીઓમાં રહેલી છૂપી પ્રતિભાને બહાર લાવવાનું બીડું ઝડપ્યું છે.

'જી ૨૦' નો મુખ્ય હેતુ દેશોની આર્થિક પરિસ્થિતિઓનું આકલન, વેપારવૃદ્ધિ, માથાદીઠ આવકમાં સ્થિર વધારો તથા આંતરરાષ્ટ્રીય સહયોગને મહત્વ આપવાનો છે. તેથી જ તે દેશોનાં વિવિધ ક્ષેત્રોમાં લાભદાયી યોજનાઓનું ઘડતર અને અમલીકરણ કરી રહયું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થતી આ મૂલ્યવાન કામગીરીમાં આપણે પણ આપણો સહયોગ ફૂલ નહીં તો ફૂલની પાંખડી પેઠે આપવો જ રહ્યો. વિદ્યાર્થી, વિદ્યાર્થી તરીકેની ફરજ નિષ્ઠાથી નિભાવે અને કર્મચારી પોતાની કામગીરી પ્રમાણિકતાથી કરે તે આ સહયોગનું પ્રથમ સોપાન છે. વિદ્યાર્થીમાં રહેલી ઉત્સુકતા, કુતૂહલવૃત્તિ તથા કંઈક કરી બતાવવાનું જુનૂન રાષ્ટ્ર માટે સૌથી મોંઘી મૂડી છે. ભારત પાસે સૌથી વધુ 'યુવાધન' છે અને આ યુવાધન સૌથી વધુ વિશ્વવિદ્યાલયોમાં પોતાને કેળવતું હોય છે. માટે જ અમે આ 'યુવાધન'ને સાચા અને ઉપયુકત માર્ગે વાળવા માટે સતત પ્રયત્નશીલ અને પ્રયોગશીલ છીએ.

એ સાથે જ 'જી ૨૦'ના મુદ્દાઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો, મુલાકાતો અને વ્યાખ્યાનો દ્વારા પણ કૌશલ્યવિકાસ માટેના પ્રયત્નો યુનિવર્સિટી સતત કરી રહી છે. આ કાર્યો વડે કેળવાયેલી યુવા પેઢી રાષ્ટ્ર માટે એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશે એવી મને ખાતરી છે.

**તા. ૧ ઓકટોબર, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### અમૃતરંગ મહોત્સવ–૨૦૨૨

















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના આદેશથી આઝાદી કા અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણીના ભાગ રૂપે રાજ્ય સરકારના યુવા મહોત્સવ 'અમૃતરંગ મહોત્સવ–૨૦૨૨'નું યુનિવર્સિટી કક્ષાએ તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન ૧૯ અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. આ અમૃતરંગ મહોત્સવમાં કુલ ૯૦ કોલેજોના ૯૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ અમૃતરંગ મહોત્સવની શુભ શરૂઆત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, નિયામકશ્રી પોલ ડેવિડ તથા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત

રહેલ શ્રી જયેન્દ્રસિંહ જાધવ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ કુલપતિશ્રી અને શ્રી જયેન્દ્રસિંહ જાધવે પોતાનાં વકતવ્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને જણાવ્યું હતું કે, દરેક સ્પર્ધકો જ કૃતિ લઈને આવ્યા છે તે હાલ યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધામાં સારામાં સારું પ્રદર્શન કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને આવનારી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે અને ઉત્સાહભેર વિદ્યાર્થીઓને જણાવેલ હતું કે, આપણી યુનિવર્સિટી રાજ્ય કક્ષાએ આવશે એવી આશા વ્યકત કરી હતી. યુનિવર્સિટીમાં સૌ પ્રથમ વખત યુવા મહોત્સવ અંતર્ગત કલા, મોડલીગ, રંગોળી, સ્કીટ, લોકગીત, શોર્ટ ફિલ્મ, વકતૃત્વ તથા ઈન્સ્ટોલેશન જેવી નવી સ્પર્ધા યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવી. આ સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ત્યારબાદ સ્પર્ધાને ખુલ્લી મૂકતા પ્રથમ દિવસે ૧. એકાંકી નાટક ૨. વક્તૃત્વ ૩. ઓન ધી સ્પોટ પેઇંટીગ ૪. હળવું કંઠય સંગીત અને શોર્ટ ફિલ્મની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં (૧) એકાંકી નાટકમાં કુલ ૯ કોલેજોના ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં ખુબ સુંદર નાટકોનું મંચન કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે 'અફલાતુન નાટક' (જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), દ્વિતીય ક્રમાંકે 'હુકમ માલીક' (શ્રી પંકજ કાપડીયા સાર્વજનીક પરફોમીંગ આર્ટ્સ કોલેજ, સુરત) અને તૃતીય ક્રમાંકે 'પ્રિય ઝાકળ લિ. આદિત્ય' (બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી)ને વિજેતા જાહેર કરવામાં આવેલ હતી. (૨) વક્તૃત્વમાં કુલ ૨૨ કોલેજા ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એક થી એક વિદ્યાર્થી વકતાઓ દ્વારા પોતાનું વક્તવ્ય વ્યકત કરતા નિર્ણાયકોને મોહિત કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંકે દોડિયા વૃત્તિ આર. (ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, દ્વિતિય વિજેતા ડેરીયા કાજલ આર. (યુસીસી એન્ડ એસપી બીસીબીએ એન્ડ એસડીએચજી કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈ.ટી,ઉધના) જ્યારે તૃતિય ક્રમાંકે જૈન તપન્સી એચ. (એસ.ડી.જૈન ઈર્ન્ટનેશનલ કોલેજ, વેસુ)ને વિજેતા જાહેર કરેલ. (૩) ઓન ધી સ્પોટ પેઈંટીગમાં કુલ ૫૦ કોલેજના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશપ્રેમની ભાવનાને વ્યકત કરતા સુંદર ચિત્રો બનાવવામાં આવ્યાં હતાં જેમાં પ્રથમ ક્રમાંકે કાથુડ કૃષ્ણભાઈ આર. (સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ), દ્વિતિય ક્રમાંકે પ્રજાપતિ શિવાંગી પી. (એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત) તથા તૃતીય ક્રમાંકે ચૌધરી ભાગર્વ આર. (ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, વાંકલ)ને વિજેતા જાહેર કરેલ. (૪) હળવું કંઠય સંગીતમાં કુલ ૩૨ કોલેજના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે ઉપાધ્યાય પ્રિયંક આર. (સી.એન.કોઠારી હોમીયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા), દ્વિતીય ક્રમાંકે કિષ્ના ધર્મેશભાઈ (શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી) તથા તૃતીય ક્રમાંકે સિંગ શિલ્પાકુમારી ચિત્રંજન (એસ.ડી. જૈન ઈર્ન્ટનેશનલ કોલેજ, વેસુ)ને વિજેતા જાહેર કરેલ. (૫) શોર્ટ ફિલ્મમાં કુલ ૪ કોલેજોના ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સૌ પ્રથમ શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ત્રણથી પાંચ મીનીટની ટૂંકી ફિલ્મ બનાવી સમાજને ખૂબ સુંદર સંદેશો આપવાનો પ્રયત્ન કરેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે 'સાવધાન' (બી.આર.એસ.કોલેજ,માંગલોર) દ્વિતિય ક્રમાંકે 'મોબાઈલ' (બેચલર ઓફ ઈન્ટીરીયલ ડિઝાઈન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) તેમજ તૃતીય ક્રમાંકે 'રેડ પિસ ઓફ આર્ટ' (વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કોમર્સ કોલેજ, અમરોલી) વિજેતા જાહેર કરેલ.

બીજા દિવસે (૧) રાસ ગરબા (૨) જૂથ ચર્ચા (૩) કોલાજ (૪) શાસ્ત્રીય ગાયન (૫) લોકનૃત્ય અને લોકગીતની સ્પર્ધા યોજવામાં આવેલ હતી. રાસ ગરબામાં કુલ ૭ કોલેજોના ૧૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કોમર્સ કોલેજ, અમરોલી, દ્વિતિય ક્રમાંકે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તથા તૃતીય ક્રમાંકે વિશ્વ ભારતી ગર્લ્સ ઈન્સ્ટીટયૂટ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એપ્લીકેશન, મોરથાણ વિજેતા જાહેર કરેલ (૨) જૂથ ચર્ચામાં કુલ ૧૬ કોલેજોના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે શેખ મો. તુફેલ નાસીર, પંડયા સોનલ ડી. (જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), દ્વિતિય ક્રમાંકે અગ્રવાલ અભિનવ, રાજપુત રિષભ (અગ્રવાલ વિદ્યા વિહાર કોલેજ, સુરત), તૃતીય ક્રમાંકે પટેલ નિધી કે, ટંડેલ ઈશા એચ. (વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા)ને વિજેતા જાહેર કરેલ. (૩) કોલાજમાં કુલ ૨૨ કોલેજોના ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. યુનિવર્સિટી દ્વારા કોલેજ સ્પર્ધા સૌ પ્રથમ વખત યોજવામાં આવેલ છતાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ કૃતિઓ મન મોહી લે તેવી આકર્ષક કૃતિઓ તૈયાર કરી હતી. જેમાં પ્રથમ ક્રમાંકે સ્વાતિ જલારામભાઈ હળપતિ (શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, નવસારી), દ્વિતિય ક્રમાંકે પ્રાચી બેગડવાલા (શ્રી મહાવીર વિદ્યા મંદિર ટ્રસ્ટ, બી.એડ.કોલેજ, સુરત), તૃતીય ક્રમાંકે પટેલ હરજુલબેન એન. (જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી)ને વિજેતા જાહેર કરેલ. (૪) શાસ્ત્રીય ગાયનમાં કુલ ૯ કોલેજોના ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ સરવૈયા આસ્થા જી. (સી. ડી.પચ્ચીગર હોમિયોપેથી કોલેજ, સુરત) દ્વિતિય ક્રમાંકે ઉપાધ્યાય પ્રિયંકા આર. (સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા), તૃતીય ક્રમાંકે શાહ મહેક એચ. (ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોમર્સ કોલેજ, સુરત)ને વિજેતા જાહેર કરેલ. (૫) લોક

નૃત્યમાં કુલ ૧૪ કોલેજના ૨૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, દ્વિતિય ક્રમાંકે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, તૃતીય ક્રમાંકે ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા કોલેજને વિજેતા જાહેર કરેલ. (૬) લોકગીતમાં કુલ ૨૮ કોલેજના ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે ચૌહાણ કલ્પેશ એમ. (આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ અમરોલી), દ્વિતિય ક્રમાંકે ગણગાની હેમાંક્ષી વી. (વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા), તૃતિય ક્રમાંકે વસાવા વૈશાલીબેન સી. (નૃતન ગ્રામ વિદ્યાપીઠ, થવા) ને વિજેતા જાહેર કરેલ.

ત્રીજા દિવસે (૧) સ્કીટ (૨) કાવ્ય પઠન (૩) કલે મોડલીગ (૪) સમૂહ ગીતની સ્પર્ધા યોજવામાં આવેલ હતી. સ્કીટમાં કુલ ૪ કોલેજના ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કોમર્સ કોલેજ, અમરોલી, દ્વિતીય ક્રમાંકે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા તથા તૃતીય ક્રમાંકે ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીંબાયતને વિજેતા જાહેર કરેલ. (૨) કાવ્ય પઠનમાં કુલ ૩૭ કોલેજોના ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે પટેલ કિશન બી. (એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત), દ્વિતિય ક્રમાંકે જૈન આસ્થા જી. (યુસીસીસી એન્ડ એસપી બીસીબીએ એન્ડ એસડીએચજી કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈ.ટી. ઉધના), તૃતીય ક્રમાંકે શેખ ઈમારેઝબાનું (ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)ને વિજેતા જાહેર કરેલ. (૩) કલે મોડલીગમાં કુલ ૨૨ કોલેજોના ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે યાદવ સંદિપ આર. (ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), દ્વિતિય ક્રમાંકે ટંડેલ સેજલ ડી. (બી.પી.બારીયા સાયન્સ ઇન્સ્ટીટયૂટ, નવસારી), તૃતીય ક્રમાંકે પટેલ રૂજુલ એન. (જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી) વિજેતા જાહેર કરેલ. (૪) સમૂહ ગીતમાં કુલ ૧૬ કોલેજોના ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કોલેજ, વેસુ, દ્વિતીય ક્રમાંકે શ્રી પંકજ કાપડિયા સાર્વજનિક કોલેજ ઓફ પરફોમિંગ આર્ટ્સ, સુરત, તૃતીય ક્રમાંકે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીને વિજેતા જાહેર કરેલ.

અંતિમ દિવસે (૧) માઈમ (૨) રંગોળી (૩) શાસ્ત્રીય નૃત્ય અને ઈન્સ્ટોલેશનની સ્પર્ધા યોજવામાં આવેલ છે. (૧) માઈમમાં કુલ ૬ કોલેજોના ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કોલેજ, પાંડેસરા, દ્વિતીય ક્રમાંકે વી.બી.શાહ ઇન્ટી. ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કોમર્સ કોલેજ, અમરોલી તથા તૃતીય ક્રમાંકે વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાને વિજેતા જાહેર કરેલ (૨) રંગોળીમાં કુલ ૩૫ કોલેજોના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે મહોતો અશું એલ. (આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી (અંગ્રેજી વિભાગ), દ્વિતીય ક્રમાંકે વંકેર સોનલ બી. (નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારી), તૃતીય ક્રમાંકે સિંઘ ઓમ પ્રકાશ (એમ.ટી.બી.આર્ટ્સ કોલેજ, સુરત)ને વિજેતા જાહેર કરેલ. (૩) શાસ્ત્રીય નૃત્યમાં કુલ ૧૧ કોલેજોના ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમાંકે દેવાંશી ચોકસી (સાસ્કમા ઇંગ્લિશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), દ્વિતિય ક્રમાંકે રજક મિતાલી (સાસ્કમાં ઇંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય ક્રમાંકે પટેલ અદિતી (શ્રી જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત)ને વિજેતા જાહેર કરેલ.

આમ આઝાદીમાં અમૃત મહોત્સવ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના આદેશથી આઝાદી કા અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણીના ભાગ રૂપે રાજય સરકારના યુવા મહોત્સવ 'અમૃતરંગ મહોત્સવ-૨૦૨૨'નું યુનિવર્સિટી કક્ષાએ આજે સફળતા પૂર્વક પૂર્ણ થનાર છે.

## મૂર્ધન્ય વિદ્વાન, મહામાનવ, સુરતના સપુત બાપાલાલ વૈદ્ય ની ૧૨૫મી જન્મ જયંતી

તા. ૧૭ સપ્ટેમ્બર એ ગુજરાત માટે શુકનવંતી પુરવાર થઈ છે. લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને પુણ્યશ્લોક શ્રી બાપાલાલ વૈદ્યનો એમ જ જન્મ દિવસ સુરત શહેરના ભૂતપૂર્વ મેયર, વિધાનસભ્ય અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કનુભાઈ માવાણીના વડપણ હેઠળ બાયોસાયન્સ વિભાગના બાપાલાલ વૈદ્ય બોટનિકલ રિસર્ચ સેન્ટર દ્વારા શ્રી બાપાલાલ વૈદ્ય ચેર હેઠળ એક દિવસીય જ્ઞાન ગોષ્ઠિ યોજાઈ ગઈ. ડૉ. માવાણી જેઓ નાઝર આયુર્વેદ કોલેજના પ્રિન્સીપાલ રહી ચૂકયા છે અને આયુર્વેદિક હોસ્પિટલના ૧૩ વર્ષ સુધી સુપ્રિટેન્ડન્ટ રહ્યા છે, તેમણે યુનિવર્સિટીના આ કાર્યને બિરદાવતાં કહ્યું કે, શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરની સ્થાપના દ્વારા એક નવી કેડી કંડરાઈ છે. તેમને જણાવ્યું કે, આવતીકાલ, વનસ્પતિક ઔષધો અને કુદરતી ઉપચારની છે. બાપાજી આપણા સમાજનું મૌઘેરું નઝરાણું છે. એમનાં જીવનકાર્યને આગળ ધપાવવા યુનિવર્સિટીએ કરેલી પહેલ વખાણવા લાયક છે. વનૌષધિ પર કરાતા તમારાં સંશોધનો વિશ્વમાં પહોંચશે ત્યારે સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ તમારી તરફ આકર્ષાશે. સુરત કે ગુજરાત જ નહીં પણ સમગ્ર દેશમાં આયુર્વેદ મહર્ષિ અને વનૌષધિ નિષ્ણાત તરીકે નામના મેળવનારા બાપાલાલજી અને એમની નિકટના બાપાજી તરીકે સંબોધાતા બાપાજીના પટ્ટશિષ્ય ડૉ. મિનુ પરબીયા જેઓએ બાપાજીની પુણ્યસ્મૃતિમાં, યુનિવર્સિટી ખાતે સન ૧૯૯૪માં શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરના

નામે સંશોધન કેન્દ્રની સ્થાપના કરી હતી, તેમણે બાપાજીના જીવન કાર્યનો પરિચય આપતાં કહ્યું કે, બાપાજીનો જન્મ સન ૧૮૯૬માં સણસોલી મુકામે થયેલો (દેહ ત્યાગ ઈ.સ. ૧૯૮૩). મુંબઈની મેડીકલ કોલેજમાં પ્રવેશ લીધેલો પણ, વિધિનું વિધાન હશે તે ફ્લુની મહામારીમાં અભ્યાસ છોડી ફરી સાવલીના ઘરે આવી રહ્યા. પુરાણી ભાઈઓ પાસે શરીર સૌષ્ઠવ અને શ્રી અમૃતલાલ પટ્ટણી પાસે વૈદકની શિક્ષા મેળવી. સ્વામીજી આત્માનંદ સરસ્વતીના આમંત્રણને માન આપી હંસોટથી સુરત આવી વસ્યા. અસંખ્ય વિદ્યાર્થીઓને તાલિમ, ૪૫ પુસ્તકો (નિઘંટુ આદર્શ ભાગ–૧ અને ૨ અને ચરકનો સ્વાધ્યાય એમના અતિ પ્રસિદ્ધ પુસ્તકો), બે કોલમના લેખક ઉપરાંત ભિષગ ભારતી સામાયિક, સુરતની ઓ.એચ. નાઝર આયુર્વેદ કોલેજ, સ્વામી આત્માનંદ સરસ્વતી હોસ્પિટલ, તાપી બ્રહ્મચર્યાશ્રમ તથા સ્વામી આત્માનંદ સરસ્વતી ફાર્મસીના સ્થાપક, ભારત દેશની કેન્દ્રીય સમિતિનું વડપણ શોભાવનાર, શ્રી બાપાલાલ વૈદ્ય થી સુરત રળિયાત હતું. કાર્યક્રમમાં ડૉ. યજ્ઞેશ વ્યાસ, સ્વામી આત્માનંદ સરસ્વતી ફાર્મસીના નિયામક અને પ્રસિદ્ધ આંખના ડૉકટર પી.પી. મિસ્ત્રી, વડોદરાથી ડૉ. અમરીશ પંડયા, ડૉ. મૃણાલિની ભટ્ટ, ડૉ. મદનમોહન પધાર્યા હતા અને પ્રસંગોચિત આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમમાં નાઝર આયુર્વેદ કોલેજ ૩૨ વર્ષના અનુભવી પ્રોફેસર અને દ્રવ્યગુણના નિષ્ણાત ડૉ. યજ્ઞેશ વ્યાસે એમના મનનીય પ્રવચનમાં ભારતના પ્રસિદ્ધ તહેવારો અને તેની સાથે સંકળાયેલી વનસ્પતિઓ વિશે વિદ્વતાપૂર્ણવાતો કરી હતી. વિદ્યાર્થીઓ તરફથી આ વિષય અંગે પુસ્તકની માંગ ઊઠી છે. યજ્ઞેશભાઈ સાંભળો છો ને ! ડૉ. યજ્ઞેસ વ્યાસ દ્વારા હિંદુ પંચાગ વડે વનસ્પતિને અપાયેલ મહાત્મ્ય વિષે જાણકારી આપવામાં આવી હતી. સંસ્કૃતિ સાથે જોડાયેલ તુલસી, વડ, કોળું, ઘરું આવી કેટલીય વનસ્પતિને રોજીંદા જીવનમાં પંચાગ વડે સાંકળવામાં આવી છે. ડૉ. મિસ્ત્રીએ આંખોમાં થતાં ઝામરના ઔષધીય ઉપચાર માટે હાથ ધરેલાં સંશોધન પ્રકલ્પથી વિદિત કર્યા હતા. આ સંશોધન કેન્દ્ર પ્રજા પાસેથી દાન મેળવી ઊભું કરાયું છે અને હજી પણ તે દાન ઉપર નિર્ભર છે. તાજેતરમાં જ સ્વ. બાપાલાલજીનાં પુત્રવધુ સુધાબેન અને એમના પૌત્ર ડૉ. આનંદ વૈદ્ય દ્વારા રૂપિયા ત્રીસ લાખનું માતબર દાન મળ્યું છે. ઉપરાંત સ્વર્ગસ્થ ડોલી–પેસી કોન્ટ્રાકટર બહેન–ભાઈ તરફથી, પદ્મશ્રી યેઝદી કરંજીયા, દારા મિસ્ત્રી અને મીનું પરબીયાના હસ્તકે રૂપિયા વીસ લાખનું દાન મળ્યું છે. ઉપરાંત ડૉ. મીનુ પરબીયાના નિવૃતિ પ્રસંગે એમને શહેર તરફથી એનાયત થયેલી રૂ. ૧૬ લાખથી વધુની થેલી એમને આજ વિભાગમાં ભેટ આપી છે. શ્રી હરીઓમ મોટા આશ્રમ, શ્રી બિલખીયા, અસ્પી ફાઉન્ડેશન, આસફા ફાર્મસી, ઝંડુ ફાર્મસી વગેર તરફથી પણ પ્રસંગોપાત આ સદકાર્યમાં મદદ મળતી રહી છે. બાપાજીએ સ્થાપેલા અખીલ ભારતીય વનૌષધિ અભ્યાસ મંડળ હાલ ડૉ. પરબીયાના પ્રમુખપણા હેઠળ કાર્યરત છે. શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરમાં થતા સંશોધનકાર્યની વિગત ડૉ. ફર્ઝીન પરબીયાએ આપી હતી. ડૉ. કૈલાશ બેન પટેલે આભારવિધિ વ્યકત કરી હતી. મંડળ તરફથી પ્રકાશિત થતાં મુખપત્ર વનાયું નો એક ખાસ વિશેષાંક શ્રી બાપાજીને સમર્પિત કરાયો છે. આ અંકનું વિમોચન આ કાર્યક્રમ દરમ્યાન કરાયું હતું. આ અંકના શિલ્પીઓ ડૉ. મદનમોહન પટેલ અને ડૉ. અમરીશ પંડયાનું અભિવાદન કરાયું હતું.









## "Modi@20" Dream Meet Delivery

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૦–૯–૨૦૨૨નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે 'MODI@20' Dream Meet Delivery પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન સેમિનાર હોલ, બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન અને મુખ્ય વકતા તરીકે ભારત સરકારના પૂર્વ શિક્ષણમંત્રીશ્રી અને રાજ્યસભાના સાંસદશ્રી માનનીય

પ્રકાશ જાવડેકર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ યુનિવર્સિટીના ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ લાપસીવાળા, શ્રી કિરણભાઈ ઘોઘારી, એનએસએસ વિભાગના કો–ઓડિનેટર શ્રી પ્રકાશચંદ્ર, પ્રવાસ કો–ઓડિનેટરશ્રી મનીષ કાપડિયા, વિભાગના વડાશ્રીઓ અને પ્રધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી પ્રકાશ જાવડેકરનું સ્વાગત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને એનએસએસ વિભાગના શ્રી પ્રકાશચંદ્ર દ્વારા મોમેન્ટો, ખેસ અને પુસ્તક આપી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી જાવડેકરે જણાવ્યું હતું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦ વર્ષના કાર્યકારમાં એમણે કરેલા રાષ્ટ્રહિતનાં કાર્યો અને એમનું સંઘર્ષકાલીન જીવનની અનેક પ્રેરક બોધકથાઓ કે જે વિદ્યાર્થીના જીવન માટે ખુબ જ ઉપયોગી છે એવા અનેક જીવનપ્રસંગ વિદ્યાર્થીઓ સમક્ષ મૂકયા હતા સાથે જ સામાન્ય પરિવારમાંથી આવતા સાધારણ બાળક આજે દેશ અને વિશ્વનું નેતૃત્વ કરે છે એમનો પરિશ્રમ અને સંઘર્ષ વિદ્યાર્થીઓને સાહસ ઉર્જા અને પ્રેરણાથી ભરી દે તે પ્રકારે પ્રસ્તુત કરી. આવનારા સમયમાં નવી શિક્ષાનીતિ દ્વારા ભારતની આવનારી પેઢીને આત્માશ્રદ્ધા અને ગૌરવ પ્રાપ્ત થાય તે પ્રકારનું શિક્ષણ કે જે પ્રત્યેક વ્યકિત કોઈપણ પ્રકારનું શિક્ષણ પોતાની માતૃભાષામાં કરી શકે આ પ્રકારનો નિર્ણય ભારતની ભાષાઓને અપન બળ આપે છે સાથે ભારતનું ગૌરવ પુનઃપ્રતિષ્ઠિત થાય તે નવી શિક્ષણની દ્વારા જોવા મળશે. આ પ્રકારે અનેકો પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતી.
















## Climate Change Youth Outreach Program

ગુજરાત સરકારના કલાઈમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા પંચામૃત–યુવા જાગૃતિ પખવાડિયાના ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે Startup Penel Discussion અંતર્ગત Waste Management વિષય પર એક કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે કરવામાં આવ્યું હતું.











આ પેનલમાં વૈવિધ્યતા ધરાવતા બારડોલીના માનનીયશ્રી સ્મિતા લોઢા (Assistant Collector and SDM Bardoli), ગવર્મેન્ટ ઓફ ગુજરાત તરફથી ટેકનીકલ એડવાઈઝર શ્રી શ્વેતલ શાહ, શ્રી સાગર બગમાર (DCP Surat), શ્રી અતિકભાઈ દેસાઈ (Vice-President, CAO., L&T), ડૉ. વિપુલ સોમાની (Head of Rural Studies Department, VNSGU), ડૉ. ગૌરવ શાહ (Assistant Professor & Co-ordinate) હાજર રહ્યાં હતાં. તેમજ શ્રી કમલેશભાઈ યાજ્ઞિક (ચેરમેન, સાર્વજનિક યુનિવર્સિટી) તથા શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક (Incubation Manager, VNSGU) પેનલમાં મોડરેટર તરીકે ભૂમિકા ભજવી હતી, આ પેનલ ડિસ્કશનમાં ટેકસટાઈલ, ડાયમંડ, કન્ટ્રકશન, સુરત મહાનગર પાલિકા, હજીરા ઈન્ડસ્ટ્રીયલ, ઔધોગિક એકમો તેમજ સુરત પોલીસ તરફથી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ઉધોગ વ્યવસાયિકો અને કોલેજના યુવાનો હાજર રહ્યા હતા.

આ પેનલ ડિસ્કશનમાં ઈ–વેસ્ટને કેવી રીતે ઓછો કરી શકાય તેમજ ઇલેકટ્રોનિક ઉપકરણોનો વપરાશ જવાબદારી પૂર્વક કેવી રીતે કરી શકાય. આ સાથે જ ફૂડ વેસ્ટ એગ્રીકલ્ચર વેસ્ટ અને સેનેટરી વેસ્ટનો વપરાશ સાવચેતી પૂર્વક કરી પર્યાવરણની જાળવણી કરવા માટે કયા પ્રયત્ન કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં સરકારના વિવિધ પહેલ/પ્રયાસો જેવી કે ગ્રીન ઓડિટ, ઉપકરણોનું ફરી ઉપયોગી પોલિસી, ઈ–વેહીકલની સબસિડી માટેની ચર્ચા કરવામાં આવી હતી.

પેનલ ડિસ્કશનમાં શ્રી સ્મિત લોઢા (Assistant Collector and SDM Bardoli), દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આપણું ઉર્જા ઉત્પાદન, ઉત્પાદનનો વપરાશ અને બેજવાબદાર કચરાનું સંચાલન હવામાં કાર્બન–આધારિત કણો ઉમેરીને આબોહવા પરિવર્તનમાં સીધો ફાળો આપે છે, જે પેટ્રોલિયમ ઉત્પાદનોને બાળવા દરમ્યાન ઉત્પન્ન થાય છે. જેનું પરિણામ છે ગરમ હવા. જે વિનાશક ગ્રીનહાઉસ અસર બનાવે છે. કચરો ઘટાડવાથી માત્ર પર્યાવરણનું જ રક્ષણ નહી થશે પરંતુ ખર્ચમાં પણ બચત થશે અથવા નિકાલ માટેના ખર્ચમાં ઘટાડો થશે. એ જ રીતે, ઉત્પાદિત કચરાને રિસાયકિલંગ અથવા પુનઃઉપયોગ કરવાથી સંસાધનો કાઢવાની જરૂરિયાત ઘટાડીને પર્યાવરણને ફાયદો થાય છે અને તેના દૂષિત થવાની સંભાવના ઓછી થાય છે.

શ્રી શ્વેતલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું હતું કે, કલાઈમેન્ટ ચેન્જ એકશન પ્લાનમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાની મુખ્ય વ્યુહરચના તરીકે સ્ત્રોતમાં ઘટાડો અને રિસાયકિલંગનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, યોજનાની ૫૫ વ્યુહરચનાઓમાંથી આપના મ્યુનિસિપલ ઘન કચરાના ૪૦ % રિસાયકિલંગ એ અંદાજિત ગ્રીનહાઉસ ગેસ ઘટાડાના જથ્થાના સંદર્ભમાં ટોચની દસ ક્રિયાઓમાં આવે છે. સ્રોત ઘટાડા/રિસાયકિલંગના ધ્યેયને ૫૮% સુધી સુધર્વથી ગ્રીનહાઉસ ગેસમાં પણ વધુ ઘટાડો થશે.

શ્રી સાગર બગમાર (DCP Surat) દ્વારા માર્ગદર્શન આપ્યું કે, વેસ્ટ મેનેજમેન્ટનાં ત્રણ પાસાં, એટલે કે, રિડયુસ, રિયુઝ અને રિસાયકલ, શકય એટલી દરેક જગ્યાએ અનુસરવા જોઈએ. વેસ્ટ મેનેજમેન્ટની આ પદ્ધતિઓ મોટે ભાગે પર્યાવરણને અનુકૂળ હોય છે અને લેન્ડફિલ અને ભસ્મીકરણ જેવા વેસ્ટ મેનેજમેન્ટ પગલાંનો આશરો લેવાનું ટાળવામાં મદદ કરે છે. જે માનવો તેમજ પર્યાવરણ માટે હાનિકારક છે. રિસાયકિંલગના અસંખ્ય

ફાયદા છે. રિસાયકિંલગ સંસાધનોને પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરે છે જેનો ઉપયોગ અલગ રીતે કરવા માટે કરી શકાય છે. સામાન્ય કચરાને ટેકનીકલ એડવાઇઝર શ્રી શ્વેતલ શાહ જણાવ્યું હતું, રિસાયકિલંગ કરીને નવી પ્રોડકટ્સ બનાવી શકાય છે. લાકડું, કાચ, પ્લાસિટક, ઈલેકટ્રોનિક ઉપકરણો, કપડાં અને ચામડાંની વસ્તુઓ જેવા ઘન કચરાનું રિસાયકલ કરી શકાય છે. જે કચરો કાર્બનિક હોય છે તેને પુનઃઉપયોગ કરી શકાય છે અને તેનો ઘણી વખત વિઘટનની પદ્ધતિ દ્વારા ખેતી માટે ખાતર અથવા ખાદ્ય ચીજવસ્તુઓ, છોડનાં ઉત્પાદનો (જેમ કે ગાયનું છાણ) અને શબ, કાગળનાં ઉત્પાદનો ખાતર બનાવવા માટે સૌથી વધુ પુનઃઉપયોગી છે.

શ્રી અતિકભાઈ દેસાઈ (Vice-President, CAO., L&T) એ જણાવ્યું કે, કેટલીક નકામી વસ્તુઓ જેમાં પ્લાસ્ટિક હોય છે જેમ કે પોલીથીન બેગલ બોટલ, પાઈપ વગેરે સહેલાઈથી વિઘટીત થતી નથી અને તે ઘણાં વર્ષો સુધી લેન્ડફિલ તરીકે ભેગી થઈ શકે છે, કેટલીક વાર પોલીથીન બેગ, બોટલ, પાઈપ સમુદ્રમાં ભેગી થાય છે અને અકસ્માતે દરિયાય પ્રાણીઓ ગૂંગળાઈને મરી જાય છે. દરેક માટે હાનિકારક એવાં ઉત્પાદનોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. દરેક માટે હાનિકારક એવાં ઉત્પાદનોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા માટે વૈકલ્પિક વિકલ્પો વિકસાવવામાં આવ્યા છે જેમ કે પોલિથીન બેગને બદલે જ્યૂટ બેગ, પેપર સ્ટ્રો અને પ્લાસ્ટિકની બનેલી બેગની જગ્યાએ ઉપયોગમાં કરવામાં આવે તો પર્યાવરણને ફાયદો થાય છે.

ડૉ. વિપુલ સોમાની (Head of Department Rural Studies, VNSGU) પર્યાવરણને બચાવવા જણાવ્યું કે (૧) સફરમાં પાણી માટે ફરીથી વાપરી શકાય તેવી બોટલ/કપનો ઉપયોગ કરવો (૨) ફરીથી વાપરી શકાય તેવી કરિયાણાની બેગનો ઉપયોગ કરો, અને માત્ર કરિયાણા માટે જ નહી પરંતુ જે પણ સામગ્રી લેવા જવો છો તે માટે કાપડની બેગનો ઉપયોગ કરો (૪) સમજદારીપૂર્વક ખરીદી અને રિસાયકિલંગ કરો (૫) કચરાનો ખાતર બનાવવામાં વધુ ને વધુ ઉપયોગ કરો (૬) એક વાર ઉપયોગી ખાધપદાર્થોનાં કન્ટેનર અને વાસણો ટાળવાનું રાખો (૭) સેકન્ડ હેન્ડ વસ્તુઓ ખરીદો અને વપરાયેલી વસ્તુઓનું દાન કરો

ડૉ. ગૌરવ શાહ (Assistant Professor & Co-ordinate) એ જણાવ્યું કે બાયો ફયુલ વપરાશના ફાયદા તેમજ નુકશાન જૈવિક ગેસનો વપરાશ ટ્રાન્સપોટેશન માટે સાયકલનો વપરાશ સેનેટરી નેપકિનના નિષ્કર્ષના મશીન વિશે ચર્ચા કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશ જોષી તેમજ જાનકી મિસ્ત્રીએ કર્યુ હતું. આ સાથે જ પ્રોગ્રામના કો–ઓડિનેટર શ્રી અસ્વીનભાઈ પટેલ આભારવિધિ સાથે સમગ્ર કાર્યક્રમની સમાપન કર્યુ હતું.

## મોદી @ ૨૦ પુસ્તક સંવાદ










તા. ૧૭ ઓકટોબર, ૨૦૨૨ના રોજ કેન્દ્રીય વિદેશમંત્રીશ્રી ડૉ. એસ. જયશંકરે સુરત ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં આયોજિત મોદી @ 20' પુસ્તક અનેગ્રોઈગ ઈન્ડિયા, ગ્લોરીફાયિંગ વર્લ્ડ : મોદી યુગમાં વિદેશ નીતિ' 'વૈશ્વિક પરિપેક્ષ્યમાં ભારતની ભૂમિકા' વિષય પર યુવાનો સાથે સંવાદ કરી પ્રેરક વિચારો રજૂ કરતાં જણાવ્યું કે, 'વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં રૂપમાં દેશને વિરાટ વ્યકિતત્વ મળ્યું છે. વિશ્વનાં

માનસપટલમાં ભારત તરફ જોવાની નજર મોદીજીના પ્રયાસોથી ધરમૂળથી બદલાઈ છે. ભારત મુશકેલીના સમયે અફઘાનિસ્તાન જેવા દેશોની પણ વ્હારે આવ્યું હતું. ભારતે સંકટના સમયે પાડોશી દેશોને મદદ કરીને પાડોશી ધર્મને સાર્થક કર્યો છે. વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ભારતની વિદેશ નીતિને નાગરીક કેન્દ્રી, વિકાસ કેન્દ્રી અને સંરક્ષા કેન્દ્રી બનાવી છે. ભારતે સંકટના સમયે પાડોશી દેશોને મદદ કરીને પાડોશી ધર્મને સાર્થક કર્યો છે. પ્રેક્ષક નહી પણ ખેલાડી બની સક્રિય રાજનીતિ થકી દેશસેવા કરવાની પ્રેરણા મને શ્રી નરેન્દ્ર મોદીએ આપી હતી.

કેન્દ્રીય વિદેશમંત્રીશ્રી ડૉ. એસ.જયશંકરે સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા આયોજિત 'વૈશ્વિક પરિપેક્ષ્યમાં ભારતની ભૂમિકા' વિષય પર યુવાનો સાથે સંવાદ કરતા 'MODI @ 20' પુસ્તકમાં નરેન્દ્ર મોદીની ૨૦ વર્ષની યાત્રાને શબ્દદેહ આપવાનો યથાર્થ પ્રયાસ કરાયો છે, જે અન્ય માટે પ્રેરણાદાયી સાબિત થશે એવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રમાં ૨૧ જેટલા મહાનુભાવો દ્વારા લેખ લખવામાં આવ્યા છે. જેમણે 'રાઈટ વિઝન, રાઈટ એકશનથી રાષ્ટ્રનો તેજ વિકાસ થઈ શકે છે એનું તાદશ્ય શબ્દ ચિત્રણ કર્યું છે. દરેક વ્યક્તિએ ખાસ કરીને ભારતના યુવા વર્ગે આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ.

શ્રી નરેન્દ્ર મોદીની સામાન્ય કાર્યકર્તા અને મુખ્યમંત્રીશ્રીથી લઈને વડાપ્રધાન સુધીની યાત્રાને બિરદાવતાં તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદીની કુનેહ અને દીર્ઘદષ્ટિના પરિણામે આજે ભારતની ખ્યાતિ વિશ્વફલક પર અંકિત થઈ છે. આ સંદર્ભે શ્રી જયશંકરે ઉદાહરણ આપતાં કહ્યું કે, જ્યારે ભારતમાં કોરોના સામે બે બિલિયન વેકિસનેશન, ૮૦ કરોડ લોકોને ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાશન અપૂર્તિ અંગે હું વિદેશમાં વાત કરું છું ત્યારે વિદેશીઓ આશ્ચર્ય પામે છે.

તેમણે યુક્રેન–રશિયાનાં યુદ્ધ દરમ્યાન ભારતીયોને યુક્રેનમાંથી સહી સલામત પરત લાવવાની વડાપ્રધાનશ્રી મોદીની મુત્સદીગીરીનો ઉલ્લેખ કરતાં ઉમેર્યુ હતું કે, રશિયા–યુક્રેન યુદ્ધ શરૂ થયું એ સમયે યુક્રેનમાં વીસ હજાર વિદ્યાર્થીઓ ફસાયા હતા. કેન્દ્ર સરકારના પાંચ મંત્રીઓને યુક્રેન અને આસપાસના દેશોમાં મોકલવામાં આવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના ઝેલેન્સ્કી સાથે ફોન પર વાત કરી ખાતરી મેળવી કે જ્યારે ભારતીય વિદ્યાર્થીઓને રેસ્કયુ કરાઈ રહ્યાં હોય ત્યારે ફાયરિંગ અને હવાઈ હુમલા નહી થાય મોદીજીના આ ડાયરેકટ કોમ્યુનિકેશનના કારણે બન્ને દેશો સંમત થયા અને વંદે ભારત મિશન હેઠળ ૯૦ ફલાઈટમાં જાનહાનિ વિના તમામ વિદ્યાર્થીઓને ભારત લાવવામાં સફળતા મેળવી. વિદેશમાં ફસાયેલા નાગરીકોને 'મદદ' પોર્ટલથી ઉગારવાના કારણે વિદેશ જતા દરેક ભારતીય હવે કોઈ પણ વિકટ સંજોગોમાં સુરક્ષાની લાગણી અનુભવે છે.

પ્રેક્ષક નહી, પણ ખેલાડી બની સક્રિય રાજનીતિ થકી દેશસેવા કરવાની પ્રેરણા મને શ્રી નરેન્દ્ર મોદીએ આપી હતી એમ જણાવી શ્રી જયશંકરે ગર્વપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની વિદેશ નીતિને નાગરિકકેન્દ્રી, વિકાસ કેન્દ્રી અને સુરક્ષા કેન્દ્રી બનાવી છે. યમન અને યુક્રેન ક્રાઈસીસ દરમિયાન તબક્કાવાર કુલ લાખો ભારતીયોને પરત લાવવામાં આવ્યા હતા. અનેક મુસીબતો, સંકટો, કુદરતી–માનવસર્જિત આફતોની સામે પણ નરેન્દ્રભાઈની અડગ ઈચ્છાશકિતનાં કારણે ભારત વિશ્વગુરૂ બનવા તરફ ઝડપભેર આગળ વધી રહયું હોવાનું આ ઉદાહરણ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

સતત વિકાસ સાધી દુનિયાનાં સૌથી મોટાં અર્થતંત્ર ધરાવતા દેશોમાં સ્થાન મેળવવું એ વડાપ્રધાનનું સર્વોચ્ચ ધ્યેય હોવાનું મંત્રીશ્રીએ જણાવી ઉમેર્યુ કે, ભારતે મેન્યુફેકચરિંગ, ડિઝિટલ વર્લ્ડ, ઇકોનોમિક ગ્રોથ જેવા મહત્વનાં માપદંડો પર ધ્યાન કેન્દ્રિત કરી વિકાસની હરણફાળ ભરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની કાર્યકાળમાં વડાપ્રધાનશ્રીએ આધારની ક્ષમતા અને ઉપયોગિતા યથાર્થ સમજી હતી, જે તેમણે વડાપ્રધાન બન્યા બાદ અનેક યોજનાઓને આધાર સાથે જોડી લાભાર્થીઓને સીધા બેંક ખાતામાં સહાયનાં નાણાં જમા કરવામાં અને ડિજીટલ ભારત અભિયાનને વેગવાન બનાવવામાં આધારનો સફળ પ્રયોગ કર્યો છે. તેમણે ગુજરાતી ન હોવા છતાં ગુજરાતીઓને મોદીજી જેવા ગુજરાતી અંગે વાત કરવાનું સાહસ કરી રહ્યા હોવાની રમૂજ કરી જણાવ્યું કે, સુરતનો વિકાસ આંખે ઉડીને વળગે તેવો છે, જ્યારે વિકાસમાં ગુજરાત મોડેલની બરોબરી થઈ ન શકે.

પ્રારંભે સ્વાગત પ્રવચન કરી વિદેશ મંત્રીશ્રીને સુરતની ભૂમિ પર આવકારતા ગૃહ, રમતગમત રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ડૉ. એસ. જયશંકર દેશવિદેશમાં અવારનવાર સુરતના ચોમેર વિકાસ, શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓની સરાહના કરતા રહે છે. તેમણે વડાપ્રધાન અને વિદેશમંત્રીની સ્થાયી અને જનહિતની વિદેશનીતિથી નિતનવા પડકારોને અવસરમાં ફેરવી વિકસતા ભારતની છબીને વૈશ્વિક ધોરણે સરાહવામાં આવે છે એમ જણાવ્યું હતું.

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સ્ટેટ સંયોજક કૌશલભાઈ દવે, સુરત મહાનગરપાલિકાના સંયોજક પ્રો. વિજયકુમાર રાદડિયા અને રાહુલભાઈ તિવારીએ જિલ્લા વહીવટીતંત્રનાં માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સુપેરે સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રિય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રીશ્રી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, જિલ્લા કલેકટરશ્રી આયુષ ઓક, મ્યુનિસિપલ કમિશ્નર શાલિની અગ્રવાલ, પોલિસ કમિશનરશ્રી અજય તોમર, યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. કે.એન.ચાવડા, પ્રોફેસરો, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સિવિલ સર્વિસીસની તૈયારી અંગે માર્ગદર્શન સેમીનાર







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ IAS-IPS તથા અન્ય સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર ખાતે તા. ૨૪/૯/૨૦૨૨ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સિવિલ સર્વિસિસની તૈયારી અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત શહેરના IPS DCP Surat Police Zone - 4 શ્રી હર્ષદ મહેતા ઉપસ્થિત રહ્યા હતા તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી વિષયોની તૈયારી કઈ રીતે કરવી શું ધ્યાન રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતુ કે, કોઈ પણ સામાન્ય બુદ્ધિઆંક ધરાવનાર વિદ્યાર્થી જો બેથી અઢી વર્ષ એકાગ્રતા રાખી પરીક્ષાનાં અભ્યાસક્રમને ધ્યાને રાખી તૈયારી કરે તો તેમને સફળતા જરૂર મળશે. તેમજ જણાવ્યું કે, હંમેશા હકારાત્મક વિચારોને ધ્યાને લેવું કોઈ પણ નકારાત્મક પ્રવૃતિ પાછળ સમય વેડફાય નહિ તે અંગેનું સંપૂર્ણ ધ્યાન રાખવું જોઈએ. ત્યારબાદ તેમણે પરીક્ષાની તૈયારી કઈ રીતે કરી તે અનુભવો વિદ્યાર્થીઓને જણાવ્યું. તેમણે ઉદાહરણ સ્વરૂપે એવું જણાવ્યું કે, બે ખેડૂત પાણીની જરૂરીયાત છે એક ખેડૂત ૧૦ મીટરના ૫ ખાડા અલગ અલગ જગ્યાએ ખાડાનું ખોદકામ કરે છે પણ પાણી મેળવવા માટે સફળતા મળે છે. કેવાનો ભાવાર્થ એવો થાય છે કે કોઈ પણ કામમાં આપણે એકાગ્રતા રાખીશું તો સફળતા મળશે જ એવું સાબિત થાય છે. તેઓ કહે છે કે, દરેક વિદ્યાર્થીઓને નબળાઈ હોય છે અને તાકાત પણ હોઈ છે તેને ઓળખવા અને સુધારવા તથા બન્ને તટસ્થ રાખવા તેને દરેક રીતે સુધારવાના પ્રયત્નો કરવા. પોતાની ભૂલો શોધવી, હું કયા ખોવાયો છું એ ધ્યાન રાખવું, વિચારો અને મનને શિસ્તમાં રાખવા તેમજ વિચારોને વળગ્યા રહો જો નક્કી કરશો તો કરી જશો, સફળ લોકો હંમેશા પોતાને તટસ્થાથી જોઈ છે. સફળ વ્યકિતનું ધ્યાન હંમેશા સમસ્યાનાં નિરાકરણ પર હોય છે અને નિષ્ફળ વ્યકિતનું ધ્યાન સમસ્યાઓ ઉપર હોય છે. સમસ્યાઓ ઉપર ધ્યાન ન આપવું સમસ્યાઓનાં નિરાકરણ ઉપર ધ્યાન આપવું તો સફળતા મળશે. સમસ્યાઓ રાક્ષસો છે તેમનો હસતાં હસતાં તેનો સામનો કરવો હતાશા કયારેય ન રાખવી અને પડકારોને ઝીલવા કોઈ પણ કામ મહેનત કરવા માટે યોગ્ય આયોજન કરો.

આ કાર્યક્રમમાં કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. IAS-IPS કેન્દ્રના કો–ઓડિનેટરશ્રી બાલાજી રાજે જણાવ્યું હતુ કે, આવતાં વર્ષથી સમગ્ર ગુજરાતમાં પ્રવેશ પરીક્ષા લઈ મેરીટ આધારિત કેન્દ્ર ખાતે પ્રવેશ આપશે. દર મહિને આ પ્રકારના અધિકારીને બોલાવી વિદ્યાર્થી જોડે ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવે છે.

## Startup Yatra and Awareness Program

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન મુજબ SSIP & GKS દ્વારા કાર્યન્વિત Student Startup Research & Innovation Festival ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોનગઢ ખાતે તા. ૨૦/૯/૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો હતો. ત્યારે ચાલું વર્ષમાં અભ્યાસ કરતાં અને અભ્યાસ પૂર્ણ કરી ચૂકયા હોય તેવા વિદ્યાર્થીઓને સ્વ–રોજગારીની તકો મળે, સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહન અને અભિમુખ કરવા માર્ગદર્શન માટે યુનિવર્સિટી ખાતે કાર્યરત આઇડિયા એન્ડ ઇનોવેશન સેલનાં સભ્ય શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક, શ્રી દિવ્યેશ બારૈયા, શ્રીમતી પૂજા કંટારીયા દ્વારા વિદ્યાર્થીઓને ઇનોવેટિવ આઇડિયાને કેવી સ્ટાર્ટઅપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિગ (ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી આપવામાં આવી હતી. આ સેશન દરમ્યાન કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૫ જેટલા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીની ટીમ ને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)





ગુજરાત રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી દ્વારા આયોજીત ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંલગ્ન વિવિધ કોલેજોના હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમને ગુજરાત સરકાર દ્વારા પારિતોષિક આપવામાં આવ્યા છે. આ પ્રતિયોગિતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના અને યુનિવર્સિટી કેમ્પસમાંથી કુલ ૫૯ જેટલા વિદ્યાર્થીઓએ વિજેતા બન્યા છે જેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંખ્યા ૧૦, દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪ અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫ છે. ગુજરાત રાજ્ય સરકારશ્રીએ અનુક્રમે પ્રથમ ક્રમના વિજેતાને રૂ. ૩૧૦૦, દ્વિતિય ક્રમના વિજેતાને રૂ. ૨૧૦૦ અને તૃતીય ક્રમના વિજેતાને રૂ. ૧૫૦૦ નું ઈનામ આપવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા યુનિવર્સિટીના કેમ્પસમાંથી વિજેતા વિદ્યાર્થીઓને પુસ્તક આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં તમામ પ્રકારે વધારો થાય અને અવનવું જાણવા માટે ઉત્સુક બને તે માટે કવિઝમાં સ્પર્ધાનું આયોજન કરેલ છે. આ ક્વિઝમાં સ્પર્ધા 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'માં રાજ્યના ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક તેમજ મેગા ક્વિઝમાં કોમ્પીટીશનનું રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જે તા. ૭ જુલાઈ ૨૦૨૨ના રોજ દેશની સૌથી મોટી Gujarat Gyan Guru Quiz Competition Registration 2022નું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાયન્સ સીટી, અમદાવાદ ખાતેથી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. ક્વિઝ (G3Q) એક એવી સહઅભ્યાસ અને રચનાત્મક પ્રવૃત્તિ છે જેમાં શિક્ષણ, જ્ઞાન, ગમ્મત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ છે. જોકે આ ક્વિઝમાં સ્પર્ધાત્મક, જ્ઞાનવર્ધક અને સર્જનાત્મક છે પરંતુ સાથો સાથ દરેક સ્પર્ધકની સંખ્યામાં વધારો કરે છે. આ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવાનું છે.

આ ક્વિઝમાં ગુજરાત રાજ્યના કોઈ પણ તાલુકા વોર્ડ, માધ્યમ અથવા ધોરણો અથવા જાતિ (સ્ત્રી/પુરુષ) વિદ્યાર્થીઓ અને સમાજના તમામ વર્ગના લોકોના જ્ઞાનમાં અને જાગૃતિમાં વધારો થશે. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝમાં ઘણાં બધાં પ્રશ્નો અને તેના જવાબો સમાવવામાં આવ્યા છે. જેમાં ભારત સરકાર તેમજ રાજ્ય સરકાની વિવિધ યોજનાઓ, યોજનાઓના મુખ્ય ઉદ્દેશ્યો વાત કરવવામાં આવી છે. આ યોજનાઓ દ્વારા લાભાર્થીઓની સંખ્યા, તેમને મળતા લાભો વિગતવાર માહિતી આપવામાં આવેલ છે. વધુમાં, આજ દિન સુધી યોજનામાં હાસલ કરેલ સિદ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ વગેરે પ્રશ્નોને પણ ક્વિઝમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત દર અઠવાડિયે અંદાજીત દસ વિજેતાઓ જાહેર કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રક આપવામાં આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q), શાળા કક્ષાએ ધોરણ ૯ થી ૧૨ તથા કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ અન્ય કેટેગરીમાં ગુજરાતના તમામ પ્રજાજનો ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી. યુનિવર્સિટીના સફળ તેજસ્વી તારલાઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

## સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતી નાયકોનું યોગદાન

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રીય અનૂસૂચિત જનજાતિ આયોગ, નવી દિલ્હી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાન' કાર્યક્રમ તા. ૨૭/૮/૨૦૨૨ના શનિવારના રોજ કન્વેન્શન હૉલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ, નવી દિલ્હીના અધ્યક્ષ શ્રી હર્ષ ચૌહાણ અને આયોગના મુખ્ય સચિવ શ્રીમતી અલ્કા તિવારીજી ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ નાયકો પરની પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન આમંત્રિત મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત આદિવાસી પરંપરાગત નૃત્યોથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે શ્રી રાજારામ કટારાને આમંત્રિત કરાયા હતા. સ્વતંત્રતા સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાનના સંદર્ભે મુખ્ય વક્તાશ્રી રાજારામ કટારાએ જણાવ્યું હતું કે, અંગ્રેજ સાશનકાળમાં જયારે દેશમાં અંગ્રેજો સામે ભીલોનું આંદોલન ચાલું હતું. ૧૮૮૨-૮૩માં ભીલોનાં નેતૃત્વમાં ગોવિંદ ગુરુને સાથે રાખી ભક્તિ આદોલનથી જનજાતિ સમાજમાં જનજાગૃતિનું કાર્ય શરૂ કર્યું હતું બાદમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના પ્રયાસથી ભક્તી આંદોલનને વધુ ગતિ મળી. પરંતુ જે સમયે માનગઢ ખાતે સમગ્ર આદિવાસી સમાજ એકત્ર થઈ રહ્યો હતો તે સમયે અંગ્રેજોએ આદિવાસી પરિવારો પર નિર્દયતા પૂર્વક ગોળીઓ ચલાવી હતી જેમાં કેટકેટલાંય આદિવાસી પરિવારો સહિદ થઈ ગયા જે ભારતની આઝાદી માટેના આંદોલનોમાંનું સૌથી મોટું અને સ્વાભિમાન સાથે લડવામાં આવેલ આંદોલન ગણાવ્યું.

આ પ્રકારનાં આંદોલનોને ઉજાગર કરી દેશને આઝાદ કરવામાં જનજાતિ સમાજનું આઝાદીમાં કેટલું યોગદાન રહ્યું છે તે અંગે સંશોધનો કરવાની આવશ્યકતા ગણાવી, સકારાત્મક બાબતોને સામે લાવી ભારતનાં દૃષ્ટિકોણ થી ભારતના જનજાતી મહાપુરુષોને જોવા પર ભાર મૂકવું અત્યંત આવશ્યક છે. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા છતાં પણ આઝાદીના સંગ્રામમાં જનજાતિ સમાજના મહાપુરુષોને ઇતિહાસમાં સ્થાન નથી મળ્યું તે આજની કમનસીબી ગણાવી. તેઓએ સૌને આહ્વાન કર્યું કે, આજે જનજાતિ સમાજના મહાપુરુષો, સંઘર્ષની ગાથાઓ અને પરંપરાઓને શોધવાની આવશ્યકતા છે, જેથી આમ સમાજને પણ જનજાતિ મહાનાયકો વિષે સકારાત્મક સંદેશ અને જાણકારી આપી શકાય.

આયોગના મુખ્ય સચિવ શ્રીમતી અલ્કા તિવારીજીએ રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગનું બંધારણીય દરજ્જો અને તેનાં કાર્યો વિષે માહિતગાર કર્યા હતાં. દેશભરમાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગનાં ૬ ક્ષેત્રીય કાર્યાલયો (ભોપાલ, ભુવનેશ્વર, જયપુર, રાયપુર, રાંચી અને સિલોંગ) છે. જયાં અનુસૂચિત જનજાતિના લોકો પોતાની સમસ્યાઓ વિષે રજૂઆત કરી શકે. આયોગ દ્વારા સંવાદ કાર્યક્રમ અંતર્ગત વિવિધ મુદ્દા પર થતી ચર્ચાથી અવગત કરવામાં આવ્યું, સાથે યુનિવર્સિટીઓમાં જનજાતિ સમાજના વિદ્યાર્થીઓ વિવિધ જનજાતિ સમાજ સમસ્યાઓને લઈને વધુમાં વધુ ગુણાત્મક સંશોધન કરવામાં આવે જેથી કરીને જનજાતિ વિકાસ માટેની નીતિનિર્ધારણમાં ઉપયોગ કરી શકાય. વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને અન્યાય અને રક્ષણ સંબંધી આયોગને સીધા ફરિયાદ કરી શકે, જેના માટે આયોગનું વેબસાઈટ પોર્ટલ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન જનજાતિ સમાજના પ્રબુદ્ધ નાગરિકો દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી હતી જેમાં આયોગના માનનીય અધ્યક્ષ અને સચિવશ્રીએ સંતોષકારક ઉત્તર આપતા જણાવ્યું હતું કે, સમાજમાં સ્થાનિક કક્ષાએ જનજાતિ સમુદાયના પ્રશ્નોથી વાકેફ છે એવા પ્રબુદ્ધ લોકો આગળ આવે અયોગ સાથે સંવાદ કરે, સંશોધક વિદ્યાર્થીઓ તેમના સંશોધનથી સમાજને શું યોગદાન શકે તે દિશામાં શોધકાર્ય કરવા માટે આહ્વાન કર્યું.

આયોગના અધ્યક્ષ, જનજાતિ સમાજની અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ અંગે ભાર મૂકતા જણાવ્યું હતું કે, જનજાતિ સમાજની અસ્મિતા માટે મહાપુરુષોનું રાષ્ટ્રીય સંગ્રામ માટે આપેલ ત્યાગ અને બલિદાન વિશેનાં લખાણોથી જનજાતી સમાજમાં આત્મગૌરવ તેમજ દેશ અને પર્યાવરણની સુરક્ષા અને જતન માટેનું પ્રદાન અંગે સમાજમાં પરમાર્થનો ભાવ ઉજાગર થશે સાથે જનજાતિ સમાજના અસ્તિત્વ માટે વિવિધ બંધારણીય જોગવાળઓ અને અધિકારો તેઓને મળે તેના વિશે અવગત્ કર્યું હતું. વધુમાં જનજાતિ સમાજનું વિવિધ યોજનાઓ થકી ઝડપી વિકાસ માટે શિક્ષણની વ્યવસ્થા કેવી હોય શકે તેના માટે સમાધાનકારી ઉપાયો પણ શોધવાની આવશ્યકતા પર ભાર મૂક્યું હતું. વિશ્વવિદ્યાલય સ્તરે અલગ અભ્યાસ કેન્દ્ર શરૂ કરવા પણ તેઓએ સૂચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ તેમનાં સંબોધનમાં જણાવ્યું હતું કે, જનજાતિઓની અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસમાં યુનિવર્સિટી હર્ષ ઉલ્લાસ સાથે મદદ કરી રહી છે જેના ભાગ રૂપે યુનિવર્સિટીના બોર્ડ ઓફ પબ્લિકેશન એ દિશામાં કાર્યરત છે સાથે આગામી સમયમાં યુનિવર્સિટી ક્ષેત્રેના ગ્રામીણ અને જનજાતી સમાજના લોકોને આજીવિકાની વિવિધ વસ્તુઓ માટે ઇન્ક્યુબિશન સેન્ટર હેઠળ કંપની રજીસ્ટ્રેશન કરીને પ્રોત્સાહિત કરવા અને કોલેજોનાં સ્તરે સ્ટાર્ટઅપ યાત્રાથી જાગૃતી માટે આયોજન કરવા પર ભાર મૂકયો હતો. વધુમાં યુનિવર્સિટી સ્તરે જનજાતિ સમુદાયના વિવિધ મુદ્દાઓ આધારિત સંશોધનો હાથ ધરવાં જનજાતિ અધ્યયન કેન્દ્ર શરૂ થાય તે માટે હકારાત્મકતા દર્શાવી છે.

આ પ્રસંગે યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી, સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ વિભાગોના અધ્યક્ષ, અધ્યાપકો, સમાજના પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ દ્વારા નિમાયેલા સંયોજક ડૉ. દિપક ભોયે, શૈક્ષણિક સંયોજક ડૉ. જયદીપ ચૌધરી અને વહીવટી સંયોજક તરીકે ડૉ. દિપેશ પટેલની મોટી ભૂમિકા રહી હતી.

## સાંસ્કૃતિક સાંજ

તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨નાં રોજ યુનિવર્સિટી કન્વેન્શન હૉલમાં NAAC Peer Teamનુ આપણા ગુજરાતની તથા આપણી યુનિવર્સિટીની પ્રતિભા અને અદ્દ્ભૂત કલા બતાવવા માટે એક ભવ્ય સાંસ્કૃતિક સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ સાંજે ૬:૦૦ કલાકે કરવામાં આવ્યો હતો. જેમાં

NAAC Peer Teamનાં તજજ્ઞો કે જે વિવિધ વિવિધ પ્રદેશોમાંથી આવેલ છે જેમની ઉપસ્થિતિમાં તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, IQACનાં Director ડૉ. અપૂર્વ દેસાઈ અને ડૉ. મનિષાબેન પાનવાલા, ગાર્ગીબેન શાહ અને ડૉ. પન્ના ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ કુલપતિશ્રીઓ, સિન્ડિકેટ અને સેનેટ સભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ કૃતિ – ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી 'ક્લાસિકલ ડાન્સ' (શાસ્ત્રીય નૃત્ય) સંજલ દેસાઈ અને સિધ્ધ નાયક દ્વારા રજૂ કરવામાં આવી હતી, આપણા ભારત દેશનાં ૮ (આઠ) શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો છે, જેમાં ભરતનાટયમ, કથક, કથકલી, કુચીપુડી, ઓડીસી, સાત્રીય, મોહિનીઅટ્ટમ અને મણીપુરી. દ્વિતિય કૃતિ 'ગરબા' ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સનાં વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી. ગરબા વિશે ટૂંકમાં કહીએ તો ગુજરાતીઓની ઓળખાણ, ગુજરાતીઓનાં તો નસે–નસમાં ગરબા ઘુમતા હોઈ છે અને કોઈ પણ એવો કાર્યક્રમ નહીં હોય કે જયાં ગરબા ના હોય, તો આ અદ્ભૂત ગરબાએ તો માત્ર ગુજરાતીઓની જ નહી પરંતુ જે ગુજરાતી નથી તે લોકોને પણ થનગનાટ કરતા કરી દીધા, એટલું જ નહીં પરંતુ, હાલ ભારત સરકાર દ્વારા ગરબાને 'યુનો'માં વર્લ્ડ 'હેરીટેજ'માં પ્રતિસ્પર્ધામાં ચાલી રહ્યું છે. તૃતીય કૃતિ 'લોકગીત પ્રસ્તુતિ'–ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.ના વિદ્યાર્થી દ્વારા રજુ કરવામાં આવી, આ લોક સંગીત પ્રાચીન સમયની ધરોહર છે, ગુજરાતી લોક સંગીત એ સુગમ સંગીત તરીકે ઓળખાય છે. ચોથી કૃતિ 'કવિ નર્મદ પર એક નાટક' – ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીના વિદ્યાર્થી દ્વારા રજૂ કરવામાં આવ્યું, વીર કવિ નર્મદ કે તેમની જીવનગાથા અને તેમના વિચારો અદ્ભૂત છે અને તેમનાં વિચારોનું પ્રતિક એટલે આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. ત્યારબાદ છઠ્ઠી કૃતિ 'અફઘાની હઝારાગી નૃત્ય' યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું, આપણી યુનિવર્સિટીના વિવિધ દેશોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે અને તેઓ દ્વારા પણ તેમના દેશની સંસ્કૃતિનું ખૂબ સુંદર રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા. ત્યારબાદ સાતમી કૃતિ 'ડાંગી નૃત્ય' અલગ અલગ ડિપાર્ટમેન્ટ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લાના આદિવાસીઓનું ડાંગી નૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. ડાંગી નૃત્યના ૨૭ જાતના તાલ છે. તેઓ ચકલી, મોર, કાચબા વગેરે જેવાં પ્રાણીઓ અને પંખીઓને નૃત્ય સ્વરૂપે પ્રદર્શન કરે છે. ડાંગી નૃત્ય વનવાસી અને પ્રકૃતિને ઉજાગર કરે છે. આ તમામ કૃતિઓની ભવ્ય રજૂઆતે પેક્ષકોનાં મન મોહી લીધાં હતાં. આપણી ભારતીય સંસ્કૃતિની વાત જ અનોખી છે, જેટલું તેની સંસ્કૃતિ વિશે જાણીએ એટલું વધારે જાણવાની ઈચ્છા થાય. એટલું જ નહી પરંતુ, આપણી ભારતીય સંસ્કૃતિને નિહાળીને આપણું મન પ્રફુલ્લિત થઈ જાય છે. આપણી ભારતીય સંસ્કૃતિ મૂલ્યવાન છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણની સરગમ સાથે સંગીતની સુરાવલીઓએ પણ વાતાવરણને તરબતર કરી દીધુ હતું.

## ૩૦મો રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ–૨૦૨૨ મહોત્સવ















સુરત જીલ્લા કક્ષાનો ૩૦મો 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨' મહોત્સવ કાર્યક્રમનું સુરત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સીસ વિભાગના શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરનાં સહયોગીથી પ્રો. મીનુ પરબીયા એન્ડોવમેન્ટ ફંડ હેઠળ તા. ૦૧/૧૦/૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જીલ્લાની વિવિધ શાળાના આશરે ૨૫૦ બાળવૈજ્ઞાનિકોએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક દષ્ટિ ખીલે અને તે દિશામાં સ્વતંત્રપણે વિચારતા અને સમજતા થાય અને વિજ્ઞાન પ્રત્યે અભિગમ કેળવાય, સંશોધન ક્ષેત્રે ફિલ્ડકાર્ય અનુભવ મેળવે એ હેતુ માટે આ વર્ષની મુખ્ય થીમ: Understanding Ecosystem For Health Wellbeing (આરોગ્ય અને સુખાકારી માટે ઇકો–

સિસ્ટમની સમજણ) તેના પાંચ પેટા વિષયો સબંધિત સમસ્યાઓના ઉકેલ શોધી તે માટે પણ વિચારતા થાય અને પ્રયાસ કરે તે મુખ્ય આશય છે. શાળાઓના બાળકોને આપવામાં આવેલ મુખ્ય થીમ અને પાંચ પેટા વિષય પર પ્રોજેક્ટના સંશોધન અભ્યાસ રિર્પોટ તૈયાર કરેલ હોય જેનું મૌખિક પ્રસ્તુતિકરણ અને પ્રોજેક્ટની પસંદગી માટે ૧૫૦ વધારે પ્રોજેક્ટ રજુ થયેલ હતા. જેમાં દરેક પાંચ પેટા વિષયોમાંથી બે સૌથી સારા પ્રોજેક્ટને રાજય કક્ષોએ પસંદગી કરેલ હતી. આ રીતે કુલ ૧૦ પસંદગી પામેલ પ્રોજેક્ટને GUJCOST દ્વારા યોજનાર રાજ્ય કક્ષા NCSC-૨૦૨૨ માં ભાગ લઈ, સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન સમારોહમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, સુરતના ડાયરેક્ટરશ્રી જી.એન.કાકડિયા દ્વારા ભાગ લેનાર બાળકોને અને શિક્ષકોને આવકારવામાં આવેલ હતા. કાર્યક્રમનાં મુખ્ય અતિથિશ્રી ડૉ. મીનુભાઈ પરબીયા દ્વારા બાળકોને આરોગ્ય અને સુખાકારીની ખૂબ જ ગહન માહિતી આપી હતી અને સમાજને લાભદાયી થવા ભાર મૂકયો હતો. અતિથિ વિશેષમાં હાજર રહેલ યુનિવર્સિટીના ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવીએ બાળકોમાં વૈજ્ઞાનિક દષ્ટિ ખીલે અને રાષ્ટ્ર ઉપયોગી સંસોધનો કરવા હાકલ કરી હતી. બાયોટેકનોલોજી વિભાગના કો–ઓડિનેટરશ્રી ડૉ. ગૌરવભાઈ શાહે અને ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ, સુરતના મંત્રીશ્રી દિનેશભાઈ ભટ્ટ તથા જજ તરીકે સેવા આપનાર વિવિધ અધ્યાપકોએ પ્રાસંગિક સમારોહમાં અભિવૃદ્ધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી શ્રી મનસુખભાઈ નારિયાએ કર્યુ હતુ.

## Department of Economics

### પ્રવેશ ઉત્સવ અને સંસ્કરણ કાર્યક્રમ

તા. ૨૯–૮–૨૦૨૨ને સોમવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા નવા શૈક્ષણિક સત્રમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું સ્વાગત સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં એમ.એ. (સેમ–૩) અને એમ.એ. (સેમ–૧)નાં તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સૌ પ્રથમ પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરવામાં આવી હતી. પ્રાર્થનાની રજૂઆત પ્રથમ વર્ષ એમ.એ.ની વિદ્યાર્થિની પ્રાચી પટેલ અને શીખા દલાલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ડૉ. મનીષ પટેલ દ્વારા ઉપસ્થિત મુખ્ય મહેમાનશ્રી તથા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગના ઈ.ચા.વડા તથા પ્રાધ્યાપક ડૉ. ગૌરાંગ રામી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય અતિથિ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનો વિસ્તૃત પરિચય રજૂ કરી કુલપતિશ્રીને પોતાનું વકતવ્ય રજુ કરવા આમત્રિત કરવામાં આવ્યા. ત્યારબાદ મુખ્ય અતિથિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યું તથા વિદ્યાર્થીઓને આગળ વધવા તથા કૌશલ્ય વિકસાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કુલપતિશ્રીનાં વકતવ્યની સમાપ્તિ બાદ એમ.એ.ના પ્રથમ વર્ષ અને બીજા વર્ષના પ્રથમ ત્રણ નંબર લાવનાર વિદ્યાથીઓને પ્રમાણપત્ર દ્વારા કુલપતિશ્રીએ સન્માનિત કર્યા હતા. જેમાં પ્રથમ વર્ષ એમ.એ.માં પ્રથમ આવનાર મરીયમબાનું પઠન, બીજા ક્રમે યમુનાબેન ગામીત અને ત્રીજા ક્રમે હેતાક્ષી વરિયાને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. બીજા વર્ષ એમ.એ.માં પ્રથમ આવનાર હાર્દિક શેલાડીયા, બીજા ક્રમે આવનાર વિવેક વરિયા તથા ત્રીજા ક્રમે આવનાર વિગ્નેશકુમાર વસાવા અને વિજીતા ગામીતનું પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ વાંસિયા દ્વારા વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિભાગનાં શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો પરિચય આપ્યો હતો તથા અર્થશાસ્ત્ર વિભાગ અને વિભાગમાં ચાલતા વિષયો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કાર્ય તથા વિભાગમાં ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં વર્ષમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પરિતોષિક તરીકે ગોલ્ડ મેડલ આપવામાં આવે છે તે અંગે ચર્ચા કરી વિદ્યાર્થીઓને વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા, ઉત્સવોની ઉજવણી કરવા તથા તેમાં ઉત્સાહથી ભાગ લેવા પ્રોત્સાહન આપ્યું. ત્યારબાદ ડૉ. ગૌરાંગ રામીએ અર્થશાસ્ત્ર વિભાગ સાથે જોડાયેલ પેટા વિભાગ અને પ્રોજેક્ટ વિષે પણ વાત કરી અને કાર્યક્રમની સમાપ્તિ કરી હતી.






DEPARTMENT OF








VNSGU






DEPARTMENT OF ECONOMICS
VNSGU




DEPARTMENT OF
ECONOMICS
VNSGU

## Department of Economics & Library and Information Science

### One Day Workshop on Referance Management Tool ZOTERO





નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે અર્થશાસ્ત્ર વિભાગની કોમ્પ્યુટર લેબ ખાતે તા. ૨૩/૦૯/૨૦૨૨ના રોજ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપ સંદર્ભ સૂચી તૈયાર માટેનાં એક વિકલ્પ ઝોટેરો (ZOTERO) સોફ્ટવેર વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત વર્કશોપમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા તરીકે માનવ સંસાધન વિભાગના ડૉ. ભાવેશ વાનપરીયા ઉપસ્થિત રહ્યા હતા તથા અર્થશાસ્ત્ર વિભાગના ઇ.ચા.વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો–ઓર્ડીનેટરશ્રી ડૉ. યોગેશ વાંસિયા, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રધ્યાપકગણ અને વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપની શરૂઆત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયા તથા વિદ્યાર્થીમિત્રો અને પ્રાધ્યાપકગણનું ડૉ. યોગેશ વાંસિયા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયાને સ્મૃતિભેટ સ્વરૂપે ડૉ. ગૌરાંગ રામી દ્વારા પુસ્તક આપવામાં આવ્યાં હતા. પ્રસ્તુત વર્કશોપના સંદર્ભમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું જેમા 'રન ફોર ડેવલોપમેન્ટ' તથા 'વસુદૈવ કુટુમ્બકમ' વિષે ચર્ચા કરી હતી અને આ પ્રકારના વર્કશોપનું આયોજન ભવિષ્યમાં પણ કરતા રહેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. ગૌરાંગ રામી દ્વારા ડૉ. ભાવેશ વાનપરીયાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને પ્રસ્તુત વર્કશોપ વિષયના સંદર્ભમાં પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયા જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનવ સંસાધન વિભાગમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે, તેમને પોતાનો પરિચય આપી પ્રસ્તુત સોફ્ટવેર ZOTEROના સંદર્ભમાં જાણકારી આપી ત્યારબાદ ZOTERO સોફ્ટવેર ઇન્સ્ટોલ કેવી રીતે કરી શકાય, તેનો ઉપયોગ કઈ રીતે કરવો, કયાં કરવો, ZOTEROમાં સંદર્ભ કઈ રીતે ઉમેરવા, જો કોઈ લેખિત નકલ એકથી વધુ હોય તો તેને કઈ રીતે દૂર કરવી વગેરે પ્રેકિટકલ કરાવીને શીખવવામાં આવ્યું હતું. ડૉ. ભાવેશ વાનપરીયા દ્વારા વિવિધ સંદર્ભ વ્યવસ્થાપન શૈલી AAA, APA, NLM, ACS, AMA, IEEE, OSCOLA, VANCOUNVER, MLA વગેરે વિશે ચર્ચા કરી હતી. ZOTEROનો ઉપયોગ સંશોધન કાર્યમાં કઈ રીતે સરળતાથી કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી હતી. પ્રસ્તુત વર્કશોપમાં ZOTERO વિશે દરેક બાબત ઝીણવટપૂર્વક સરળતાથી પ્રેકિટકલી શીખવવામાં આવ્યું હતું. પ્રસ્તુત વર્કશોપનો લાભ કુલ ૬૦ જેટલા વિદ્યાર્થી અને પ્રાધ્યાપકોએ લીધો હતો અને તેના માટે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યાં હતા.

## Department of Library and Information Science

### શિક્ષક દિવસ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૫/૯/૨૦૨૨નાં રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના સ્નાતક અને અનુસ્નાતકના વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ શિક્ષકોને સન્માનિત કરવા માટે અને આભાર વ્યકત કરવા માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં પ્રધ્યાપકો ડૉ. સોનલબેન ભારતી, ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. જીતેશ ટોપીવાલા, ડૉ. વિરલ પોલીસવાલા, ડૉ. મનિષ પટેલ અને શ્રી પ્રજ્ઞાબેન ધાધલ હાજર રહ્યાં હતાં. શિક્ષક દિવસની ઉજવણીનાં ભાગ રૂપે અર્થશાસ્ત્ર વિભાગના સેમીનાર હૉલમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના દરેક પ્રાધ્યાપકોનું પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ સમસ્ત ગુરુજનોને સંબોધિત કરતું વકતવ્ય રજુ કર્યું હતું. ત્યારબાદ શિક્ષક દિવસનાં અવસર પર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે ડૉ. શૈલેશ પટેલ અને ડૉ. યોગેશ વાંસિયા દ્વારા પ્રેરણાદાયી વકતવ્ય કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે ઉજવણીને યાદગાર બનાવવા કેક કાપવામાં આવી હતી અને ગ્રુપ ફોટા પણ પડાવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિભાગના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## મનોવિજ્ઞાન માર્ગદર્શન કેન્દ્ર

### આત્મહત્યા નિવારણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં મનોવિજ્ઞાન માર્ગદર્શન કેન્દ્ર દ્વારા અર્થશાસ્ત્ર વિભાગ અને સમાજવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે તા. ૬/૯/૨૦૨૨ને મંગળવારના રોજ આત્મહત્યા નિવારણ કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના સેમિનાર હૉલમાં કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. સલીમ હિરાણી અને ડૉ. દીપા પટેલ જે બાળરોગ નિષ્ણાત તરીકે કાર્યરત છે, ડૉ. તૃપ્તિ ચૌધરી જે મનોચિકિત્સક તરીકે કાર્યરત છે, અને શ્રી વૈભવ પારેખ તથા મનોવિજ્ઞાન માર્ગદર્શન કેન્દ્રનાં કો–ઓડિનેટર ડૉ. કીર્તી ઠાકર અને સલાહકાર તરીકે કાર્ય કરતાં શ્રી પાયલબેન હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગ અને સામાજીકવિજ્ઞાન વિભાગનાં પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીમિત્રોએ પણ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. ૧૦ સપ્ટેમ્બરે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેના સંદર્ભમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો વિષય અને ઉદ્દેશ્ય આત્મહત્યાને કઈ રીતે નિવારી શકાય અને લોકોમાં આ વિષય અંગે માહિતી અને જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવાનો હતો. કાર્યક્રમમાં ડૉ. સલીમ હિરાણી, ડૉ. દીપા પટેલ, ડૉ. તૃપ્તિ ચૌધરી અને શ્રી વૈભવ પારેખ દ્વારા શ્રોતાઓને આત્મહત્યાનાં કારણો, તેને રોકવાના ઉપાયો અને કોઈ આત્મહત્યા કરી શકે તેમ છે કે નહિ તે વ્યકિતને કઈ રીતે ઓળખી શકાય તે વિષે માહિતી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન આત્મહત્યા વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી કે વિશ્વમાં દર વર્ષે ૭ લાખ લોકોનું મૃત્યુનું કારણ આત્મહત્યા હોઈ છે. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને અને પ્રાધ્યાપકોને આત્મહત્યા કરનાર વ્યકિતનાં વર્તન અને તેનામાં આવેલા બદલાવ વિષે અને જો તે વ્યકિત આત્મહત્યા કરવાનું વિચારે છે તો તેનાં દ્વારા કેવા સંકેતો આપવામાં આવે છે તે અંગે એક નાટક વીડિઓ પણ રજૂ કરવામાં આવ્યો હતો અને જો આપને કોઈ એક વ્યકિતને પણ આત્મહત્યા કરવાથી બચાવી શકીએ તો આત્મહત્યા દરમાં ઘટાડો શકય બની શકે છે તેવું પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ એક ગીત પર સમૂહમાં ડાન્સ પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આત્મહત્યા નિવારવા અને પોતે આત્મહત્યા કરવાનો વિચાર ન કરે અને જે કરે તેને બચાવવાનો પ્રયત્ન કરીશું તેવી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.





## Department of Gujarati

### ઝવેરચંદ મેઘાણી જન્મ જયંતી

તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ગુજરાતી વિભાગે આઝાદીનો અમૃત મહોત્સવ નિમિત્તે મેઘાણી જયંતી ઉજવી હતી. જેમાં ડૉ. મીનલ દવેનું મેઘાણી વિશેનું વ્યાખ્યાન યોજયું હતું. તેમજ આદિત્યસિંહ રાઠોડ તથા વિદ્યાર્થીઓએ મળીને મેઘાણીનાં ગીતો ગાયાં હતાં.










## Departmetn of Fine Arts and Interior Design

### ભારતીય સંસ્કૃતિનાં ચિત્રોની શ્રેણીનું પ્રદર્શન કાર્યક્રમ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટ્સ અને એપ્લાઈડ આર્ટ્સ દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિનાં ચિત્રોની શ્રેણીનાં પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ શનિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદહસ્તે યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયનાં બેઝમેન્ટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી રમેશદાન ગઢવી અને સેનેટ સભ્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંગઠન (RSS) સુરતના સંઘસંચાલકશ્રી સુરેશજી માસ્ટરની પ્રેરણાદાયી ઉપસ્થિતિ અને તેમનાં ઉદ્દબોધન દ્વારા કાર્યક્રમની શોભા બમણી થઈ ગઈ હતી. જેમાં આવનારી પેઢીને આવી કળા દ્વારા ભારતીય સંસ્કૃતિ તરફ અને ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવવાનું આહવાન કર્યું અને સાથે અભિનંદન પાઠવ્યા હતા. NSSનાં કો–ઓડિનેટરશ્રી પ્રકાશચંદ્ર દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું કયુરેશન ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટના કો–ઓડિનેટરશ્રી મેહુલભાઈ પટેલ તથા

સંલગ્ન એપ્લાઈડ આર્ટ ડીપાર્ટમેન્ટનાં પ્રોફેસર કૃતિ ગમન દ્વારા કરવામાં આવ્યું છે. આ ચિત્રોની શ્રેણીનું પ્રદર્શન કાર્યક્રમ તા. ૨૪ સપ્ટેમ્બરથી તા.૨૮ સપ્ટેમ્બર સુધી સમય સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું. આ કૃતિઓનું સર્જન રાષ્ટ્રીય વિજેતા શ્રી કેશવ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આર્ટિસ્ટએ ભારતીય સંસ્કૃતિના પેઇન્ટિંગની શ્રેણી રામાયણ, ગૌમાતા અને સંગીત પ્રત્યે પોતાની ભાવનાઓ અભિવ્યકત કરી હતી.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિની ધરોહરનું સર્જનાત્મક દર્શન એટલે આર્ટિસ્ટની કૃતિમાં કંઈક અલગ જ સ્વરૂપ જોવા મળે. આપણી ભારતીય સંસ્કૃતિની વાતો તો કઈક અદભૂત જ છે, કેટલાંય રહસ્યો, વેદપુરાણો, પૌરણિક કથાઓ, ધાર્મિક કથાઓ જેના વિષે જાણવા માટે આજે માત્ર એક ભારતીય જ નહીં પરંતુ વિશ્વનાં તમામ લોકોને જિજ્ઞાસા હોય છે, અને ઘણા બધા લોકો જાણે પણ છે, અને જો આ બધી રસપ્રદ વાતોને ચિત્રો દ્વારા પ્રદશિત કરવામાં આવે તો જોવાની કઈક અલગ જ રસ પડે. સામાન્ય રીતે જયારે ભગવાનનાં સ્વરૂપની વાત આવે ત્યારે ભવ્ય રજૂઆત થઈ હોઈ પરંતુ આ પ્રદર્શનમાં આર્ટિસ્ટ રામાયણનાં પાત્રો અને સંરચનાનું અદ્‌ભૂત વર્ણન જોવા મળે છે, તદ્‌ઉપરાંત ગૌમાતાની અલગ અલગ અદ્વિતિય આઈકોનોગ્રાફી દર્શાવાઈ હતી. સંગીતની પણ અદભુત શ્રેણીને વર્ણન કરાયું હતું, આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને તથા કલાકારોને નવું જાણવા મળ્યું અને તેમણે પણ કંઇક નવું કરવાની પ્રેરણા મળી. જેનો આનંદ શહેરના તમામ નાગરિકો તા. ૨૪ સપ્ટેમ્બર થી ૨૮ સપ્ટેમ્બર સુધી સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી માણ્યો હતો.

## Janmashtami







Janmashtami, is the birthday of lord krishna which is celebrated with great enthusiasm all over the country. This time with the support of prof. Ankit Changawala, the students of bachelor's of interior design celebrated the festival of dahi handi, janmashtami on 18th August, 2022. Janmashtami is not only about dahi handi, it is to celebrate the birth of Shree Krishna. The students had beautifully decorated the cradle (parnu) of Shree Krishna and swinging the beautiful cradle was a heavenly experience to celebrate the krishna Janam.





The main significance of Janmashtami is to encourage goodwill and to discourage bad will. Krishna Jayanti also celebrates togetherness. The holy occasion brings people together, thus it signifies unity and faith. Students performed drama with zeal to show this significance. There was a dance performance that depicted very interestingly the prominent events of krishna's





Dahi Handi is celebrated to mimic the stealing off butter by krishna. It is usually celebrated by making a human pyramid by energetic men and climb on each other to break the matki. But this year, keeping in mind the risk factor, the students came up with an idea of celebrating dahi handi blindfolding. The matki was tied at the eyelevel and it was to be broken blind foldedly. It was very entertaining to play as well as see the event. Blindfolded breaking the matki was a challenging task, but it developed the nature of trust and the sense of feeling something without visually seeing it. It was overall an entertaining and joy event.

## Padmavati Foundary

Last month, the students of bachelor's of interior design of Veer Narmad South Gujarat University were taken to a factory visit where products are manufactured in mass through injection moulding, automatic machine moulding and through manual molding. But the question in the minds of students was struck that how the moulds are prepared. The students were more curious to know what are the other methods of manufacturing mass products, what is the other material in which it can be done. Seeing the curiosity of students to learn more, the faculties of the subject-product design and technology, prof. Ankit Changawala and Mr. Jenish Vagh decided to give more knowledge to students through practical learning. The students were taken to the factory visit at padmavati foundary, udhna owned by Rupin Kapadia who makes products from CRC metal scrap and galvanised iron scrap through metal casting which are further used in gear box, looms, etc.






Basically, there are two types of casting done, 1- SG casting, 2- galvanized iron casting. For casting, the product to be casted is made by carving wood by wooden pattern maker expert keeping in mind contraction and expansion. Wooden pattern can be used for 3-4 times only after which it gets destroyed. So, aluminium pattern is made which is durable and can be used endless times.





RAW MATERIAL:

The initial raw material required for casting is sand and molasses. The sand and molasses are mixed first in mixture grinder to achieve strength and for strong bondage. For casting, there are basically mold boxes required to cast a product.



PROCESS:

The mixture of sand and molasses is filled in the first box. Thereafter, aluminium pattern mold is inserted in the sand and molasses mixture box. Over it another box is kept, the mixture of sand and molasses is added. The sand is then tapped with foot for proper impression. Once the tapping is done, the box is opened and pattern mold is removed. Thereafter runners are developed which allow the molten metal to flow through the impressions. The boxes are again placed one above the other and prepared to get the metal casted



FINISHING:

The product that has been casted has sand stuck on it. To remove the sand particles, blasting is done through short blasting machine. Before dispatching, grinding and fething is done.





## Annual sports event

Sports is a crucial part of an individual's growth and development. The department of bachelors in interior design of veer narmad south Gujarat university had organised its 14th annual sports event on 15th August, 2022. The event was managed by the students which helped students in gaining responsibility under the guidance of Prof. Ankit Changawala.

Playing sports teaches lessons of life, such as teamwork, accountability, self-confidence, responsibility, and self-discipline. Sports help prepare students to face the challenges of life. They enhance physical and mental abilities of students and help them achieve the goals of their life. Through participation in sports and games, a student gains various skills, experience and confidence that are helpful for developing their personality.







One of the student of bachelor of interior design, has held our heads high by her tremendous performance in taekwondo with her achievements. She was falicitated by the department of bachelors in interior under veer narmad south gujarat university for her high achievemnts. She has achieved gold medal in gujarat state taekwondo championship 2011, 1st mahavir cup open national taekwondo championship 2022, open state taekwondo 2022 and open online inter-club poomsae championship 2021. She has achieved silver medal at medal at inter college taekwondo championship 2021. She is currently a self defence instructor.



A game that makes memory sharp, develops the ability to see from someone else's perspective, leads to better planning skills, increases thinking skills – chess was played as a part of indoor game





To bring back the memories of school, the first game that was played was lemon and spoon and badminton. It helps in increasing focus and concentration. It increases the patience in one's nature which is lacking in nowadays students.



Thereafter, three legged and relay race was played. These games are played in a pair of two. Playing in a pair requires a lot of sportsmanship in one's nature. Playing in pair requires co-ordination, trust between the two which helps in overall development of students.









Thereafter, volleyball and tug of war was played. It is played in a group of 6 and 11, respectively. Playing in a group requires a lot of trust on each and every player, co-ordination, discipline.

It increase the communication skill, accepting individual's fault, understanding and accepting other's opinion.

It was overall a very enthusiastic event where students first attended the flag hoisting and then played the games with the complete energy and fun.















## Achievements

This year as a part of Amrut Rang Mahotsav by Government of Gujarat organized at Veer Narmad South Gujarat University. In which Students of Dept. Of Interior Won 1st prize in 'Installation' competition and 2nd Prize in 'Short Film' competition. Students who participated in Installation ompetition are Shreya Patel, Tossir Pasa, Suthar Rawal & Sneh Vaghani. Students who participated in Short Film competition are Harsh Patel, Rawal Suthar, Jheel Upadhyay, Mansi Mistry, Jyotika Patel, Aanchal Uttamani, Saloni Gandhi, Jinnang Desai, Vishnu Suthar, Dharmesh. Culture & sports of Department of Interior Design Prof. Ankitkumar Changawala, Dept. Co-ordinator Prof. Mehul Patel and other faculty members wishes them for their achievements.

## World Bamboo Day

World Bamboo Day is celebrated on 18$^{th}$ September every year, conceptualized by the World Bamboo Organisation. Since this day has become a very important event to spread awareness globally, Department of Interior Design of Veer Narmad South Gujarat University, Surat celebrated the World Bamboo Day. The students were made acquainted with the immense potential of bamboo, bamboo as an alternative resource to forefront, bamboo can e used as a substitute for numerous unsustainable resources, thus contributing to a greener environment.

To enlighten the students with these information, Prof. Mehul Patel (Department Co-ordinator), Prof Ankit Changawala and Visiting Faculty Ar Bhavesh Patel summoned Prof. Sankalapa. Prof. Sankalapa is a practicing architect and an academician. He is currently engaged in researching areas that includes developing details for an emerging aesthetics of combining industrial and natural materials in the wake of environment crisis. He has also conducted several national level construction of bamboo and has widely lectured on bamboo as a construction material.






Prof Sankalapa believes structure itself is an interior space design. Different raw materials gives different expressions of the space. The expressions comes from articulation of materials. There are the contexts under which all the materials gets attention. Changing aesthetics requires lots of perspectives in fields of ecological, environmental and many others.

Standarised system in bamboo has also been developed. The joineries have been developed and standardized by the experts. The best bamboo that can be used as engineering bamboo is gulam. There are two main ways in which bamboo is used i.e –

1) slat/split craft bamboo
2) poles / solid bamboo

Also every individual needs to understand that India needs to standardize split bamboo.

Basic engineering rule to work with bamboo is grid based, the grid should not exceed 1.5 m span. Change in scale makes a huge difference. There are structural engineers who deal with these details. For furniture, the joineries have been standardised and can be easily implemented. The factors that one needs to keep in mind is that the diameter of each bamboo is different. Moreover, the the diameter in each bamboo varies from top to bottom of it.



Green bus stop has been constructed in Hyderabad. Thus, bringing awareness to people that even public sructures can be made environmental friendly and sustainable. Basic tools are used for constructing. It includes stickle, mallet, hammer, hand saw or mitre saw, chisel and measuring tool. Bamboo can be used in interior spacesin various forms, it can be used in panellig, furniture. It increase warmth in the space and makes the space cozy.



To raise the awareness among people, another iniative that is most important is planting bamboo plant was done at the department of interior design, VNSGU. The bamboo that is 3-5 years old can be notified as mature bamboo.





## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### 'મહાત્મા ગાંધી' ક્વિઝ સ્પર્ધા



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ને ગુરૂવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ "મહાત્મા ગાંધી" ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે સુરત ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકના મેનેજર જીગરભાઈ દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. સેજલબેન દેસાઈ મેડમ હાજર રહ્યાં હતાં.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનાં કો–ઓડિનેટર પ્રા.ડૉ. સેજલબેન દેસાઈએ સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. મયંકભાઈ શોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જૂદી જૂદી કોલેજોના ૩૩ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના જયદીપકુમાર કલસરીયા અને વિશાલકુમાર વરીયા, દ્વિતિય ક્રમે અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના શુભમકુમાર કુશવાહા અને શુભમકુમાર સુરતી, તૃતીય ક્રમે શ્રીમતિ વી.આર. ભકતા કોલેજ ઓફ એજ્યુકેશનના ઇરામકુમાર વાકત અને સોનલબેન દેસાઈ તેમજ વી.એલ.શાહ કોમર્સ કોલેજ, અમરોલીના ગૌતમકુમાર ગોહિલને પ્રેક્ષકોમાંથી ઇનામને પાત્ર વિજેતા તરીકે જાહેર થયાં હતાં.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ખુશ્બુબેન વામજા તથા આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી. જૂદી જૂદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

### કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડએચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને રોજગાર કચેરી, સુરતમાં તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ને ગુરૂવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે આસિસ્ટન્ટ ડિરેકટર, એમ્પ્લોયમેન્ટ ઓફિસ, સુરતના ડિસ્ટ્રીકટ કેરિયર કાઉન્સેલર શ્રી બિપિનભાઈ માંગુકિયા અને બેંકિંગ એકેડેમીના ડાયરેકટર શ્રી ચેતનભાઈ ભિમાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાર્થીઓને નવા કૌશલ્ય વિકસાવવા પોતાનામાં રહેલી સુષુપ્ત શકિતઓનો યોગ્ય દિશામાં ઉપયોગ કરી ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

શ્રી ચેતનભાઈએ સરકારી બેંકો, સરકારી ક્ષેત્રે રોજગારી માટે માહિતી આપી હતી. શ્રી બિપિનભાઈએ ગુજરાત સરકારના રોજગારી કચેરીના અનુબંધન પોર્ટલ પર વિદ્યાર્થીઓને નોંધણી કરાવવા હાંકલ કરી હતી.મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સેમિનારના કો–ઓડિનેટર પ્રા. ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનોનો પરિચય પ્રા. સોનલબેન કાકલોતરે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. સમગ્ર સેમિનારનું સંચાલન પ્રા.ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયા તથા આભારવિધિ પ્રા. રોહિતભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

### આંતર કોલેજ કવિ નર્મદ કાવ્યપઠન સ્પર્ધા



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડએચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૩ સપ્ટેમ્બર ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'આંતર કોલેજ કવિનર્મદ કાવ્યપઠન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઝોન ચેરમેન લાયનશ્રી પ્રણવભાઈ મહેતા, નાટકનાં ડિરેકટરશ્રી સોનલબેન વૈધ અને શ્રીમતિ ધર્મિષ્ઠાબેન તેમજ ગુજરાતી વિભાગના અધ્યાપકશ્રી પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરૂં પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આચાર્યશ્રી ભરતભાઈ મકવાણા અને આચાર્યશ્રી પ્રકાશચંદ્ર પરમાર હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોના કો–ઓડિનેટર પ્રા.ડૉ. ઋજુતાબેન ગાંધીએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૮ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ. શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજનાં બારિયા એકતાકુમારી, દ્વિતિય ક્રમે ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજનાં દરેકર કુશાંગીકુમારી અને મહાવીર વિદ્યામંદીરનાં ભીલ સુમીતાકુમારી, તૃતિય ક્રમે નર્મદા કોલેજનાં પટેલ વૈષ્ણવીકુમારી અને શ્રી એસ.વી.પટેલ કોલેજના ગાબરિયા મિહિરકુમાર તેમજ જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજનાં નકુમ યોગિતાકુમારી આશ્વાસન ઈનામ આપી વિજેતા તરીકે જાહેર થયાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. રક્ષાબેન પટેલ તથા આભારવિધિ પ્રા. માધવીબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આંતર કોલેજ સલાડ સુશોભન સ્પર્ધા



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૨ ને મંગળવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'આંતર કોલેજ સલાડ સુશોભન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે લાયનેસ શ્રીમતિ મોનાબેન દેસાઈ, ભૂતપૂર્વ સ્ટાફ સભ્યશ્રી ડૉ. બેલાબેન શાહ પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાં હતાં તેમજ માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મેઘનાબેન વ્યાસ અને જિજ્ઞાસાબેન પટેલ હાજર રહ્યાં હતાં.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. હેમાબેન દવેએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ.ઝંખનાબેન પરમારે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં ભૂમિકુમારી ધંધુકિયા, દ્વિતિય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં એકતાબહેન બારૈયા અને એમ.ટી.બી. આર્ટ્સ, કોલેજના ઓમપ્રકાશ સીધ, તૃતીય ક્રમે શ્રીમતિ વી.આર.ભકતા કોલેજના સુનિલસિંહ સિંધા અને શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્, પાડેસરાનાં પ્રાચીકુમારી દેગડાવાલા, જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં ધ્રુવીબેન લુખી આશ્વાસન ઇનામ આપી વિજેતા તરીકે જાહેર થયાં હતાં. એમ.ટી.બી.કોલેજના વિદ્યાર્થી શ્રી ઓમપ્રકાશ સીધ દ્વારા કોલેજ દ્વારા યોજાતી સ્પર્ધાઓ અંગે પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. ભૂમિકાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકીની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વામી વિવેકાનંદ કિવઝ સ્પર્ધા



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ને બુધવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા

અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદ આંતર કોલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે લાયનેસ શ્રી નરેશભાઈ પારેખ, લાયનશ્રી અવિનાશભાઈ વ્યાસ, લાયન શ્રી જયંતિભાઈ પ્રજાપતિ પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ હાજર રહ્યાં હતાં.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા.ડૉ. સેજલબેન દેસાઈએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. મનિષભાઈ ટેલરે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ– ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૫ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ. શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં ગોપીકુમારી સાવલીયા અને સ્નેહાકુમારી રાવલ, દ્વિતીય ક્રમે સર કે.પી.કોલેજ ઓફ કોમર્સના સંજયકુમાર ભરવાડ, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં રિદ્ધિકુમારી કાકડીયા અને ભૂમિકાકુમારી સોલંકી તેમજ નારણલાલા ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીનાં ઉપાસનાકુમારી પટેલ આશ્વાસન ઇનામ આપી વિજેતા તરીકે જાહેર થયાં હતાં.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. ભ્રાતિબેન ગોહેલ અને આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આંતર કોલેજ ભગવદ્‌ગીતા શ્લોક સમીક્ષા



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૨ને ગુરુવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ આંતર કોલેજ ભગવદ્‌ગીતા શ્લોક સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે લાયનશ્રી જગદીશભાઈ ફીટર, લાયનશ્રી નરેશભાઈ ગાંધી, લાયનશ્રી ધનેશભાઈ ગોલવાલા, લાયનશ્રી મહેશભાઈ જાષી, લાયનશ્રી ચંદ્રકાન્તભાઈ કોન્ટ્રાકટરે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી મનિષાબેન પટેલ, શ્રી દિપકભાઈ પુરોહિત હાજર રહ્યાં હતાં.

સ્પર્ધાની શુભ શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા.એન.બી. બારિયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. ઈબ્રાહીમ પટેલે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહથી પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૫ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજનાં દેવિકાકુમારી આહિર, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં એશાકુમારી માંગુકિયા, તૃતીય ક્રમે નારણલાલા ઇન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીનાં જિનલકુમારી પટેલ વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. ભ્રાતિબેન ગોહેલ અને આભારવિધિ પ્રા. ઇબ્રાહીમભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શિક્ષક દિવસની ઉજવણી



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૨ને શુક્રવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ શિક્ષકદિનની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત એમ.કોમ સેમ–૩ની વિદ્યાર્થિની પ્રિયંકાકુમારી યાદવે પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર પ્રાધ્યાપક મિત્રોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા 'શિક્ષકદિન' વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું તેમજ પ્રા. રુદ્રનાથ ઝા. અને પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ

'શિક્ષકનું મહત્ત્વ' વિશે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. જેમાં અન્ય અધ્યાપકશ્રીઓ તથા વહીવટી સ્ટાફ સભ્યોએ પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરુ પાડયું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. કાજલબેન પટેલ તથા એમ.કોમ. સેમ–૩ની વિદ્યાર્થીનીઓ અને આભારવિધિ સંજનાકુમારી ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

## આંતર કોલેજ પાવર લિફટીગ વુમન ચેમ્પિયનશીપ







તા. ૧૩/૯/૨૦૨૨ને મંગળવારના રોજ આંતર કોલેજ પાવર લિફટીગ વુમન ચેમ્પિયનશીપ ૨૦૨૨–૨૩નું આયોજન પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ કોલેજ, છાપરાભાઠા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીની સ્પોર્ટ્સ કલબની વિદ્યાર્થીનીઓએ એક ગોલ્ડમેડલ અને બે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

(૧) સોનલ એચ. શુકલા, બી.કોમ.સેમ–૧ (ગોલ્ડ મેડલ)
(૨) કિંજલ ડી. પરમાર, એમ.કોમ.સેમ–૩ (સિલ્વર મેડલ)
(૩) પુજાદેવી એમ.મિશ્રા, બી.કોમ.સેમ–૫ (સિલ્વર મેડલ)

વિજેતાઓને ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## એકાંકી નાટય સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત અમૃતરંગ મહોત્સવ–૨૦૨૨ અંતર્ગત એકાંકી નાટય સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનું એકાંકી નાટક – 'અફલાટૂન' પ્રથમ ક્રમે વિજેતા બન્યું.

નાટકના સૌ કલાકારોને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી.રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ તથા કોલેજના વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.





## બેઝિક લાઈફ સપોર્ટ અવેરનેસ



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ને શુક્રવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'બેઝીક લાઈફ સર્પોટ અવેરનેસ' કાર્યક્રમનું વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે ડૉ. મુકેશભાઈભાઈ જગીવાલા હાજર રહી વિદ્યાર્થીઓને મૂળભૂત જીવન જીવવા અંગે તેમજ કટોકટી સમયે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તથા મુશ્કેલ પરિસ્થિતમાં બીજાનું જીવન કેવી રીતે બચાવી શકાય તે અંગે

વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું અને પ્રદર્શન દ્વારા સમજ આપી હતી. કાર્યક્રમમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ તરીકે લાયનશ્રી રેશમા ગાંધી, લાયનશ્રી ઉપેશ ગાંધી, લાયનશ્રી નૂતનબેન દિવાન, લાયનશ્રી કેયુરભાઈ દિવાન, લાયનશ્રી કમલેશભાઈ પારેખ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પરિચય પ્રા.ડૉ.મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ-ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજના NSS, NCC સહિત ૪૦૦ વિદ્યાર્થીઓ તથા પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા, પ્રા. ભૂમિબેન મિસ્ત્રી પણ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા.ભ્રાતિબેન ગોહેલ, પ્રા.રાજભાઈ ડુમસિયા અને આભારવિધિ લાયનશ્રી કમલેશભાઈ પારેખ દ્વારા કરવામાં આવી હતી.

## અમૃતરંગ મહોત્સવ ૨૦૨૨ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત અમૃતરંગ મહોત્સવ-૨૦૨૨ અંતર્ગત જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનું એકાંકી નાટય સ્પર્ધામાં 'અફલાટૂન' પ્રથમ ક્રમે, ડીબેટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, ગરબા સ્પર્ધામાં દ્વિતિય ક્રમે, કોલેજ સ્પર્ધામાં તૃતીય ક્રમે, સમૂહ ગીત સ્પર્ધામાં તૃતીય ક્રમે અને કલે મોડલીંગ સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા બની. સૌ વિજેતા કલાકારોને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તથા કોલેજના વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## આંતર કોલેજ વેઈટલિફટીગ સ્પર્ધા ૨૦૨૨-૨૩



અંબાબા કોમર્સ કોલેજ ખાતે આંતર કોલેજ વેઈટલિફટીગની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૨૮ થી ૩૦ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ ચમકયા હતા. જેમાં ભાઈઓમાં ૫૫ Kg કેટેગરીમાં હર્ષદભાઈ ધંધુકીયાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, સુમિતકુમાર રાઠોડે ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ, ૬૧ Kg કેટેગરીમાં અક્ષયકુમાર બલદાણીયાએ પ્રથમ ક્રમે મેળવી ગોલ્ડ મેડલ અને ૭૯ Kg કેટેગરીમાં વિવેકકુમાર રાજપૂત ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તથા બહેનોમાં ૪૫ Kg કેટેગરીમાં સોનલકુમારી શુકલાએ પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ, માનસીકુમારી રાજપૂત ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ, ૪૯ Kg કેટેગરીમાં ભાર્ગવીકુમારી ચિત્રોડાએ પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ અને ઝીલ પટેલે બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ, ૫૫ Kg કેટેગરીમાં પૂજાકુમારી મિશ્રાએ બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને ૫૯ Kg કેટેગરીમાં કિંજલકુમારી પરમારે બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો.

આમ, અમરોલી કોલેજ કુલ ૪ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યાં હતાં. વિજેતાઓને અને પ્રા. ડૉ. રુસ્તમ એન. સદરીને ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## ભારતી જ્ઞાન સંસ્કૃતિ પરિક્ષા



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૧૭/૯/૨૦૨૨ને શનિવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ ભારતીય જ્ઞાન સંસ્કૃતિ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર પરીક્ષામાં F.Y.B.A. /B.Com, S.Y.B.A./B.Com, T.Y.B.A./B.Comના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી. આ પરીક્ષાના સહયોગમાં શ્રી હસમુખભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી વેલજીભાઈ, શ્રી ચંદુભાઈ, શ્રી દિનેશભાઈ તેમજ આશાબેને સંપૂર્ણ સેવા આપી પરીક્ષાને સફળ બનાવી. આ પરીક્ષાનું સંચાલન પ્રા.એન.બી.બારીયા, પ્રા. વી.એમ.ચૌધરી, પ્રા.જે.બી.ચૌધરી અને પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું.

## અંગદાન જાગૃતિ અભિયાન



જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૧૬–૧૭/૦૯/૨૦૨૨ને શુક્ર–શનિવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'અંગદાન જાગૃતિ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વર્ગોમાં અંગદાન જાગૃતિ અભિયાન હેઠળ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. એન.બી.બારીયા, પ્રા.વી.એમ.ચૌધરી, પ્રા.જે.બી.ચૌધરી અને પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા દ્વારા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## રાષ્ટ્રનિર્માણમાં યુવાઓની ભૂમિકા

જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રનિર્માણમાં યુવાઓની ભૂમિકા–સ્વામીજીની દૃષ્ટિએ' વક્તવ્ય અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. ઉપસ્થિત વક્તાશ્રીનો પરિચય પ્રા.ડૉ.મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો તેમજ ઇ.ચા.રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત શ્રી ચંદનસિંહજીએ વિદ્યાર્થીઓને સ્વામીજીનાં જીવન અંગેના વિવિધ પ્રસંગો વર્ણવીને રાષ્ટ્રનિર્માણમાં યુવાઓની ભૂમિકા અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું અને સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજોના NSS, NCC સહિત ૨૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા તથા આભારવિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.



## ગુજરાત રાજ્ય વેઈટલિફટીગ ચેમ્પિયનશીપ યુવાનો અને જુનિયર (સ્ત્રીઓ) ની સ્પર્ધા




તા. ૧૭–૯–૨૦૨૨ને શનિવારના રોજ ગુજરાત રાજ્ય વેઈટલિફિટંગ ચેમ્પિયનશીપ યુવાનો અને જુનિયર (સ્ત્રીઓ) ૨૦૨૨–૨૩ શ્રી મતિ એલ.એન.બી.દલીયા હાઈસ્કુલ, અડાજણ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં બી.કોમ સેમ–૫ ની ભાર્ગવીકુમારી ચિત્રોડાએ ગોલ્ડ મેડલ, બી.કોમ સેમ–૫ ની પૂજાદેવી મિશ્રાએ સિલ્વર મેડલ, બી.કોમ સેમ–૧ ની સોનલકુમારી શુકલાએ સિલ્વર મેડલ, બી.કોમ સેમ–૧ નો જીલ કુમાર પટેલે સિલ્વર મેડલ, બી.કોમ સેમ–૧ ની માનસીકુમારી સિંગ બ્રોન્ઝમેડલ મેળવ્યો. આ રીતે અમરોલી કોલેજે કુલ ૧ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ અને ૧ બ્રોન્ઝમેડલ મેળવ્યાં.

વિજેતાઓને અને પ્રા. ડૉ. રૂસ્તમ એન. સદરીસાને ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તથા અમરોલી કોલેજના વિદ્યાર્થીઓ તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

## સેમિનાર





જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૨ને સોમવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'કેમ્પસ ટુ કોર્પોરેટરની સફર – 'કેમ' થી 'કેવી રીતે' કાર્યક્રમનું વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે ઇન્જિનીયશ માઇન્ડના સંચાલકશ્રી આશિષ સિપાઈએ હાજર રહી વિદ્યાર્થીઓને કોલેજની કંપની સુધી પહોંચવા માટે કયા કયા ગુણો જરૂરી છે અને તે કેવી રીતે મેળવવા તે અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું અને વ્યવહારિક ઉદાહરણો દ્વારા સમજ આપી હતી. કાર્યક્રમમાં ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા મુખ્ય મહેમાન અને વકતાનું સ્વાગત કર્યું હતું.

સેમિનારની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. મુખ્ય મહેમાન તરીકે માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે શ્રીમતિ તૃપ્તિબેન સિપાઈ હાજર રહ્યાં હતાં. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પરિચય પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. આ સેમિનારમાં 'વૈદિક ગણિત' નવા સર્ટિફિકેટ કોર્ષનું ઉદ્‌ઘાટન તેમજ ગત વર્ષના કમ્પ્યુટરનો પરિચય અને અમલીકરણના સર્ટિફિકેટ કોર્ષનાં સર્ટિફિકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજોના NSS, NCC સહિત ૪૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર સેમિનારનું સંચાલન પ્રા. નિધિબેન વેકરીયા અને આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## સેમિનાર





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૨ને બુધવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'ટેક્ષ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે કરિયર બનાવવા માટેના સેમિનાર'નું વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે અજમેરા ફેશન એમ્પાયરના શ્રી અજયકુમાર અજમેરા હાજર રહી ટેક્ષ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝમાં કરિયર બનાવવા માટે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરુ પાડયું હતું. સેમિનારમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા મુખ્ય વકતા અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

સેમિનારની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. ઉપસ્થિત વકતાનો પરિચય પ્રા.ડૉ.ચિરાગ સિધ્ધપુરિયાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજના NSS, NCC વિદ્યાર્થીઓ સહિત કોલેજના ૪૦૦ વિદ્યાર્થીઓ તથા પ્રા. શિવાનીબેન રાજપૂત, પ્રા. જિગ્ના રાણા, પ્રા. ભૂમિબેન મિસ્ત્રી, ભૂમિબેન જેઠવા પણ હાજર રહ્યાં હતાં.

સમગ્ર સેમિનારનું સંચાલન પ્રા.સોનલબેન કાકલોતર અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## મુંબઈમાં સમુદ્ર સફાઈ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૪ થી ૧૭/૦૯/૨૦૨૨ને બુધવારથી શનિવારના રોજ ૭૫મા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ મુંબઈ સમુદ્ર સફાઈ અંતર્ગત 'રજોડી બીચ' પર સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા લોકોને સ્વચ્છતાની માહિતી અપાઈ હતી. અમરોલી કોલેજના કુલ ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ મુંબઈમાં ૪ દિવસ કામકાજ કર્યું હતું તેમજ તેમને રહેવાની સુવિધા ક્ષિતિજ રિસોર્ટ હોટેલમાં કરવામાં આવી હતી. આ અભિયાનનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું.

## માર્કશીટ વિતરણ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ને ગુરૂવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાનાં માર્ગદર્શન હેઠળ સર્ટિફિકેટ કોર્ષ 'કમ્પ્યુટર પરિચય અને અમલીકરણ'ની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માર્કશીટ વિતરણના કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઈન્જીનીયશ માઇન્ડના શ્રી આશિષભાઈ સિપાઈના વરદ હસ્તે સર્ટીફીકેટ કોર્ષ કરનાર હાજર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી માર્કશીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવાતાં અન્ય સર્ટીફીકેટ કોર્ષ અને કોલેજ દ્વારા લોન્ચ થયેલ વૈદિક ગણિતનો સર્ટીફીકેટ કોર્ષની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રા. બરખાબેન દેસાઈએ પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહથી પૂર્ણ રહ્યું હતું. સર્ટીફીકેટ કોર્ષ કરનારા કોલજના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. મેઘાબેન મહેતા અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## વ્યાખ્યાન





જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૨ને શુક્રવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ એમ.કોમ.ની વિદ્યાર્થીનીઓ માટે 'માલ અને સેવા કર' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે પ્રોફેસર દર્શનભાઈ વાઘાણી દ્વારા વિદ્યાર્થીનીઓને માલ અને સેવા કર વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં એમ.કોમ. સેમેસ્ટર–૧ની તમામ વિદ્યાર્થીનીઓ તેમજ પ્રા. કાજલબેન પટેલ, પ્રા. તરુણાબેન મોદી, પ્રા. સંદીપભાઈ કલસરિયા

હાજર રહ્યાં હતા. આ વિશેષ વ્યાખ્યાનનું સંચાલન પ્રા.ભ્રાતિબેન ગોહેલ અને આભારવિધિ પ્રા. માધવીબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

## માર્ગ સલામતી ટ્રાફિક એજ્યુકેશન જનજાગૃતિ કાર્યક્રમ






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં રાષ્ટ્રીય સેવા યોજનાના દિવસે તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત શહેર ટ્રાફિક પોલિસ, ડિસ્ટ્રીક્ટ ટાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સંયુક્ત ઉપક્રમે ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ 'માર્ગ સલામતી ટ્રાફિક એજ્યુકેશન જનજાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી બ્રિજેશભાઈ વર્મા, શ્રી હિતેશભાઈ રાણા તેમજ ટ્રાફિક શાખાના ભુપેન્દ્રભાઈ શાહ, પંકજભાઈ કેલા, કંચનભાઈ ચૌધરી, હરપાલસિંહ, લાલુભાઈ પારગી હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે અને ટ્રાફિકના નિયમો વિષે આડિયો વિઝ્યુઅલ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તકો દ્વારા મુખ્ય વકતાઓ અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત કુ. સાફી મનીષાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પરિચય પ્રા.ડૉ.મયંક સોઢાએ કરાવ્યો હતો. કોલેજના NSS, NCC સહિત ૪૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સેમિનારનું સંપૂર્ણ સંચાલન પ્રા. ખુશ્બુબેન વામજા અને આભારવિધિ પ્રા. શિવાનીબેન રાજપૂત દ્વારા કરવામાં આવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### પાવર લિફિટંગ ટુર્નામેન્ટનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ પાવર લિફિટંગ ટુર્નામેન્ટનું આયોજન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી ખાતે તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૪૭ કોલેજોમાંથી ૧૭૧ વિદ્યાર્થીઓ (બોયઝ) અને ૨૨ કોલેજો માંથી ૬૪ વિદ્યાર્થિનીઓ (ગર્લ્સ ) એ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યુ હતું. સ્પર્ધા દરમિયાન મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટર ડેવિડ પોલ, ગજેરા વિદ્યાભવન સુરતના આચાર્ય જયેશભાઈ પટેલ તેમજ શ્રી મુકુલ વ્યાસ, રીટાર્યડ એડિશનલ કમિશનર ગાંધીનગર હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના અંતમાં વિદ્યાર્થીઓ (બોયઝ) કેટેગરીમાં ચેમ્પિયન શીપ–દોલત ઉષા ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ ધીરુ સરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, વલસાડ કોલેજ રહી હતી, જ્યારે રનર અપ–અંબાબા કોમર્સ કોલેજ, સાબરગામ સુરત તેમજ વિદ્યાર્થિનીઓ (ગર્લ્સ) કેટેગરીમાં ચેમ્પિયન શીપ–અંબાબા કોમર્સ કોલેજ, સાબરગામ, સુરત જયારે રનર અપ

– જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી રહી છે. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર.ગોયાણીના માર્ગદર્શન હેઠળ તેમજ સ્પોર્ટ ફેકલ્ટી ડૉ. પ્રદીપકુમાર લેંકા તથા કોલેજના અધ્યાપકોના સહકારથી કરવામાં આવ્યું હતું.

## 25 Years Silver Strom Ceremony





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ પાવર લિફ્ટિંગ ટુર્નામેન્ટનું આયોજન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં બી.બી.એ , બી.સી.એ, અને બી.કોમ. અભ્યાસક્રમ ચાલી રહ્યા છે. બી.બી.એ અભ્યાસક્રમના ૨૫માં વર્ષની રજત જયંતી કાર્યક્રમ તા. ૦૨–૦૯–૨૦૨૨ ના રોજ કોલેજમાં રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ બી.બી.એ.ના ચાલુ વર્ષના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાથી કરી ૨૫મા વર્ષની રજત જયંતી કાર્યક્રમની શરૂઆત કરી હતી. રજત જયંતી કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઓલ ઇન્ડિયા લેવલે સી.એ.માં સિદ્ધિ મેળવી સુરતનું ગૌરવ વધારનાર સૃષ્ટિ સંઘવી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમ્યાન બી.બી.એ.નું નામ આપનાર દાતાશ્રી ભાનુકુમાર શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ કોલેજનાં નામ આપનારશ્રીની જીવનગાથા અંગે નાટક અને રજત જયંતી ગીત રજૂ કર્યું હતું. વર્ષ ૧૯૯૮ થી શરૂ થયેલ બી.બી.એ. કોલેજના દરેક બેચમાંથી ૨૫ જેટલા તેજસ્વી તારલાઓને આમંત્રિત કરી સન્માન કરવામાં આવ્યું હતું. રજત જયંતી નિમિત્તે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગીરધરગોપાલ મુંદ્રા, માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્‌મંત્રી અનુજભાઈ શાહ, કોલેજના આચાર્ય ડૉ.મુકેશ ગોયાણી તેમજ જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીના ઇ.ચા.આચાર્ય ડૉ.રાજેશ રાણા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ બી.બી.એ.નાં કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને બી.બી.એ.ના અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓના સહકારથી કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## એન.સી.સી.ઓરિએન્ટેશન પ્રોગ્રામ



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના બી.સી.એ. અને બી.સી.એ.ની વીંટર સેશનની વિદ્યાર્થિની (બહેનો)ઓ માટે એનસીસી ઓરિએન્ટેશન પ્રોગ્રામ તા. ૧૪–૯–૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને એફ.વાય. બી.સી.એ.ની વિદ્યાર્થિની દક્ષા પરમાર અને ઊર્મિ સાવલિયા દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીસર એ વકતવ્ય આપી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને વકતા તરીકે ફોર્મર અસોસિયેટ NCC ઓફિસર વિથ કેપ્ટન રેન્ક તેમજ એસ.બી.ગાર્ડા આટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની ફરજ બજાવતા ડૉ. પુનિતાબેન બી. પટેલ ઉપસ્થિત રહી પ્રસંગોચિત વકતવ્ય રજૂ કરી વિદ્યાર્થીનીઓને NCCનું મહત્વ સમજાવી અને NCC માં જોડાવા માટે ખૂબ પ્રોત્સાહિત કર્યાં હતાં. NCC કાઉન્સિલિંગ પ્રોગ્રામમાં કુલ ૨૮૧ જેટલી વિદ્યાર્થિની (બહેનો) હાજર રહી હતી. બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા અને એન.સી.સી.–સીટીઓ ડૉ. અનિલા પિલ્લાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું

સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ પ્રોફેસર ટ્વિંકલ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## કન્ઝ્યુમર રાઈટ ઈન ઈ–કોમર્સ અને સાઈબર ક્રાઈમ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી તથા કન્ઝ્યુમર રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન અને સુરત સીટી પોલીસ ના સંયુક્ત ઉપક્રમે 'કન્ઝ્યુમર રાઈટ ઈન ઈ–કોમર્સ અને સાઈબર ક્રાઈમ' વિષય ઉપર બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કન્ઝ્યુમર રાઇટ્સ ઓર્ગેનાઈઝેશનના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નવીનકુમાર શર્મા તેમજ ક્રાઇમ બ્રાન્ચ સુરત તરફથી મહેન્દ્રસિંહ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સાઈબર ક્રાઈમ અને તેનાથી બચવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ.મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ પ્રા.ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## શિક્ષક દિવસની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ. વિન્ટર સેશન, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૫/૯/૨૦૨૨ના રોજ કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય અને વિદ્યાર્થિની દર્શના, રીંકલ અને પ્રીયાંશી દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સદા ઉત્સાહી અને માર્ગદર્શક એવા કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી સર દ્વારા પ્રસંગોચિત્ત વકતવ્ય આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિક્ષક દિવસની ઉજવણીના ભાગ રૂપે એક દિવસીય શિક્ષકોને કોલેજ પરિવાર વતી સ્મૃતિ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ B.COM. B.C.A. Winterના વિદ્યાર્થીઓએ કોલેજ વિશેની એક નાની ઝાંખી રજૂ કરી હતી. ત્યાર પછી ડમ્બ ચૅરેડ્સ ગેમ દ્વારા કે જેમાં અભિનય દ્વારા શબ્દસમૂહો અથવા મૂવીનું નામ, વ્યક્તિત્વ, પુસ્તક અથવા ટીવી શો વગેરે સમજાવી શિક્ષકો અને વિદ્યાર્થીઓને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પુર્ણાહૂતિ કરવામાં આવી.

## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### આરતી થાળી સુશોભન



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત અત્રેની એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં 'આરતી થાળી સંશોભન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની ઘર વપરાશીની સામગ્રીનો ઉપયોગ કરી સુંદર આકર્ષક થાળી સુશોભન કરી હતી. ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયાબેન ટંડેલે કર્યુ હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. નિશાબેન ચાવડા અને પ્રા. પાયલબેન કેવતે સેવા આપી હતી આ સ્પર્ધામાં ભંડારી ગ્રેસી ટી.વાય. બી.કોમ. પ્રથમ ક્રમે, પટેલ ગરવીતા ટી.વાય.બી.કોમ. બીજા ક્રમે અને રાજપુત રોહિત અનિતા ત્રીજા ક્રમે પ્રાપ્ત કર્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.

### જોબ પ્લેસમેન્ટ ફેર

ગુજરાત સરકારની કેસીજી દ્વારા આજરોજ એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે કેમ્પસ ઇન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા. જેમાં પાંચ કંપનીઓ બેંક સહિત ઉપસ્થિત રહી હતી, કુલ ૧૦૫ વેકેન્સીઓ હતી. આ માટે ટી.વાય.બી.કોમ. પાસ આઉટ તથા ટી.વાય.બી.કોમ.

રેગ્યુલરના આશરે ૧૦૬ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના પ્રદર્શનથી કંપનીઓ પ્રભાવિત થઈ હતી. ઇન્ટરવ્યુ માટે પધારેલ કંપનીઓમાં મુખ્યત્વે પુસ્પકિરણ એજન્સી પાસે ૪૬ જેટલી કોમ્પ્યુટર ઓપરેટરની વેકેન્સી હતી. કંપની તરફથી રચના શ્રીવાસ્તવ અને પ્રીતિ શ્રીવાસ્તવ, ફિનકેર બેંક તરફથી કુલ ૫૦ વેકેન્સીઓ હતી, જેનું પ્રતિનિધિત્વ હર્ષ સોલંકી અને દીપેશ દવે અને વેરી ટાસ હેલ્થ સાયન્સ પ્રાઈવેટ લિમિટેડ અંભેટા તરફથી ૨ વેકેન્સી દર્શાવવાઈ હતી જ્યારે Indusind Bank નવસારી અનિવાર્ય કારણોસર હાજર ન રહેતા વિદ્યાર્થીઓ પાસે રિઝ્યુમ લઈ લેવાયાં છે. તેઓ બે–ત્રણ દિવસમાં સ્થળ પર આવી ઇન્ટરવ્યુ પતાવશે એવી ખાતરી આપવામાં આવી છે. એમની પાસે પાંચ વેકેન્સીઓ છે. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા કંપની કર્મચારીઓ માટે ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કંપનીઓ તરફથી પસંદગી થયેલ વિદ્યાર્થીઓને ઓફર લેટર આપવામાં આવશે, સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ અને જોબ પ્લેસમેન્ટ ફેરનાં કન્વીનર ડૉ. સોનલબેન વસાવાના સહયોગથી સુપેરે પાર પડયો છે. કાર્યક્રમમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો સુંદર સાથ અને સહયોગ મળ્યો છે.









## શ્રીમતી સી.ડી.જોબલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપી.

### વર્કશોપ







શ્રીમતી સી. ડી. જોબાલિયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર. અચ્છારિવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપી અને ઇનરવ્હીલ કલબ ઓફ વાપીના સંયુકત ઉપક્રમે તા. ૧૪–૯–૨૦૨૨ના રોજ સ્કીલ ડેવલોપમેન્ટ ક્રાફટ વર્કશોપ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓને પેપરમાંથી ગ્રીટીંગ કાર્ડ, આર્ટિકલ, પેપરબેગ કેવી રીતે બનાવાય તે અંગે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઈનરવ્હીલ કલબનાં એક્ટિંગ પ્રેસિડેન્ટ ખ્યાતિ ગુસાની, કલબનાં સભ્ય નિયતી શાહ તથા વિજયાબેન વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. વિજયાબેને પેપર બેગ કેવી રીતે બનાવી શકાય તેની ફર્સ્ટ હેન્ડ તાલીમ આપી વિદ્યાર્થીઓને પ્લાસ્ટિક અને ઝભલા થેલીની જગ્યાએ પેપરબેગ વાપરવા માટે પ્રોત્સાહિત કર્યા. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. આ તાલીમમાં કોલેજના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### અંગદાન માટેની પ્રતિજ્ઞા

શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.એ. રોફેલ કોમર્સ કોલેજ વાપીમાં તા. ૧૬–૯–૨૦૨૨ના રોજ દરેક કલાસમાં વિદ્યાર્થીઓને અંગદાન અંગેની સમજ આપી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.






## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### ટ્રેનીગ પ્રોગ્રામ




એસ.બી.ગાર્ડા કોલેજ (આર્ટ્સ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ઇનોવેશન કલબ દ્વારા ચાર દિવસનો તાલિમ કેમ્પ તજજ્ઞ વિશાલભાઈ વઢીયારનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. તાલિમના પ્રથમ દિવસે ટ્રેનર વિશાઈભાઈનું સ્વાગત ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ચાર દિવસ દરમ્યાન ટ્રેનર વિશાલભાઈએ એડવાન્સ ઇલેક્ટ્રોનિક્સ કીટ, એગ્રીટેક કીટ, બેઝિક ઇલેક્ટ્રોનિક્સ કીટ, એનજી કન્વર્ઝન કીટ, મિકેનિકલ કીટ, VR ગ્લોબલ કીટ, Mechatronics કીટ, ટેલીસ્કોપ કીટ, ડ્રોન કીટ, એડવાન્સ સાયન્સ કીટ તથા Banner With SR-Glue વગેરે કીટની તાલિમ ઇનોવેશન કલબના ૧૦૯ જેટલા સભ્યોને આપવામાં આવી હતી. તેમાં ડ્રોન વિમાન ઉડાવવાની તાલિમ આ પૈકી મુખ્ય હતી. ડ્રોન વિમાનના વિવિધ ઉપયોગો, તેને ઉડાવવાની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ટ્રેનિંગનો સમાપન સમારોહ તા. ૧૮/૮/૨૦૨૨ના રોજ ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં અને બંને ઉપાચાર્યો શ્રી મહેશભાઈ નાયક તથા ડૉ. હિતેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. સમાપન સમારોહમાં આવકાર પ્રવચન રજૂ કરતા ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં કશુંક નવું કરવાની સર્જનાત્મક શકિત પડેલી છે, તેને ઉજાગર કરી રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવા અથાગ પુરુષાર્થ કરવાનું તેમણે કહ્યું હતું. બંને ઉપાચાર્યોએ ઈનોવેશનનું મહત્વ સમજાવેલ.

વૈજ્ઞાનિક કીટની ચાર દિવસ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપનાર તજજ્ઞશ્રી વિશાલભાઈ વઢીયારે ખૂબ જ પાયની વૈજ્ઞાનિક સમજ વિદ્યાર્થીઓને આપી હતી અને તેમણે વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી બિન વ્યાજની સબસીડીની માહિતી આપી હતી અને સંશોધનમાં આ વૈજ્ઞાનિક કીટોનું કેવું અને કેટલું મહત્વ છે તે તેમણે જણાવ્યું હતું. આ ચાર દિવસ દરમ્યાન મેળવેલી ટ્રેનિંગ વિશેના અનુભવો ચાર વિદ્યાર્થીઓએ જણાવેલ, ટ્રેનિંગ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઇન્ચાર્જ આચાર્ય , ઉપાચાર્ય તથા ટ્રેનર વિશાલભાઈના હસ્તે સર્ટીફિકેટનું પ્રતીકાત્મક રીતે વિતરણ કરવામાં આવ્યું હતું.

ઇનોવેશન કલબનાં અધ્યક્ષ ડૉ. નેહાબેન હરિયાણીએ ઇનોવેશન કલબની સ્થાપના, તેનું મહત્વ, સરકાર દ્વારા મળતી સહાય વગેરે વિશે વિગતવાર માહિતી આપી હતી. અંતે કાર્યક્રમનું રાષ્ટ્રગીતથી સમાપન કરવામાં આવ્યું હતું.

### મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ



નવસારીની એસ.બી.ગાર્ડા કોલેજ ખાતે N.S.S., I.Q.A.C અને નવસારી પ્રાંત અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં નવસારી પ્રાંત અધિકારીશ્રી રાજેષભાઈ બોરડ, મામલતદારશ્રી એચ.ડી. ગાંધી તથા પ્રાંત કચેરીના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. પ્રાંત અધિકારીશ્રી રાજેષભાઈ બોરડ 'મતદાર જાગૃતિ અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓને વોટીંગ કાર્ડનું મહત્ત્વ

તથા તેના ઉપયોગ વિશેની વિસ્તૃત જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે કોલેજના ઉપાચાર્ય શ્રી મહેશભાઈ નાયક અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીશ્રીઓનું ગાર્ડા કોલેજ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મનિષભાઈએ 'મતદાર જાગૃતિ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત પ્રેઝન્ટેશન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યાબેન લહામગેએ કર્યું હતું. આભાર વિધિ તૃષાબેન વશીએ કરી હતી. આ કાર્યક્રમની સમાપ્તિમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.

## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

## ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેશ કાર્યક્રમ







તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે તા.૧૬–૧૦–૨૦૨૨ના રોજ તપોવન સંકુલમાં સેલિબ્રેટિંગ યુનિટી થોંટસ સ્પોર્ટની ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે પોલીસ અધિક્ષક શ્રી ભરૂચનાં શ્રીમતી ડૉ. લીના પાટીલ તેમજ અતિથિ વિશેષ તરીકે ભરૂચ જિલ્લા ભાજપ રમતગમત સેલના સહ કન્વીનર શ્રી પ્રશાંતભાઈ પટેલ, તેમજ, જિલ્લા પંચાયતનાં સભ્ય શ્રીમતી શેલાબેન પટેલ, તેમજ જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રાજનભાઈ ગોહિલ તથા સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઇ પંડયા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત ડી.એલ. એસ.એસ. વિધાર્થિનીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ મહેમાનશ્રીઓ વરદહસ્તે દિપપ્રાગટય કરવામાં આવ્યું, ત્યારબાદ મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છથી તથા મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું.

ભરૂચ તાલુકાની ખેલ મહાકુંભની વિજેતા પામેલ શ્રેષ્ઠ શાળાઓનું સન્માન મહેમાનશ્રીના વરદહસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ તપોવન સંકુલની સ્કુલ ડી.એલ.એસ. એસ.ના વિધાર્થીઓ જે ખેલ મહાકુંભમાં રાજય કક્ષાએ વિજેતા પામેલ છે તેઓનું મહેમાનશ્રીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું. અને તેઓ દિવસે દિવસે વધુ પ્રગતિ કરે તેવી શુભેછાઓ આપવામાં આવી. સ્વાગત પ્રવચનમાં સંસ્થાનાં નિયામક જાગૃતિબેને સંસ્થાનો વિસ્તૃત પરિચય આપી તપોવન સંકુલમાં માત્ર અભ્યાસ જ નહી સર્વાંગી વિકાસ તેમજ રમતગમતની પ્રવૃતિઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે તેમ જણાવ્યું.

૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓ રમત ક્ષેત્રે આગળ વધે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાધ્યાપક ડૉ. નિલેશભાઈ ઉપાધ્યાય દ્વારા ફિટ ઈન્ડિયા ઓથ લેવડાવવામાં આવી હતી.

પધારેલા મુખ્ય મહેમાન શ્રી શ્રીમતી ડૉ. લીના પાટીલે પોતાનાં વકતવ્યમાં જણાવ્યું કે આપણા ભારતમાં લગભગ આઠ વર્ષ પછી નેશનલ ગેમ્સનું આયોજન થયું છે. અને આ નેશનલ ગેમ્સને સફળતાપૂર્વક પાર પાડવાનું બીડું ગુજરાતે ઝડપી લીધું છે. આ ઉપરાંત નેશનલ ગેમ્સ અંગે તેમણે જણાવ્યું કે જે વ્યકિત રમત સાથે સંકળાયેલી છે તેનામાં ખેલદિલી ભરપૂર હોય છે.આવી વ્યકિતનું માનસિક સંતુલન ખૂબ સારું હોય છે. કારણકે તેને રોજ હારવાની અને જીતવાની ટેવ હોય છે તેથી તે હારથી ડરી નથી જતાં અને જીતથી છકી નથી જતાં. તેમણે જણાવ્યું કે આપણે સ્પોર્ટમાં વધુ રસ દાખવીએ અને સ્પોર્ટનું મહત્ત્વ વધારીએ. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે તમે ભણવાની સાથે સાથે સ્પોર્ટમાં પણ પ્રગતિ કરો અને આગળ વધો. આ વિસ્તૃત માહિતી પોલીસ વડાશ્રીએ આપેલ તેમજ જીવનમાં પ્રગતિ સાધવા માટે રમત ગમત અને વાચનને વિશેષ મહત્ત્વ આપી આગળ વધવા શુભેચ્છાઓ આપી.

૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કાર્યક્રમ અંગે સંસ્થા દ્વારા બેડમિન્ટન, ખોખો, વોલીબોલ, ફૂટબોલ, કેરમ, દોડ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીમતી ડૉ. લીના પાટીલ કેરમ ગેમ રમી કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું. ત્યારબાદ આ બધી જ રમતોમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

અંતે કાર્યક્રમની આભારવિધિ પ્રાધ્યાપક ડૉ. નિલેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક સિફા દીવાન તથા ઉર્વશી ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા તથા નિયામક શ્રી જાગૃતિ પંડયાનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સેમિનાર




તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનના દ્વિદશાબ્દી વર્ષની ઉજવણીના પ્રસંગે સંસ્થા દ્વારા Indian Council of Social Science Research, Ministry of Education New Delhiના સહયોગથી તા. ૫/૯/૨૦૨૨ શિક્ષકદિનના રોજ National Multidisciplinary Seminar on Charismatic Education Practies Seminarનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ડૉ. અંજુ શર્મા (આઈ.એ.એસ.) તથા પ.પૂ. સ્વામીની તન્મયાનંદ સરસ્વતીજી કીનોટ સ્પીકર તરીકે ડૉ. અજીતસિંહ રાણા, ડૉ. વેદવ્યાસ દ્વિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત B.Ed. ની તાલીમાર્થી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી અને મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ તથા સેમિનારના કન્વીનર ડૉ. આશકા શુક્લા દ્વારા મહેમાનશ્રીઓનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે, સત્યમમાં જ્ઞાનની જે જ્યોત પ્રજ્વલિત કરી છે તેનો પ્રકાશ સર્વત્ર પ્રસરતો રહે, અધ્યયન–અધ્યાપન અને પઠન–પાઠનની પ્રવૃતિ નિરંતર તપોવન સંકુલમાં ચાલતી રહે, સંસ્થા પ્રગતિના સર્વોચ્ચ શિખરો સિદ્ધ કરે એવી પ્રાર્થના તેમના દ્વારા દ્વિદશાબ્દી મહોત્સવ નિમિત્તે શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિનું ધામ તપોવન બનશે એવી ભાવના વ્યકત કરી.

ત્યારબાદ પ. પૂ. સ્વામીની તન્મયાનંદ સરસ્વતીજી દ્વારા શિક્ષકદિન નિમિતે પ્રવચન આપવામાં આવ્યું તેમના શિક્ષકદિન નિમિતે શિક્ષક કેવો હોવો જોઈએ એ વિષય પર જણાવવામાં આવ્યું શિક્ષક એ કર્તવ્ય નિષ્ઠા હોવો જોઈએ. શિક્ષકમાં સામ , દામ, દંડ, ભેદ જેવા તમામ પ્રકારના ગુણો હોવા જોઈએ. શિક્ષક પાસે જ્ઞાનનો પૂરો ભંડાર હોવો જોઈએ જેનાથી તે વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરી શકે. તેમના દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે ધન અને શિક્ષણ ને કોઈ સબંધ નથી. આજનું શિક્ષણ અમુક વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઊભી કરે છે. ધનવાન વ્યકિત જ સારી કોલેજ કે સારી સ્કૂલમાં અભ્યાસ કરી શકે છે. નામાંકિત કોલેજોમાં સારા ટકા ના હોય તો પણ ડોનેશન લઈને એડમિશન મળે છે અને જે ખરેખર હકદાર છે તેવા વિદ્યાર્થીઓ રહી જાય છે. તેમના દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, 'ધર્મ એ સુખની શાંતિ છે.' શાસ્ત્રમાં કહેવાય છે તેમના દ્વારા દ્વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી અને સંસ્થા દિવસે દિવસે વધુ પ્રગતિ કરે તેવા આશિવર્ચન આપવામાં આવ્યાં હતાં.

કીનોટ સ્પીકર અજીતસિંહ રાણા તેમને National Education Policy 2020 વિશે પણ વાત કરી. તેમણે એવું પણ જણાવ્યું કે અત્યારે આપણો દેશ ટેકનોલોજીમાં ખૂબ આગળ પડતો થયો છે. વિદ્યાર્થીની માનસિક શકિત વિકસાવવા માટે વિજ્ઞાનને લગતા પ્રયોગો એમને આપી શકાય છે. અત્યારે બધી જ જગ્યાએ ગૂગલ પે, ફોન પેનો ઉપયોગ કરવા લાગ્યા છે. આ તમામ વસ્તુઓ લોકોને આત્મનિર્ભર બનાવે છે અને તેમના દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે શિક્ષક દ્વારા વિદ્યાર્થીના વિકાસ માટેના તમામ કાર્ય શિક્ષકોએ કરવા જોઈએ. આ સેમિનારમાં કુલ દેશભરની વિવિધ કોલેજો યુનિવર્સિટી, સંસ્થાઓમાથી 116 Participant ભાગ લીધો હતો. જેમાં 84 સંશોધનપત્રો UGC Care Journal International Journal of Creative Thought (UCRT)માં પ્રકાશિત કરવામાં આવશે. સેમિનારમાં વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર આચાર્ય ઉપસ્થિત રહ્યં હતા. ડૉ. કીર્તિ દક્ષેશ, ડૉ. પ્રીતી મધુભાઈ ચૌધરી, ડૉ. મીના આઈ. રાજપુત, ડૉ. નિગમ ભુપેન્દ્રભાઈ પંડયા, ડૉ. જયશ્રી એન. ગુજર, ડૉ. નિતેન્દ્રકુમાર પટેલ, ડૉ. કલ્પેશકુમાર ટંડેલ, ડૉ. ફાલ્ગુની પારેખ આ Seminarમાં સેવાઓ આપી હતી. અંતે કાર્યક્રમની આભારવિધિ સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રાધ્યાપકશ્રી નિલેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપ જયોતિ કોલેજ ઓફ કોમર્સનાં પ્રાધ્યાપક શ્રી સામિયા પીરજાદા દ્વારા કરવામાં આવ્યું હતું. તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા તથા નિયામક શ્રી જાગૃતિ પંડયાનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

## ગોલ્ડ મેડલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ બોકિસંગ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી પ્રેમ અશોકભાઈ પંડીતએ ૫૪ કિગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ અમદાવાદમાં આયોજીત ચેસબોકિસંગ સ્પર્ધામાં પસંદગી પામેલ છે. આ સ્પર્ધામાં મેડલ મેળવવામાં સફળ થાય, તે માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારીરિક શિક્ષણના પ્રા. સી.કેઅસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી.

## ૧૦મી નેશનલ ચેસ બોક્સિંગ ચેમ્પિયનશીપ




અમદાવાદમાં રમાયેલી ૧૦મી નેશનલ ચેસ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં નવયુગ કોમર્સ કોલેજનાં ખેલાડીએ ભાગ લીધો હતો આ ખેલાડીએ વર્લ્ડ ચેસ બોક્સિંગ ચેમ્પિયનશીપ દ્વારા આયોજિત ચેસ બોક્સિંગ ગુજરાત રાજ્યમાં અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ હતું આ રમતમાં ચેસ બોક્સિંગ થકી ખેલાડીઓની શારીરિક અને માનસિક કસોટી આમ બન્ને એક જ સ્થળે થાય છે આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજમાં એસ.વાય.બી.કોમ.માં રોલ નં ૬૪૫ થી અભ્યાસ કરતો ખેલાડી શ્રી. પ્રેમ પંડિત જેમનો વર્લ્ડ ચેસ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ૫૪ કિગ્રામાં ભાગ લઈ વેસ્ટ બંગાળના ખેલાડી અંશુ સૌવને પરાસ્ત કરી. ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી આ ચેમ્પિયનશીપમાંથી તુર્કીમાં રમાનાર વર્લ્ડ ચેસ બોક્સિંગ ચેમ્પિયનશીપ માટે કુલ ૫ ખેલાડીઓની પસંદગી થઈ જેમાં ૫૪ કિગ્રાના ગ્રુપમાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી પ્રેમ પંડિતની પસંદગી થયેલ છે. સમગ્ર ગુજરાત તેમજ નવયુગ કોમર્સ કોલેજનુ ગૌરવ વધાર્યુ. આ ખેલાડી કોલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદ એન. પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી સી.કે.અસારીયા અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી.

## ૩૩ વેસ્ટ ઝોન જુનીયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ




ગુજરાત સ્ટેટ એસોસીએશન દ્વારા આયોજીત ૩૩ વેસ્ટ ઝોન જુનીયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ૨૦૨૨નું છત્તીસગઢ રાઈપુરમાં આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજમાં ટી.વાય.બી. કોમમાં રોલ નં. ૩૪૪ થી અભ્યાસ કરતો ખેલાડી શ્રી મિહિર શૈલર જેમને આ સ્પર્ધામાં ૪ × ૪૦૦ રીલે દોડમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમજ ૧૦૦ મીટર રીલે દોડ માં બીજા ક્રમે આવી નવયુગ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું . આ ખેલાડીને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી.સી.કે.અસારીયા અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી.

## પાવર લીફટીગમાં સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત આંતર કોલેજ પાવર લીફટીગ સ્પર્ધા આર.વી. કોલેજ અમરોલીમાં યોજાયેલ હતી. આ સ્પર્ધામાં રાંદેરી યશ ૬૭ કિ.ગ્રા. માં સિલ્વર મેડલ, બોરશે જય ૮૧ કિ.ગ્રા., રાણા હર્ષ ૧૦૨ કિ.ગ્રા., દાલવાલા નીલકંઠ ૬૬ કિ.ગ્રા., કલાસ્કાર સ્વારંગી ૮૧ કિ.ગ્રા. ગૃપમાં સિલ્વર મેડલ, પરમાર હીરાન્સી ૫૭ કિ.ગ્રા., સુરો સાક્ષી ૭૬ કિ.ગ્રા., લખારા ઉર્વશી ૫૪ કિ.ગ્રા. ભાગ લીધો છે. આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી સી.કે.અસારીયા અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી.

## કર્ણાટકમાં યોગા સ્પર્ધા




ઇન્ડિયન યોગા સ્પોર્ટસ ફેડરેશન દ્વારા કર્ણાટકમાં યોગા સ્પર્ધામાં આયોજન કરવામાં આવેલ હતું આ સ્પર્ધાના નવયુગ કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.કોમ.માં રોલ નં. ૭૫૫ થી અભ્યાસ કરતો ખેલાડીઓ શ્રી વ્રજ પચ્ચીગર જેમને ટીમ ગ્રુપમાં ગોલ્ડ મેડલ તેમજ વ્યકિતગત ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી નવયુગ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યુ . આથી કોલેજ પરિવારે ખેલાડીને અભિનંદન તેમજ આગળ રમવા જવા માટે શુભેચ્છા પાઠવી.

## બેસ્ટ ફિઝીક્સ સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત બેસ્ટ ફિઝીક્સ સ્પર્ધા અંબાબા કોલેજમાં આયોજીત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી ચૌધરી દિવ્યેશે ૭૪ કિ.ગ્રા. માં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ તેમજ શેખ અન્સે ૬૬ કિ.ગ્રામાં દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ વિવેક સોલંકીએ ૫૪ કિ.ગ્રા.માં તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ તેમજ પરમાર સુમિતે ૯૪ કિ.ગ્રા. તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. સમગ્ર ગુજરાત તેમજ નવયુગ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી સી.કે.અસારીયા અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી.

## ઓલ ઈન્ડિયા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન



નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આયોજીત ઓલ ઈન્ડિયા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ Talkatora Stadium, Delhiમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજમાંથી શ્રી યશ રાંદેરીએ ૬૬ કિ.ગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. શ્રી યશ પ્રવીણભાઈ રાંદેરીએ પહેલા પણ સ્ટેટ લેવલ પર તેમજ ઇન્ટર કોલેજમાં પણ મેડલ પ્રાપ્ત કર્યો છે. સમગ્ર ગુજરાત તેમજ નવયુગ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીને આચાર્યશ્રી વિનોદ એન. પટેલ તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી સી.કે. અસારીયા અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવી.

## ગુજરાત સ્ટેટ વેઇટલિફટીગ સ્પર્ધા

ગુજરાત સ્ટેટ વેઇટલિફટીગ આયોજિત સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી યસકુમાર પી.રાંદેરી એ ૬૭ કિગ્રા. ગ્રુપમાં કુલ ૧૮૦ કિ.ગ્રા. વજન ઊંચકી દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો. તેમજ શ્રી જય એમ.બોરશેએ ૮૯ કિગ્રા. ગ્રુપમાં કુલ ૧૫૦ કિ.ગ્રા. વજન ઊંચકી દ્વિતિય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વેઈટલિફિટંગ સ્પર્ધામાં પણ મેડલ મેળવવામાં સફળ થાય તે માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારીરિક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત બી.એડ.કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, સુરત.

### રક્તદાન શિબિર




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ અને કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૧૭ મી સપ્ટેમ્બરના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સેક્રેટરી શ્રી નીરજભાઈ પટેલ અને વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી વિનોદભાઈ પટેલ (દંડક, સુરત મહાનગરપાલિકા), શ્રી વિવેકભાઈ પટેલ (ધારાસભ્ય), શ્રી શરદભાઈ પાટીલ (કોર્પોરેટર), શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે (કોર્પોરેટર) શ્રીમતી રાજકવરબેન રાઠોડ (કોર્પોરેટર) ઉપસ્થિત રહ્યાં હતાં. બ્લડ ડોનેશન કેમ્પમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મળીને કુલ ૮૩ યુનિટ બ્લડ એકત્ર કરીને માનવતા મહેકાવવાનું કાર્ય કર્યુ હતું. કાર્યક્રમને અંતે સૌ અલ્પાહાર લઈ છૂટા પડયા હતા.

## ઈન્ટર કોલેજ બોકસિંગ ટુર્નામેન્ટ




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ તા. ૧/૯/૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજીત ઈન્ટર કોલેજ બોકિસંગ ટુર્નામેન્ટ (ભાઈઓ તથા બહેનો)માં ભાગ લીધો હતો. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી એક ગોલ્ડ મેડલ, ચાર સિલ્વર મેડલ અને સાત બ્રોંઝ મેડલ એમ કુલ ૧૨ મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં શર્મા પાર્થવીએ **ગોલ્ડ મેડલ,** મિશ્રા રવિકાંત, પાંડે સચિન, રાજભર આંચલ અને સિંઘ જયોતીએ **સિલ્વર મેડલ તેમજ** ગૌડા સમિર, સિંઘ શિવમ, સિંઘ આશિષ, સિંઘ અવિનાશ, તિવારી સમિર, શર્મા મિતેશ અને દેસાઈ જયશ્રીએ **બ્રોંઝ મેડલ પ્રાપ્ત કર્યા હતાં.** આ સિદ્ધિ બદલ ટ્રસ્ટી તથા સમસ્ત કોલેજ પરિવાર ખુબ જ અભિનંદન પાઠવે છે.

## અંગદાન જાગૃતિ કાર્યક્રમ




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ અને કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણેય કોલેજોના પ્રધાનાચાર્યો, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ અંગદાન કરવાની શપથ લીધી હતી. કાર્યક્રમનાં અંતે રાષ્ટ્રગાન બાદ સૌ કોઈ છૂટા પડયા હતા.

## સાગર સફાઈ અભિયાન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. અને કોમર્સ કોલેજ પાંડેસરા ખાતે તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે સાગર સફાઈ અભિયાનનું ડુમ્મસ બીચ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગર પાલિકા દ્વારા સાગર સફાઈ અભિયાનમાં ગ્લોવ્સ, કેપ અને માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં અંતર્ગત બી.એડ્ના તાલીમાર્થીઓ તથા બી.કોમ. અને બી.સી.એ.ના વિદ્યાર્થીઓની સાથે અધ્યાપકોએ ડુમ્મસ બીચ પર જઈ સાગર સફાઈ અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.







## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

### અંગદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા



શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ એન્ડ બી.કોમ. (ઈંગ્લીશ મિડિયમ) એડિશનલ ડિવીઝન (સેલ્ફ ફાઈનાન્સ) ફોર વિમેન્સ, કોલેજમાં તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ અંગદાન કરવાની શપથ લીધી હતી.

### ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન



શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.એ., બી.કોમ. તથા એમ.એ. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થિની બહેનો માટે સુસજ્જતા, કોલેજના નીતિ નિયમોનું પાલન તથા વિદ્યાર્થી જીવન ઘડતરમાં કારકિર્દીનું મહત્ત્વ અંગેનાં સૂચનો આપવા માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહના પ્રમુખ ડૉ. બંકીમભાઈ ઠાકરે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થી બહેનોને કોલેજમાં સારું જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે કોલેજમાં સારી સગવડો ઉભી કરવામાં આવી હતી. ઉદ્ઘાટક ડૉ. કનુભાઈ માવાણીએ સ્વામી આત્માનંદ સંસ્થામાં બહેનોને સશકત બની સ્ત્રી આત્મહત્યાને રોકવા માટે સૂચનો કર્યા હતાં. અતિથિ વિશેષ જીવરાજભાઈ સુરાણીએ સૌરાષ્ટ્રમાંથી આવતા અભણ વાલીઓની દિકરીઓને સુશિક્ષિત બનાવવાનું સ્વપ્ન સાકાર કર્યાનો સંતોષ વ્યકત કર્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. ડિ.એલ. વરસાણીએ કોલેજમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, સર્ટીફિકેટ કોર્ષ, વિવિધ પ્રવૃતિઓનો ચિતાર આપ્યો હતો. F.Y.BA માં એડમીશન લેનાર ધોરણ–૧૨માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષમાં એડમિશન લેનાર બહેનોએ સ્વીકાર કર્યો હતો કે આ કોલેજમાં પુસ્તકિયું જ્ઞાન નહી પરંતુ જીવનલક્ષી જ્ઞાન આપવામાં આવે છે. કોલેજમાં એડમિશન લઈ પોતાનો આનંદ વ્યકત કર્યો હતો.

### પર્યાવરણ બચાવો પર વ્યાખ્યાન



વિદ્યાર્થીઓમાં પર્યાવરણ બચાવવા માટે જાગૃત્તા આવે એ ઉદ્દેશ્યથી સદર કોલેજમાં પર્યાવરણ બચાવો વિષય ઉપર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા તરીકે જાણીતા ઉદ્યોગપતિ તથા સમાજ, દાન , શિક્ષણ અને વૃક્ષપ્રેમી દેવચંદભાઈ કાકડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વૃક્ષોને વ્યકિત વિકાસ માટે માર્ગદર્શક ગણાવ્યા હતા. વૃક્ષોથી જ મનુષ્યમાં પરોપકારની ભાવના, સંવેદના, લાગણી, પ્રેમ, કરૂણા જેવા ઉચ્ચ ગુણોનો વિકાસ થાય છે. વૃક્ષોને મનુષ્ય, જીવજંતુ, પશુ, પક્ષી તમામનાં જીવનમાં ઉપયોગી ગણાવ્યાં હતાં. તેમણે વિદ્યાર્થી બહેનોમાં પર્યાવરણ અને વૃક્ષ પ્રેમ જગાડવા માટે પોતાનાં જન્મ દિવસે કેક કાપવાની જગ્યાએ એક વૃક્ષનો છોડ રોપી જન્મદિવસ ઉજવવાની સલાહ આપી હતી. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ વેદ પુરાણ અને ઉપનિષદમાં વૃક્ષોનું જે મહત્ત્વ છે તેની જાણકારી વિદ્યાર્થિની બહેનોને આપી હતી.

### પ્લેસમેન્ટ ફેરનું આયોજન



શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તેમજ યુવા ઉપનિષદ ફાઉન્ડેશનમાં સંયુકત ઉપક્રમે

સદર કોલેજમાં તા. ૧૦/૯/૨૦૨૨ને શનિવારના રોજ T.Y.B.A., T.Y.B.COM અને M.A. ની વિદ્યાર્થિનીઓ માટે પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કન્ટેન્ટ ડેવલપર, કાઉન્સેલર, ફેકલ્ટી, ઓફિસ આસિસ્ટન્ટ, ગ્રાફિક્સ ડિઝાઈનર, વીડિયો એડિટર, ટાઈપિસ્ટ, પ્રુફરિડર અને એકાઉન્ટન્ટ જેવા પદો માટે ઈન્ટરવ્યુ કરી પ્લેસમેન્ટ માટે વિદ્યાર્થિનીઓને તક પૂરી પાડવામાં આવી હતી. આ સાથે GPSC ક્લાસ ૧/૨ પ્રિલિમ્સ માટે સરકારશ્રીની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. જેમાં ૧૮૦ જેટલી બહેનો જોડાઈ હતી અને ૬૮ જેટલી બહેનોએ ઈન્ટરવ્યુ આપ્યા હતા.આ કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ.દિલીપ વરસાણીનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આચાર્યશ્રીએ વિદ્યાર્થિનીઓ કોલેજ કર્યા બાદ રોજગારી મેળવતી થાય તે માટે યુવા ઉપનિષદ પબ્લિકેશનના મેનેજર શ્રી અંકિતભાઈ ચૌધરી અને તેમની ટીમને કોલેજ પર આમંત્રિત કરી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા ઉદીશા કલબના ડૉ.ઓમપ્રકાશ પુરોહિત અને ડૉ. અમિત ગોધાણીએ જહેમત ઉઠાવી હતી.

## ડોલીબેન દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સ, પલસાણા.

### જન્માષ્ટમી પર્વની ઉજવણી




શિક્ષણ એ પુસ્તકીય જ્ઞાનની સાથે સાથે માનસિક, શારીરિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરે તેવું હોવું જોઈએ. વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી તેમજ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિનો વિકાસ થાય એ હેતુથી ડોલીબેન દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સ દ્વારા તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે રંગોળી, પોસ્ટર મેકિંગ અને મટકી શણગાર જેવી સ્પર્ધા અને મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિની ખીલવણીમાં વધારો જોવા મળ્યો હતો. મૂલ્યાંકનના માપદંડને આધારે નિર્ણાયકોએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન માટે વિજેતાઓ નક્કી કરી સંસ્થા દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. મટકી ફોડ ઉજવણીમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભેગા મળીને કોલેજ કેમ્પસને તોરણથી શણગાર્યું હતું. મટકી ફોડી વિદ્યાર્થીઓએ આનંદભેર ઉત્સવની ઊજવણી કરી હતી.

| Rank No. | Student Name | Class |
|---|---|---|
| | **Rangoli Decoration Competition** | |
| 1 | Raval Umamg | FYBCA |
| | Nayi Dhruv | |
| | Vaniya Bhumi | |
| | Jadav Samal | |
| 2 | Gurjar Tulsi | SYBCOM |
| | Vagh Nikita | |
| | Mulla Tasnim | |
| | Shaikh Saema | |
| 3 | Kukadiya Pinal | TYBCA |
| | Vadodariya Nirali | |
| | Godhani Hitesh | |
| | Chudasama Krunal | |
| | **Matki Decoration Competition** | |
| 1 | Vadera Palak | SYBCA |
| | Rajput Fatehsinh | |
| | Gupta Priya | |
| | Gupta Shivansh | |
| 2 | Jay Goyani | FYBCA |
| | Gopani Sujal | |
| | Narola Jash | |
| | Dodaria Harikrushna | |
| | **Poster Making Competition** | |
| 1 | Vidhi Lapsiwala | FYBCA |
| 2 | Lunagariya Sanskruti | TYBCA |
| 3 | Shravan Godavle | FYBCA |

### શિક્ષક દિવસની ઉજવણી






શિ–શિક્ષા... ક્ષ – ક્ષમા... અને ક – કરુણા...નો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક. ૫ મી સપ્ટેમ્બર એટલે આપણા મહામહિમ શિક્ષકથી સફર ખેડીને રાષ્ટ્રપતિ પદ પર પહોંચેલા ફિલોસોફર એવા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ આપણે શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ. શિક્ષક દાનવમાંથી માનવી અને માનવમાંથી મહામાનવ બનાવે છે. એટલે જ ચાણકયના શબ્દો યાદ આવે છે,

"શિક્ષક કયારેય સાધારણ હોતો નથી. પ્રલય અને નિર્માણ એની ગોદમાં રમે છે." બોર્ડનું સ્થાન લેપટોપ લઈ શકે, ચોકનું સ્થાન ટેબ્લેટ લઈ શકે, શાળાનું સ્થાન ઘર લઈ શકે પરંતુ શિક્ષકનું સ્થાન કયારેય ટેકનોલોજી ન લઈ શકે. એક ઉત્તમ શિક્ષકનું નિર્માણ તો ન જ કરી શકે.

શિક્ષક દિવસ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે ભૂમિકા ભજવી હતી. કોલેજના પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. શિક્ષકોનાં કામને સમજવા માટે આ એક ખુબ જ સારો અનુભવ હતો. વિદ્યાર્થીઓએ કલાસમાં જઈને આત્મવિશ્વાસ સાથે શિક્ષણકાર્ય કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાનાં શિક્ષણકાર્ય કરાવ્યાના અનુભવ રજૂ કર્યા હતા.

શિક્ષકદિન નિમિત્તે ઉત્સવ શાહ (બી.સી.એ.) તેમજ શૈખ સાયેમા (બી.કોમ.)ના વિદ્યાર્થીઓએ શિક્ષકદિનની ઉજવણી શા માટે કરવામાં આવે છે, શિક્ષકનું મહત્ત્વ, વિદ્યાર્થીઓનાં જીવનઘડતરમાં શિક્ષકોનો ફાળો આ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સંસ્થાના ઈ.ચા. પ્રિ. ડૉ. રીના એ. દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણના ઉમદા વિચારો રજૂ કરી પ્રોત્સાહિત કરાયા હતા તથા સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

## જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા – પારડી.

### ૩૬માં નેશનલ ગેમ્સ

જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા–પારડી ખાતે એન.એસ.એસ. ઉપક્રમે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે તા. ૧૬/૯/૨૦૨૨ શુક્રવારના દિને '૩૬માં નેશનલ ગેમ્સ'ના અવેરનેસ કેમ્પિયન પ્રોગ્રામ વલસાડ જિલ્લાના વહીવટી કેન્દ્રના સહયોગથી રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટયથી કરવામાં આવી.

આ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ પારડી તાલુકા પંચાયત પ્રમુખ મિત્તલબેન પુનિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે પાલિકા પ્રમુખ હસમુખભાઈ રાઠોડ, કારોબારી અધ્યક્ષ ગજાનન માંગેલા, પારડી પોલીસ સ્ટાફ, વલસાડ જિલ્લાના કોચ અનિલ રાઠોડ, કોલેજનાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગંગાબેન પટેલ તેમજ કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં.

હાજર રહેલ તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ આચાર્યએ વિદ્યાર્થીઓને નેશનલ ગેમ્સ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. વલસાડ જિલ્લાના શિક્ષણ અધિકારી કે.એફ.વસાવા તેમજ પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ.મયુરભાઈ પટેલે કાર્યક્રમ સફળ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

કોલેજનાં પ્રા.ડૉ.મણીબેન સોલંકીએ અંગદાન વિશેની માહિતી વિસ્તારથી પૂરી પાડી અને વિદ્યાર્થીઓ પાસે અંગદાન વિશે શપથ લેવડાવી હતી. ૧૧ માં ખેલ મહાકુંભમાં પ્રથમ આવનાર 'સરસ્વતી શિશુ વિદ્યામંદિર' શાળાને રૂા. ૨૫૦૦૦/– બીજા ક્રમે આવનાર સાર્વજનિક સ્કૂલ બગવાડાને રૂા. ૧૫૦૦૦/– અને ત્રીજા ક્રમે આવનાર અતુલ વિદ્યામંદિરને રૂા.૧૦૦૦૦/–નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ૩૬ માં નેશનલ ગેમ્સ અવેરનેસ કન્વીનર પ્રા. જીતેન્દ્રકુમાર ટંડેલે કર્યુ હતું.






### સેમિનાર

જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે એન.એસ.એસ. ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે તા.૧૯/૯/૨૦૨૨ સોમવારના દિને પારડી કોલેજમાં સેન્ટ્રલ હોલ ખાતે મહિલાઓ માટે ઉપયોગી Women's Committee Distribution of Menstrual Kits to Female Students અંગે સેમિનારનું આયોજન થયું હતું. જેમાં વલસાડથી હેલ્થ ન્યુટ્રીશન એકસપર્ટ ચાંદની જોશી અને મનીષા પ્રજાપતિએ મહિલાઓને માસિક ધર્મ વિશે માહિતી પૂરી પાડી માસિક ધર્મ દરમ્યાન શું સાવચેતી રાખવી, કેવા પ્રકારના નેપકીન ઉપયોગમાં લેવા જેવી બાબતો વિસ્તૃત રીતે સમજાવી હતી.

જેમાં કોલેજના પ્રિ. ડૉ. ગંગાબેન પટેલ, પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકી, શ્રીમતી અંજલીબેન, કોલેજનો મહિલા સ્ટાફ તેમજ કોલેજની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ કાર્યક્રમમાં હાજર રહ્યાં અને કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમના અંતે સેનેટરી પેડ અને કીટનું વિતરણ

કરવામાં આવ્યું. કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકીએ કર્યુ હતું.







## એન.એસ.એસ. દિવસની ઉજવણી




તા. ૨૬/૯/૨૦૨૨ને સોમવારના રોજ જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એન.એસ. એસ.ના ઉપક્રમે પ૩માં એન.એસ.એસ. દિવસની ઉજવણી કરવામાં આવી. સરકારના કલાઈમેન્ટ ચેંજ વિભાગ દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fortnight Program અંતર્ગત અમારી કોલેજ દ્વારા પર્યાવરણ વિષય પર સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકી, પ્રા. પ્રવીણભાઈ, શ્રીમતિ અંજલીબેન તેમજ ૧૮ જેટલા વિદ્યાર્થીઓએ સ્લોગન સ્પર્ધામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.

## વિચાર–ગોષ્ઠી

જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા–પારડી ખાતે એન.એસ.એસ. ઉપક્રમે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે તા. ૨૦/૯/૨૦૨૨ મંગળવારના દિને પારડી કોલેજમાં સેન્ટ્રલ હોલ ખાતે ૧૦:૩૦ કલાકે વિચાર–ગોષ્ઠીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનો વિષય 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા સ્વામીજીની દ્રષ્ટિએ' હતો. જેમાં વકતા દેવેન્દ્ર, કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ગંગાબેન પટેલ, પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકી, પ્રા. પ્રવીણભાઈ, શ્રીમતી અંજલીબેન તેમજ કોલેજના ૧૬૮ જેટલા વિદ્યાર્થીઓઆ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. તેમજ કાર્યક્રમનું સંચાલન ડૉ. મણિબેન સોલંકીએ કર્યું. કાર્યક્રમની શરૂઆતમાં પુષ્પગુચ્છ દ્વારા દેવેન્દ્રભાઈનું સ્વાગત કરવામાં આવ્યું અને એમને સ્મૃતિભેટ રૂપે પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. મણિબેન સોલંકીએ દેવેન્દ્રભાઈનો પરિચય કરાવ્યો અને દીપ પ્રાગટય કરી ભારતમાતાની પૂજા કરવામાં આવી. ત્યારબાદ વકતા દેવેન્દ્રભાઈએ પોતાની સરળ ભાષામાં સ્વામીજીના વિચારો અંગે વ્યાખ્યાન આપ્યું અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

દેવેન્દ્રભાઈ પટેલે પોતાનાં વ્યાખ્યાનમાં સ્વામીજીના ખુબ જ સરસ પ્રસંગો કહ્યા. સ્વામીજીના વિચારો અંગે ખુબ જ સ્પષ્ટતાથી સમજ આપી અને આજના યુવાનો કાલનું ભવિષ્ય છે એ બાબતને ધ્યાનમાં લઈને એમણે વિદ્યાર્થીઓની સ્વામીજીનાં જીવનના ઘણા એવા પ્રસંગો કહ્યા અને સાથે પર્યાવરણ અને પ્રકૃતિનાં જતન અંગે પણ માહિતી આપી. કાર્યક્રમના અંતે આભારવિધિ કરી, રાષ્ટ્રગાન ગાઈને બધા છૂટા પડયા.









### સાગર સફાઈ કાર્યક્રમ






એન.એસ.એસ.ના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા–પારડી ખાતે થી તા. ૧૪/૫/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'સાગર સફાઈ' કાર્યક્રમ અંતર્ગત ઉમરસાડી માછીવાડ દરિયાકિનારે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગંગાબેનનાં માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મણિબેન સોલંકી, શ્રીમતી અંજલીબેન તેમજ ૪૦ જેટલા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ હાજરી આપી. ડૉ. મણીબેન સોલંકીએ દરિયા કિનારે વસતા લોકોને પ્લાસ્ટિક ગમે ત્યાં ન ફેકવું અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું.

## એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પારડી.

### એગ્રિકલચર એકસપેરિમેન્ટલ સેન્ટર



કોલેજમાં ખૂબ જ ઓછા સમયમાં વિદ્યાર્થીઓમાં રસ રુચિ નિર્માણ કરે તે રીતે વાસ્તવિકતા સાથે પરિચય કરાવતું જ્ઞાન આપવામાં અગ્રેસર છે. જેનાં ઉદાહરણ રૂપે કોલેજના બોટની પ્રેકિટકલ સમજૂતી આપવામાં આવી હતી. બોટની વિષયના વિદ્યાર્થીઓ માટે અગ્રિકલ્ચર એકસપેરિમેન્ટલ સેન્ટરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિયા સ્થિત નવસારી એગ્રિકલચર યુનિવર્સિટી સંચાલિત આ સેન્ટરમાં કાજુની ખેતી અને કેરીના વિવિધ પાકોની ખેતીના અલગ એકસપેરિમેન્ટ પર તજજ્ઞો દ્વારા પ્રેકિટકલ સમજૂતી આપવામાં આવી.

### પ્રોટોલાઈટ કંપની



ફિઝિકસ વિષયના વિદ્યાર્થીઓ દ્વારા ૨૭ જાન્યુઆરીને થોમસ આલવા એડિસન દ્વારા બલ્બની શોધની પેટન્ટ મેળવેલ હતી તેની ઉજવણી નવીનતમ રીતે કરવાનું વિચાર્યુ હતું. જેમાં કોલેજના પ્રાધ્યાપકોના સહકાર દ્વારા દમણ સ્થિત પ્રોટોલાઈટ કંપનીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સાયન્સ અને કોમર્સના કુલ ૬૦ વિદ્યાર્થીઓ દ્વારા સોશયલ ડિસ્ટન્સ જાળવીને અલગ અલગ ગ્રુપમાં કંપનીના દરેક યુનિટની મુલાકાત લીધી હતી. જેમાં એલ.ઈ.ડી. લાઈટ અને થોમસ આલવા એડિસનની શોધથી શરૂ કરીને અત્યારની ઓછો પાવરનો ઉપયોગ કરી વધુ પ્રકાશ આપતી લાઈટની માહિતી પૂરી પાડી હતી ત્યારબાદ કેવી રીતે લાઈટ બને છે અને તેની ઉપયોગિતા સમજાવવામાં આવી હતી.

### પારલે–જી અને બિગ પ્લાસ્ટિક કંપની

કોલેજના વિદ્યાર્થીઓને પારલે–જી અને બિગ પ્લાસ્ટિક કંપનીમાં પ્લાસ્ટિકની બોટલ, કેસરોલ તેમાં વિવિધ પ્રકારની પ્લાસ્ટિકની વસ્તુઓ કેવી રીતે બનાવવામાં આવે એની સમજ આપવામાં આવી.



## સાંસ્કૃતિક સ્પર્ધાઓ



કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક સ્પર્ધાઓ જેવી કે સંગીત, રાખી, મહેંદી, નેલ આર્ટ, કુકિંગ તેમજ મટકી જેવી અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓએ અનેરા ઉત્સવ દ્વારા સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રહેલી શકિતઓને હરીફાઈ દ્વારા બહાર લાવી તેઓને આગળ વધારવામાં મદદરૂપ બનવાના હેતુથી આ સ્પર્ધાઓ યોજાઈ હતી.

## સાયબર ક્રાઈમની જાગૃતિ અંગે સેમિનાર કંપની



સાયબર ક્રાઈમની જાગૃતિ અંગે સેમિનારનું ગત રોજ આયોજન કરવામાં આવ્યુ હતું જે અંતર્ગત પારડી પોલિસ સ્ટેશનના પીએસઆઈ બી.જી.ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના પ્રકાર જેવા કે સ્ટોકિંગ, હેકિંગ, ફિશિંગ, સ્પામ અપરાધ, નાણાકીય તસકરીની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે ક્રાઈમને અનુરૂપ પશ્નોત્તરી કરવામાં આવી તેમજ તેના ફાયદા–ગેરફાયદાની સમજ આપવામાં આવી.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.

### હર ઘર તિરંગા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૫/૮/૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ દ્વારા સંકલ્પ પત્રનું વાચન તા. ૬/૮/૨૦૨૨ના રોજ નિબંધ સ્પર્ધા, તા. ૮/૮/૨૦૨૨ના રોજ ચિત્ર સ્પર્ધા તેમજ તિરંગા યાત્રા, તા. ૧૦/૭/૨૦૨૨ના રોજ રંગોળી સ્પર્ધા અને ઈમારત પર ચિત્ર સ્પર્ધા, તા.૧૨/૮/૨૦૨૨ના રોજ ગુગલ ફોર્મના માધ્યમથી તિરંગા આધારિત ઓનલાઈન પ્રશ્નોતરી, તા. ૧૩/૮/૨૦૨૨ના રોજ ગીત સ્પર્ધા અને વકતૃત્વ, તા. ૧૫/૮/૨૦૨૨ના રોજ સ્વાતંત્રપર્વની ઉજવણી પરેડ તેમજ તિરંગા આધારિત વિવિધ કૃતિઓ રજૂ થઈ હતી. ઉપરાંત Pin a Flag તથા Flag with Selfie કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૯ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ વેબ સાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશ એન. ટંડેલ કર્યું હતું. તથા અમિતભાઈ પટેલે આભાર વ્યકત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.







## એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત.

### તાલીમ કાર્યક્રમ

એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના પ્લેસમેન્ટ સેલ તથા રોજગાર કચેરી જિલ્લો સુરત ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે તારીખ ૭ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે ટી.વાય અને એમ.એ.ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી સરકારી નોકરીની તકો અને અનુબંધમ્ પોર્ટલ વિશે તાલીમનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રોજગાર કચેરી તરફથી મદદનીશ નિયામક (રોજગાર) બીપીન માંગુકિયા તથા હેમંતભાઇ શાહ સિનિયર ફેકલ્ટી બેન્કિંગ એકેડેમી ઉપસ્થિત રહ્યા હતા.

બંને વકતાઓએ ઉપસ્થિત અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને રેલ્વે, ડિફેન્સ, બેંક, વીમા કંપનીઓમાં તથા સરકારી નોકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે વિશે ખૂબ સરસ માર્ગદર્શન અને તાલીમ આપી હતી. સાથે ગુજરાત સરકારના અનુબંધમ્ પર

રજીસ્ટ્રેશન કરાવી કોઈ પણ વ્યકિત ખાનગી કંપનીઓમાં કે ઉદ્યોગોમાં કેવી રીતે નોકરી પ્રાપ્ત કરી શકે તે વિશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું આયોજન એમ.ટી.બી આર્ટ્સ કોલેજના પ્લેસમેન્ટ સેલ ઇન્ચાર્જ ડો. રૂદ્રેશ વ્યાસે કર્યું હતું. અંતે એમ.ટી.બી આર્ટ્સ કોલેજનાં આચાર્યશ્રી ભાવનાબેન ચાંપાનેરીએ આભાર વિધિ કરી હતી.

### વિશ્વ આત્મહત્યા નિવારણ

એમ.ટી.બી. કોલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મનોચિકિત્સક ડૉ. ઉર્વીશ જગનિયા, પ્રો. ભરત પાઠક, પ્રો. ઝંખના ઉમરીગર તથા પ્રો. મિહીર પટેલે આત્મહત્યા નિવારણ બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. કાર્યક્રમમાં માનસિક આરોગ્ય ક્ષેત્રે કામ કરતાં કોલેજના ૩૦ જેટલાં ભૂતપૂર્વ વિધાર્થીઓ પણ સહભાગી થયા હતા. ૧૦ સપ્ટેમ્બરથી ૧૦ ઓકટોબર સુધી માનસિક આરોગ્ય જાગૃતિ માસની ઉજવણી કરવાની ડૉ. રૂદ્રેશ વ્યાસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાયા.

### રકતદાન શિબિર

એમ.ટી.બી. કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૬ના રોજ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. લોકસમર્પણ રકતદાન કેન્દ્ર સુરતના ડૉ. સુભાષભાઈ ખેતી અને એમની ટીમે વિદ્યાર્થીઓને રકતદાન અંગે માર્ગદર્શન આપી માહિતી પૂરી પાડી હતી. આ શિબિરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડિનેટર પ્રકાશચંદ્રે મુલાકાત લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ઈ.ચા.આચાર્યા ડૉ. ભાવનાબહેન ચાંપાનેરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. રકતદાતા વિદ્યાર્થીઓની સાથે એન.એસ.એસ. પ્રો. ઓફિસર ડૉ. ભરતભાઈ પાઠક તથા સંસ્થાના કર્મચારી હિમાંશુભાઈએ પણ રકતદાન કર્યું હતું. એન.એસ.એસ.ના તમામ પ્રોગ્રામ ઓફિસરો તથા સ્વયંસેવકોએ શિબિર અંગેની વ્યવસ્થા સંભાળી હતી.

## સુરેશ મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઉમરગામ.

### સ્વચ્છતા અભિયાન

નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત સુરેશ મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ઉમરગામમાં સામાજિક કાર્ય અંતર્ગત 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં B.Sc. અને B.Com. કોલેજના ૧૫૦ વિદ્યાર્થીઓને ઉમરગામ દરિયા કિનારે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ દરિયા કિનારાના કચરો, પ્લાસ્ટિક સાફ કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાનનો મુખ્ય હેતુ દરિયાઈ જીવોને પ્લાસ્ટિકથી નુકસાન ન થાય અને પર્યાવરણની જાળવણી થઈ શકે તે હતો. અભિયાનના અંતે આચાર્યશ્રી ડૉ. પ્રિતિબેન પટેલે વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનો અનુરોધ કર્યો અને પર્યાવરણની જાળવણી કરવા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો જે બદલ કેમ્પસ કો–ઓડિનેટરશ્રી બિપીનભાઈ પટેલે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.





## આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી.

### કવિ નર્મદ જન્મજયંતી અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ







આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે 'કવિ નર્મદ જન્મજયંતી' અને વિશ્વ ગુજરાતી ભાષાદિવસનો ત્રિવેણી સંગમની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમ અર્વાચીનોમાં આદ્ય ગુજરાતી સાહિત્યકાર અને બ્રિટિશ સમયના સમાજસુધારક એવા શ્રી નર્મદાશંકર લાલશંકર દવેની જન્મજયંતી હોવાથી આ દિવસને 'વિશ્વ ગુજરાતી ભાષાદિવસ ' તરીકે પણ ઉજવવામાં આવે છે જેથી આ ત્રિવેણી સંગમને એક સાથે વિવિધ પ્રકારની સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. જેનાથી તાલીમાર્થીઓ પણ જ્ઞાન મેળવી શકે અને કાર્યક્રમની તાલીમ લઈ શકે. આ કાર્યક્રમ બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ વિભાગમાં દિપ પ્રાગટય, પ્રાર્થના, કવિ નર્મદ ઉપર વકતવ્ય સંસ્થાના અધ્યાપક ડૉ. વૈશાલી દેસાઈ, આયુષી પટેલ (F.Y.B.Ed. તાલીમાર્થી) દીપ પટેલ (S.Y. B.Ed. તાલીમાર્થી) દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ રચિત ગીતનું વીડિયો નિદર્શન તેમજ કાજલ નાયક દ્વારા ગુજરાતની વિશિષ્ટતા ઉપર નૃત્ય રજૂ કર્યુ હતું. પ્રસ્તુત પ્રસંગે તાલીમાર્થીઓ માટે કાવ્યપઠન સ્પર્ધા રાખવામાં આવી હતી. કાવ્યપાઠ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. સારીકા પટેલ અને પ્રો. અક્ષય ટંડેલે ખુબ જ ઝીણવટથી પોતાની ભૂમિકા ભજવી હતી. તેમાં પ્રથમ ક્રમે એસ.વાય. બી.એડની તાલીમાર્થી આહીર તન્વી અને એફ.વાય. બી.એડના તાલીમાર્થીઓમાંથી પ્રથમક્રમે મૈત્રી પટેલ અને બીજા ક્રમે માંગેલા જિજ્ઞાસા આવ્યાં હતાં. બીજા વિભાગમાં ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજાવવા માટે F.Y. અને S.Y. B.Ed. ના તાલીમાર્થીઓ દ્વારા કઠપૂતળી નાટક નિદર્શન, ભવાઈ, ગરબા, ગુજરાતની વિશિષ્ટતા ઉપર વ્યકિતગત અભિનય, એક પાત્રિય અભિનય તેમજ અંતે આદિવાસી સંસ્કૃતિનું મહત્ત્વ દર્શાવતું ઘેરૈયા નૃત્ય સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જેની તૈયારી ડૉ. વિમુખભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં સૌ તાલીમાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનો હેતુ જ્ઞાનનો વિકાસ કરવો અને તાલીમાર્થીઓમાં રહેલી વિવિધ પ્રકારની કળાઓ બહાર લાવી ઉત્સાહ સાથે આદાન-પ્રદાન કરવાનો રહ્યો હતો. આ ઉત્સવ રંગે ચંગે આનંદ સાથે પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન સંસ્થાનાં પ્રાધ્યાપિકા ડૉ. વૈશાલી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સહસંચાલક તરીકે ડૉ. ગુંજન વશી, ડૉ. સારિકા પટેલ અને ડૉ. વિમુખભાઈ પટેલ રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. ગુંજન વશી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલન દેસાઈ તથા આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગણેશ ઉત્સવની ઉજવણી




આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં તા. ૭/૯/૨૦૨૨ના રોજ 'ગણેશ ઉત્સવ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અમારા તાલીમાર્થીઓમાં ગણેશ ઉત્સવનું મહત્ત્વ સમજાવવા, સામાજિક ભાવના વિકસાવવા અને ધાર્મિક મૂલ્યની ખીલવણી કરવા અર્થે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજનાં પ્રાધ્યાપિકા ડૉ. કવિતા પટેલ દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજનાં પ્રાધ્યાપિકા ડૉ. વૈશાલી દેસાઈ દ્વારા નૃત્યનાં સ્વરૂપમાં ગણેશ સ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાધ્યાપિકા ડૉ. સારિકા પટેલ દ્વારા સુંદર સ્તોત્રગાન કરવામાં આવ્યું. ત્યારબાદ ગણેશજીનું સુંદર ભજન કોલેજના અધ્યાપક ડૉ. રાહુલ ટંડેલ દ્વારા

કરવામાં આવ્યું હતું. અધ્યાપક અક્ષય ટંડેલે ગણેશજીનું મહત્ત્વ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. F.Y.B.Ed.ની તાલીમાર્થીઓએ સુંદર લેઝિમ નૃત્ય પ્રસ્તુત કર્યું જે સૌ તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક નિહાળ્યું હતું. અંતે ગણેશજીની આરતી દ્વારા વંદના કરી તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરેલ લાડુને માણ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા દિક્ષિતા ધિમ્મર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના અધ્યાપિકા ડૉ. વૈશાલી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ તથા આચાર્યશ્રી ડૉ. પ્રીતિ ચૌહાણએ અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વ બંધુત્વ દિવસ






આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં સ્વામી વિવેકાનંદ શિકાગો વ્યાખ્યાનની ઉજવણીના ભાગરૂપે વિશ્વ બંધુત્વ દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણી માટે વિવેકાનંદ કેન્દ્ર, વાપી સાથે સંકળાયેલા મેડિકેર લેબોરેટરીના પેથાલોજીસ્ટ ડૉ. રાજેશ રાજપૂત, શ્રીમાન રવીન્દ્ર કુલકર્ણી તેમજ શ્રીમાન ભરત વિવેક હાજર રહ્યા હતા. સ્વામી વિવેકાનંદ જીવન ચરિત્ર સંબંધિત ફિલ્મનું નિર્દેશન થયું હતું અને આ વિષયનાં અનુસંધાનમાં ભારત 'ગૌરવ' પુસ્તકનાં અનુસંધાનમાં શિષ્ટ વાચન કસોટી લેવામાં આવી હતી. આજ ટ્રસ્ટ સાથે સંકળાયેલ વલસાડના યુવા તલાટી શ્રીમાન કૃણાલ પંડયાએ અત્યંત માનનીય પ્રવચન પણ આપ્યું હતું. કોલેજના તમામ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં જોડાયા હતા. સંસ્થાનાં આચાર્યશ્રી ડૉ. પ્રીતિબેન ચૌહાણ અને ટ્રસ્ટી શ્રી મિલન દેસાઈએ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યાં હતાં.

## શિક્ષક દિવસની ઉજવણી




આર.કે.દેસાઈ ગ્રૂપ ઓફ કોલેજીસમાં તા. ૫–૯–૨૦૨૨ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જન્મદિવસ નિમિત્તે સાંસ્કૃતિક કમિટીના નેજા હેઠળ 'શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક એ વ્યકિત છે જે એક બગીચાને જુદા જુદા રંગના ફુલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. ચાણકય એ પણ કહ્યું છે ને "शिक्षक कभी साधारण नहीं होता, प्रलय और निर्माण उसकी गोद में पलते है." આ શબ્દો જ શિક્ષકની અસાધારણ વિશેષતાએ પ્રતિબિંબિત કરે છે. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. પ્રીતિબેન ચૌહાણ, ડૉ. મિત્તલ શાહ, ડૉ. અમી ઓઝા, કેમ્પસ ડાયરેકટર ડૉ. શીતલ ગાંધીએ શિક્ષક દિવસ નિમિત્તે વકતવ્ય આપી કોલેજના સમગ્ર વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં. ત્યારબાદ 'શિક્ષકનું મહત્ત્વ' દર્શાવતું સુંદર નાટક વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જે સૌ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતે બધા જ પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ પોતાનાં આશીર્વચનો તથા અનુભવ રજૂ કર્યા અને આ રીતે કાર્યક્રમનુ સુંદર અને જ્ઞાનસભર અંત થયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન સંસ્થાની સાંસ્કૃતિક કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. શીતલ ગાંધીએ અભિનંદન પાઠવ્યા હતા.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College , Vyara.

### શિક્ષકદિનની ઉજવણી





શ્રી ૨.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે. શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ વ્યારા ખાતે શિક્ષકદિનની ઉજવણી વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવારના સાથ સહકારથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શરૂઆતમાં સરસ્વતી વંદના કરી કોલેજ પરિવારને પુષ્પગુચ્છ આપી ગુરુ–શિષ્યના પવિત્ર સબંધોને સન્માનિત કર્યા હતા. વિદ્યાર્થી ભાઈ–બહેનોએ કોલેજના તમામ વર્ગોમાં ખુબ સારી તૈયારી સાથે અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. અંદાજીત ૬૦ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ અધ્યાપક તરીકેની ખુબ જ સારી રીતે કામગીરી કરી હતી. વિદ્યાર્થીઓએ પણ શાંતિથી વર્ગખંડમાં અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓને માન અને સન્માન આપી અધ્યયન કાર્ય કર્યુ હતું.

શિક્ષકદિનની ઉજવણીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ સાથે વર્ગો પૂર્ણ થયા પછી એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી તથા ઉપાચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી શિક્ષકનું સ્થાન સમાજમાં અને વિદ્યાર્થીઓમાં ખુબ ઊચું હોય છે તેવી જ રીતે વિદ્યાર્થીઓ પણ શિક્ષણ સંસ્થાની ઓળખ બનતા હોય છે એમ જણાવ્યું હતું. વિદ્યાર્થી ભાઈ–બહેનોએ આ પ્રસંગે પોતાના પ્રતિભાવ આપી જણાવ્યું હતું કે આજનો આ પ્રસંગ અમારાં જીવનમાં આજીવન બની રહેશે. અમને શિક્ષક બનવા માટેની જે તક મળી એ હવે પછીનાં અમારાં જીવનમાં તથા ભવિષ્યમાં અમારાં જાહેર જીવનમાં તથા પરિવાર માટે ખુબ પ્રેરણાદાયક બની રહેશે. શિક્ષકદિનની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના વિદ્યાર્થી જાદવ અવિનાશ આર. ગામીત નૈતિક એસ., ગામીત અયુબ, ગામીત મિતુલ જે., ચૌધરી કિરણ એ. તથા પાટીલ રામેશ્વરી અને અન્ય જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓએ ખુબ સારો સહકાર આપી પ્રાચીન ગુરુકુળની યાદ તાજી કરાવી હતી.

### રાયફલ અને પિસ્તોલ શુટીગ સ્પર્ધા






પ્રતિવર્ષ ધ્યાનચંદની જયંતીની યાદમાં સમગ્ર ભારતમાં ૨૯ ઓગસ્ટના રોજ નેશનલ સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે અત્રેની કોલેજનાં યજમાનપદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજ રાઈફલ અને પિસ્તોલ શુટીંગ ભાઈઓ અને બહેનો માટેની ટુનાર્મેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ૨.ફ.દાબુ કેળવણી મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ચેરમેનશ્રી, સહમંત્રીશ્રી, નગરપાલિકાના પ્રમુખશ્રી, વ્યારાનગર ડૉક્ટરશ્રીઓ, યુનિવર્સિટી સ્પોર્ટસના ડાયરેકટરશ્રી, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યો, સેનેટ સભ્યશ્રી તથા વિવિધ કોલેજના સ્પોર્ટસના અધ્યાપકોએ ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરા પાડી ખેલાડીઓને આવકાર્યા હતાં તથા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી જીવનમાં રમત દ્વારા ખેલદિલી અને રાષ્ટ્રભક્તિ તથા સમાજસેવાના સદ્‌ગુણો કેળવી શકાય છે એમ જણાવ્યું હતું. બે દિવસની સ્પર્ધાનું સફળ સંચાલન પ્રા. સંજયસિંહ કોસાડા તથા વિવિધ કોલેજમાંથી આવેલ ટીમ મેનેજરશ્રીઓ અને કોચશ્રીઓએ કર્યુ હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજ રાઈફલ ભાઈઓની સ્પર્ધામાં વ્યારાની કોલેજની ટીમ સમગ્ર યુનિવર્સિટીમાં ચેમ્પયન બની હતી અને બહેનો માટેની પિસ્તોલ શુટીગ સ્પર્ધામાં વ્યારા કોલેજમાં અભ્યાસ કરતી દિશા અગ્રવાલ સમગ્ર

યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગ્રામ્ય વિસ્તારમાં આવેલી વ્યારા કોલેજને ગૌરવ અપાવ્યું હતું. ઓલ ઈન્ડિયા ખાતે પિસ્તોલ અને શુટીંગ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બહેનોની ટીમમાં દિશા અગ્રવાલ પસંદગી પામી રમવા જનાર છે. ઉપરાંત ઓલ ઈન્ડિયા ખાતે રાયફલ અને શુટીંગ સ્પર્ધામાં ભાઈઓની ટીમમાં સ્મિત મોરડીયા, સાવન દેસાઈ પસંદગી પામી રમવા જનાર છે. વિજેતા ખેલાડીઓને રમતનાં ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવનાર વિજેતા ખેલાડીઓને તથા વ્યારા કોલેજના સ્પોર્ટસના અધ્યાપક પ્રા. સંજયસિંહ કોસાડાને કોલેજ સંચાલક મંડળ, આચાર્યશ્રી તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી.

## નારણલાલા બી.એડ. કોલેજ, નવસારી.

### ૩૬મી નેશનલ ગેમ્સ અવર્નેસ કેમ્પેન






૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કેમ્પેઈન જીલ્લા કક્ષાનો કાર્યક્રમ નારણલાલા કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં નવસારી જીલ્લાના ડી.ઈ.ઓ. રાજશ્રીબેન ટંડેલ, સંસ્થાના ચેરમેન શ્રી મહેશભાઈ કંસારા, કેમ્પસ ડાયરેકટર શ્રી ડૉ. દિનુભાઈ નાયક કેમ્પસના તમામ આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ રમતવીરોએ નિહાળ્યો હતો. કાર્યક્રમમાં બેડમિન્ટન, ચેસ, ટેબલ-ટેનિસ, વેઈટલિફટીન્ગની રમતો રમાડવામાં આવી હતી. વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય આવનાર શ્રેષ્ઠ શાળાને મહાનુભાવો દ્વારા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં નવસારીના ધારાસભ્યશ્રી પીયુષભાઈ દેસાઈ, કલેકટરશ્રી અમિત યાદવે ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી અલ્પેશ પટેલ, રમત-ગમત અધિકારી નવસારી તથા કોલેજના સ્પોર્ટ્સ ડાયરેકટર ડૉ. મયુરભાઈ પટેલના સહયોગથી થયું હતું.

### વર્ષા ગીતનો કાર્યક્રમ

નારણલાલા ઇન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશનમાં વર્ષા ગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં પ્રશિક્ષણાર્થીઓએ અવનવાં વર્ષા ગીતો સંગીતના તાલ સાથે રજૂ કરી સમગ્ર ભાવાવરણ મનોરંજક બનાવ્યું હતું.



### શિક્ષણ દિવસની ઉજવણી

નારણલાલા ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી.



### તિરંગા યાત્રા

'હર ઘર તિરંગા કાર્યક્રમ' અંતર્ગત નારણલાલા ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશનમાં તિરંગા બનાવવાનું, તિરંગા યાત્રાનું અને નિબંધ લેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





## ચાલો દાંડી કાર્યક્રમ

નારણલાલા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી દ્વારા 'ચાલો દાંડી' કાર્યક્રમ અંતર્ગત તા. ૧૭–૯–૨૦૨૨ને શનિવારના રોજ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપકો સહિત પ્રશિક્ષણાર્થીઓ સવારે ૭:૩૦ થી ૯:૩૦ના સમયગાળા દરમ્યાન દાંડી મુકામે આવેલ દરિયા કિનારે જઈ ત્યાં રહેલો કચરો સાફ કરી સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પડયું હતું. સાથે પર્યાવરણ સંરક્ષણ હેઠળ ગમે તેમ પડેલ કોથળીઓ, કચરો, ગંદકી સાફ કરી સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.








## B. P. Bara Science Institute Navsari.

### Best body physique Inter College Competition



Once again B. P. Baria Science Institute is feeling proud to announce that our T.Y.B.Sc. Chemistry student Lad Jainish Ashwinkumar was able to grab the Gold medal in Best body physique Inter College competition held today 8th September 2022 at Ambaba Commerce college, Sabargam, District Surat. This gold medal he has won consequtively for the second time. It is a very proud moment for all of us. Congratulations to Lad Jainish Ashwinkumar. Keep it up. Three cheers for you.

### Blood Donation Camp

A very very successful blood donation camp was completed 17 September 2022 at B. P. Baria Science Institute Navsari. Total 85 donors have contributed for this noble cause . It was indeed after a very long time in the history of B. P. Baria that so many blood bags were collected. I congratulate the students as well as the NSS coordinators and Dr. Chinmay De team that after putting in lot of efforts since may days we could achieve our goal. Congratulations once again to one and all Hip Hip Hurry .



## Participated in the CATC Camp Jeetnagar, Rajpupla

NCC students/Cadets of B P Baria Science Institute Navsari had participated in the CATC Camp Jeetnagar, Rajpupla from dt. 1-9-2022 to 8-9-2022. I am proud to announce that the cadets have enthusiastically participated in each and every cultural activities besides NCC and have won many prizes. Congratulations to all achievements in CATC camp, Jeetnagar Rajpipla. The list of which is given below.

1. Camp senior- shani Gupta
2. Piloting (Janvi Tandel & Shalinee Tandel)
3. Group dance- 2nd
4. Tug of war (SW) - Runner up
5. Solo song (SD) - Ankush Shukla - 1st
6. Solo Song (SW) - Jigisha Patel - 1st
7. Solo Dance (SD) - Raj Patel - 2nd
8. Debate - 1st & table drill - Vishakha Rathod
9. Boxing - 1000 rs. Cash Prize - Palak Rathod
10. Guard of Honour (Akshar, Arkesh, Sneh, Abhishek, Aman, Ankush)













## Celebrated Hindi Divas

NCC cell of B. P. Baria Science Institute Navsari has celebrated Hindi Divas on 14th September 2022.





## Inter College Boxing Tournament

It is a very proud moment for B. P. Bara Science Institute Navsari to announce that our student Miss Rathod Palak Anilkumar S.Y.B.Sc. C/P has won the gold medal in Inter college boxing tournament held today ie. 5th September 2022 at the Veer Narmad University boxing hall. An excellent gift from Palak to all the teachers of Baria Parivar. Congratulations to Palak And three cheers to B P Baria. Proud of you Palak. Keep it up. All the Best for your future endeavours.



## Won Clay Competition

Congratulations to the M.Sc. Sem-1 Mathematis's Student Miss. Sejalben Tandel for securing 3rd place in the Clay Competition in University Youth Festival, 2022.



## 3rd place in the Youth festival

Congratulations to the Drama team for securing 3rd place in the Youth festival. Special thanks to Swatiben and Ektaben for their special efforts.




## World Ocean Cleaning Day

World Ocean Cleaning Day at Historical Place Dandi (Dt. 17-09-2022).





## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

## Festival of Ganesha





C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara had organized 'Ganesha Festival' from 31/08/2022 to 06/09/2022 had arranged Eco- friendly idol of Lord Ganesha. Everyday Aarati of God Ganesha was done in morning and evening by all year students and faculty.

On last day on 6/9/2022 of festival there was "Satyanarayan Katha" & a day before on 5/9/22 that Maha arti & "56 Bhog" offered to lord Ganesha.

After that immersion was done in spiritual atmosphere with DJ & Dhol. These whole program was conducted by Activity Committee members of Students & Assistant Professor Dr. Dhruni Gavli and team under guidance of Principal Dr. Jyoti Rao mam.

## 10th Death anniversary to late. Shri. Jagdishbhai Shah

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara Pay tribute to late Shri. Jagdishbhai Shah (kachwala) on his 10th death anniversary. On this day college Distributed educational material among students of 1st to 8th standard of Tadkuva Primary School, Tadkuva. All this stationary

material was Distributed by trustee Shri. Keyurbhai Shah, OS Shri. Daxeshbhai Shah, Teaching staff, Non Teaching Staff & by Interns of the institute. The whole event was conducted by Activity Committee under the guidance of Principal madam Dr. Jyoti Rao.





## Organ Donation Awareness

Seminar was organized by C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara & HAMI unit Vyara In association with Angdaan Charitable Trust on 17/09/2022 on Organ Donation Awareness. Dr Shailendra Gamit (M.D. Internationl Medicine ) Spoke about detail of Organ donation. Why & how Organ Donation can be done were the queries which were clarified. at the end of seminar pledge was taken by all the presentee for donation organs. The whole programme was conducted by the seminar & activity Committee Under the Guidance of Principal Dr. Jyoti Rao & Trustee Shri. Keyurbhai Shah.



## Teacher's Day

C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara celebrated Teacher's day on 7th September 2022. The celebration begun with floral tribute to Maa Saraswati, Dr. Sarvapalli Radhakrishnan Menon and Dr. Samuel Hahnemann by all teachers. Students of the fourth BHMS participated as a teacher with great enthusiasm and played their best role as a teacher. All the teachers of Teachers day were judged by Teaching Faculties and following teachers were awarded with prizes.

| Subject | Rank | Student Name |
|---|---|---|
| First BHMS | 1st Prize | Kataria Hetal |
| | 2nd Prize | Mehta Nency |
| Second BHMS | 1st Prize | Shiyani Khyati |
| | 2nd Prize | Sanghani Bansari |
| Third BHMS | 1st Prize | Shaikh Saud |
| | 2nd Prize | Sailor Krupa |
| Fourth BHMS | 1st Prize | Upadhyay Priyanka |
| | 2nd Prize | Hetvi Patel |

All other teachers of teacher's day were awarded with certificates and pen. On this occasion all the teaching faculties were felicitated with flowers and pen. The whole program was coordinated by Dr. Dhruni Gavli and her team under the guidance of Principal Dr Jyoti Rao. All dispersed after having delicious Lunch.






## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### રાષ્ટ્રીય સેવાના ક્ષેત્રે સિદ્ધિ






ઉધના કોલેજમાં T.Y.B.C.A. માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કેડેટ કેપ્ટન યશ ચવાણે ૯મી નેવલ ગુજરાત યુનિટ (NCC નવસારી)ની વિવિધ શિબિરોમાં સક્રિય પણે ભાગ લઈ સખત તાલીમ પ્રાપ્ત કરી હતી તેમજ INS પર વિશેષ તાલીમ પણ મેળવી છે જેમાં ત્રિકંદ (F-51) તલવાર વર્ગ (જહાજ) અને INS શંકુશ (S45) (સબમરીન)નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સેવા ક્ષેત્રે સિદ્ધિ બદલ યશને આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ તેમજ સમગ્ર કોલેજ સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ કારકિર્દી માટે સફળતાની શુભેચ્છાઓ આપી હતી.

### નિબંધ લેખન સ્પર્ધા



ઉધના કોલેજમાં જ્ઞાન ધારા અંતર્ગત શિક્ષક દિવસના મહત્ત્વની ઉજવણીના ભાગરૂપે 'નવી શિક્ષણ નીતિમાં શિક્ષકની ભૂમિકા' વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાહ રિતિક વી. (S.Y.B.Com) એ પ્રથમ ક્રમ, થેંકચન સ્ટેફી (T.Y.B.Com) દ્વિતિય ક્રમ અને મિશ્રા ઓમ (F.Y.B.B.A) એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનાં આયોજક કોલેજ પ્રાધ્યાપકો ડૉ. ક્રિના શાહ અને ડૉ. રુદ્રિ પુરોહિત, કોલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝીતેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો સમર્થન અને પ્રેરણા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજ પ્રાધ્યાપક ડૉ. પ્રતિક્ષા દેસાઈએ સેવા આપી હતી.

### ડીબેટ સ્પર્ધા

ઉધના કોલેજ દ્વારા તા. ૧૦/૦૯/૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા સમાનતા દિવસની ઉજવણીના ભાગરૂપે ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ અસરકારક રીતે તેમની દલીલો રજૂ કરી હતી. આ સ્પર્ધામાં દેરીયાકાજલ (BCOM) વિજેતા અને દૂબે પ્રેરણા (BBA) ઉપવિજેતા જાહેર થયાં હતાં. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજ વુમન સેલનાં સભ્યો પ્રા. માધુરી ભાયવાલા અને પ્રા. વિશ્વા મહેતાએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજનાં પ્રાધ્યાપકો ડૉ. પર્લ ખરાસ અને ડૉ. દિવ્યા જરીવાલાએ સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે સેવા આપી હતી.






## સેલિબ્રેટિંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ



તા. ૧૪/૯/૨૦૨૨ બુધવારના રોજ ઉધના કોલેજના વિદ્યાર્થીઓએ 'સેલિબ્રેટિંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ' થીમ હેઠળ આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહાનુભાવોમાં રમતગમત મંત્રીશ્રી હર્ષ સંઘવી (ગુજરાત) અને શ્રી આયુષ ઓક કલેકટર (સુરત) ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી.દેસાઈએ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનીને ટી–શર્ટ પણ આપવામાં આવ્યાં હતાં.

## તમારું બંધારણ જાણો" વિષય પર લેકચર





ઉધના કોલેજમાં તા. ૧૫/૦૯/૨૦૨૨ ના રોજ ક્લિક કલબ દ્વારા 'તમારું બંધારણ જાણો' વિષય પર લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રના મુખ્ય વકતા ડૉ. વિક્રમ દેસાઈ (ભૂતપૂર્વ ડીન, લો ફેકલ્ટી, VNSGU)એ વિદ્યાર્થીઓને ભારતનાં બંધારણ વિશે મૂળભૂત જાણકારી આપી હતી. આ સત્રમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કોલેજનાં પ્રાધ્યાપક ડૉ. રુદ્રિ પુરોહિત દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યો ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## રમત ગમતનાં કાર્યક્રમનું આયોજન



ઉધના કોલેજમાં તા. ૧૫/૯/૨૦૨૨ ગુરુવારના રોજ ગુજરાત રાજ્યમાં તા. ૨૯/૯/૨૦૨૨ થી તા. ૧૨/૧૦/૨૦૨૨ દરમ્યાન યોજાનારી ૩૬મી રાષ્ટ્રીય રમતોનાં જાગૃતિ અભિયાનના ભાગરૂપે રમતગમત અને રમતોને પ્રોત્સાહન આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓને આવી પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા કોલેજ દ્વારા છોકરાઓ અને છોકરીઓ માટે ચેસ, ટેબલ ટેનિસ, શોટ–પુટ અને સ્લો સાયકલિંગ એમ ચાર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા અને તેઓને સ્વસ્થ રહેવા રમત–ગમતની પ્રવૃતિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. જીમખાના કમિટી દ્વારા કાર્યક્રમની સફળતામાં ફાળો આપનાર તમામ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

## વ્યાખ્યાન



ઉધના કોલેજમાં વિદ્યાર્થીઓને પાળતું પ્રાણીઓથી ફેલાતા રોગો અને આવા ફેલાવાના ઉપાયો વિશે જાગૃત કરવા માટે તા. ૧૬–૦૯–૨૦૨૨ના રોજ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા ડૉ. કિષ્ના આર. રાજપૂતે વ્યાખ્યાન આપ્યું હતું. આ સત્રમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનાં આયોજક પ્રાધ્યાપક ડૉ. ક્રિના

શાહે કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો.

## વ્યાખ્યાન




ઉધના કોલેજમાં તા.૧૬/૯/૨૦૨૨ના રોજ સ્વાવલંબી ભારત અભિયાન વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રના વકતા શ્રી પિયુષ દેસાઈએ ઉદ્યોગ સાહસિકતાનાં મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ રોજગારલક્ષી માનસિકતા રાખવાને બદલે સ્વરોજગાર માટે પ્રયત્ન કરવો જોઈએ. કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્યામા દેગડવાલા અને ઋષભ જૈનને પણ આ સત્ર માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે તેમની ઉદ્યોગસાહસિક બનવાની સફર વર્ણવી હતી. આ સત્રમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનાં આયોજકો કોલેજ પ્રાધ્યાપકો ડૉ. અમીના નાખુદા અને પ્રા. તથાગત પટેલે આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો.

## રકતદાન શિબિરનું આયોજન

ઉધના કોલેજમાં તા. ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સામુદાયિક સેવા ધારા હેઠળ સુરત રકતદાન કેન્દ્ર અને તેરાપંથ યુવક પરિષદના સહયોગથી ૧૮માં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનાં આયોજન સાથે, કોલેજે વિશ્વના સૌથી મોટા રકતદાન અભિયાનનો ભાગ બની. કોલેજનાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યું હતું. આ પ્રસંગે ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ અને ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ રકતદાન શિબિરનાં આયોજકો ડૉ. ત્વિષા પરમાર, ડૉ. પર્લ ખરસ, ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરિયા અને પ્રા. મહેશભાઈ પટેલ દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.






## ડુમ્મસ બીચ તહેવારનું આયોજન







ઉધના કોલેજ દ્વારા તા. ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સામુદાયિક સેવા હેઠળ ડુમસ તહેવાર – Sea Side નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીચકલીન–અપ, બીચ રમતો, સંગીત, ડાન્સ વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ આ ઉત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ બીચની સફાઈ માટે પ્રયત્નો કર્યા હતા. આ કાર્યક્રમનાં આયોજકો ડૉ. ક્રિના શાહ પ્રો. ચિરાગ પટેલ અને ડૉ. બ્રિજેશ મહેતા દ્વારા કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી.દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી

તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિર્નેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન



તા. ૧૯/૯/૨૦૨૨ના રોજ ઉધના કોલેજમાં સામુદાયિક સેવા ધારા હેઠળ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી માધ્યમમાં લેવામાં આવી હતી જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પરીક્ષાનાં આયોજક કોલેજ પ્રાધ્યાપકો પ્રા. મહેશ પટેલ, પ્રા. બેનાઈફર દુમસિયા અને ડૉ. દિવ્યા આર. જરીવાલાએ કોલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રોત્સાહન અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો.

## પુસ્તક વિમોચન




ઉધના કોલેજનાં વિદ્યાર્થીઓએ તા. ૨૦/૯/૨૦૨૨ના રોજ સેમિનાર હોલ, બાયો ટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત પુસ્તક વિમોચન ઓફ Modi@20 ડ્રીમ્સ મીટ ડિલિવરી કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંસદ સભ્યશ્રી પ્રકાશ જાવડેકર ઉપસ્થિત હતા. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ આ કાર્યક્રમમાં હાજરી આપવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## સ્પોર્ટ્સ કાર્નિવલ




તા. ૨૦–૦૯–૨૦૨૨ના રોજ, ઉધના કોલેજનાં વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 'સેલિબ્રેટિંગ યુનિટી થ્રુ સ્પોર્ટસ' થીમ હેઠળ આયોજિત સ્પોર્ટ્સ કાર્નિવલમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈએ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

## સિદ્ધિ



ઉધના કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દેરિયા કાજોલએ VNSGU રાજ્યકક્ષાના યુવા ઉત્સવ અમૃત રંગ મહોત્સવ ૨૦૨૨માં વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે તેમજ જૈન આસ્થાએ કાવ્ય પઠન સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. કોલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વ્યાખ્યાન

ઉધના કોલેજમાં તા. ૨૨/૦૯/૨૦૨૨ ના રોજ Soft skills વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. જયંતીભાઈ એમ. નાયક (ભૂતપૂર્વ આચાર્યશ્રી, કોમર્સ કોલેજ વલસાડ અને ભૂતપૂર્વ ડીન, કોમર્સ ફેકલ્ટી, VNSGU)એ Soft skills નું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે વકતવ્યમાં આત્મવિશ્વાસ વધારવા પર ભાર મૂકયો હતો. આ સત્રમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને અને પ્રાધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

હતો. પ્રશ્નોત્તરીસત્રમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમની સમસ્યાઓ વ્યકત કરવામાં આવી જેનાં ડૉ. જયંતીભાઈએ સચોટ અને સરળ ઉકેલો આપ્યા હતા. આ કાર્યક્રમના આયોજક કોલેજ પ્રાધ્યાપક ડૉ. દર્શન મહેતાએ કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો.



## IT જોબનું આયોજન







ઉધના કોલેજના કરિયર કાઉન્સેલિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા તા. ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ BCA નાં વિદ્યાર્થીઓ માટે IT જોબ – ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં નોંધણી કરાવી હતી. તેમાંથી ૨૦ વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યુ માટે રજૂ થયા અને ૧૦ વિદ્યાર્થીઓ વિવિધ કંપનીઓમાં પસંદ થયા. આ કાર્યક્રમમાં કોડેક્સ લેન્સર, IICL અને શ્રી વેબ સોલ્યુશન્સ જેવી વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓએ કોલેજમાં આવી વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ લીધા હતા. પ્લેસમેન્ટ સેલની સમગ્ર ટીમ દ્વારા યુવા અને ગતિશીલ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાળ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## સંવાદ લેખન સ્પર્ધા



ઉધના કોલેજમાં ગીત, સંગીત, નૃત્ય અને નાટય ધારા અંતર્ગત સંવાદ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વર્ણાત્મક કૌશલ્ય બતાવ્યું હતું. સ્પર્ધામાં દેરીયા કાજોલ (T.Y.B.COM) એ પ્રથમ ક્રમ, ઝા તુલસી (T.Y.B.COM) એ દ્વિતિય ક્રમ અનેથેન્કચન સ્ટેફી (T.Y.B.COM) એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધા આયોજક કોલેજ પ્રાધ્યાપકો પ્રા. સમિક્ષા ઝવેરી અને પ્રા. રશ્મિ પટેલ દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કોલેજ પ્રાધ્યાપક પ્રા. પલક કંસારાએ સેવા આપી હતી.

## પીએચ.ડી.

ઉધના એકેડમીક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી.સી.બી.એ. એન્ડ એસ.ડી.એચ.જી. કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી.ના અંગ્રેજી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી કલ્પેશ દિલીપચંદ્ર કંસારાને અંગ્રેજી વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી ડૉક્ટર ઓફ ફિલોસોફી (Ph.d)ની પદવી એનાયત કરવામાં આવી છે. આ પદવી તેમણે રજૂ કરેલા લઘુશોધ નિબંધનું શિર્ષક "A Critical Study of Screen Adaptation of Peter : The Royal Hunt of the Sun, Equus and Amadeus" અંગેનાં સંશોધન કાર્યનાં ઉપલક્ષમાં એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય Former Head, Department of English, M.T.B. Arts College, Suratના અસોસિએટ પ્રોફેસર Dr. Chaitanya Desaiનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું. સંસ્થા તેમજ કોલેજ પરિવાર તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-9-2022 to 30-9-2022

| Detail | Description | Sep. - 2022 | |
|---|---|---|---|
| User | Visitors | 3893 | |
| | Internet Lab User | 92 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 369 | |
| | Research Scholars | 6 | |
| | Non Teaching Staff | 1 | |
| | Online User | 1658 | |
| | Visitors | 9 | |
| Total | | | 6030 |

Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| September-2022 | 648 | 533 |

Sourse: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2022 | 6 |

Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2022 | 11 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2022 | 7 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in